

બોલિવૂડ શોકમાં ગરકાવ...
એક યુગનો અંત

PAGE NO. 9

પરદેશમાં દેશની મહેંક એટલે

# સ્વદેશ

કેનેડાથી પ્રસિદ્ધ થતું સર્વોત્તમ ગુજરાતી સાપ્તાહિક SWADESH



એમપીમાં 6 વર્ષની બાળકી પર દુષ્કર્મ,
ઠેર ઠેર ચક્કાજામ, પથ્થમારો

PAGE NO. 16

FRIDAY, 28 NOVEMBER, 2025 Vol. 23, No. 46 Pages 20 Tel: 416-996-7755, E-mail : info@swadesh.news Web : www.swadesh.news

# હોંગકોંગ અગ્નિકાંડમાં 80ના મોત, 300થી વધુ ગુમ

## રિનોવેશન માટે બાંધેલા વાંસના કારણે આગ ફેલાઈ, બે ડાયરેક્ટર સહિત કુલ ત્રણ લોકોની ધરપકડ કરાઈ



**હોંગકોંગ**

હોંગકોંગમાં બુધવારે કોમ્પલેક્ષમાં આગ લાગતાં 80થી વધુ લોકોના મોતની પુષ્ટિ થઈ છે જ્યારે 70થી વધુ લોકો ઈજાગ્રસ્ત થયા છે. આ સિવાય 300 લોકો હજુ પણ ગુમ છે. આ હોંગકોંગના ઈતિહાસનો સૌથી મોટો અગ્નિકાંડ છે. ચીની મીડિયાના અહેવાલ અનુસાર 70 ઈજાગ્રસ્તોને હૉસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે જેમાં 16ની હાલત અત્યંત ગંભીર છે. વાંગ ફુક કોર્ટ નામના હાઉસિંગ કોમ્પલેક્ષમાં આગ લાગી હતી. આ કોમ્પલેક્ષમાં કુલ આઠ બ્લોકમાં બે હજારથી વધુ ફ્લેટ છે. આગ ઓલવવા માટે 800 ફાયરફાઈટર્સ ઘટનાસ્થળે તૈનાત છે.

આગ લાગવાનું કારણ હજુ સુધી જાણી શકાયું નથી પરંતુ સ્થાનિક મીડિયા અનુસાર કોમ્પલેક્ષની આસપાસ રિનોવેશનનું કામ ચાલુ હોવાના કારણે આગ લાગી હતી. બિલ્ડિંગમાં રિનોવેશન માટે વાંસનું સ્ટ્રક્ચર બનાવવામાં આવ્યું હતું.

સમગ્ર મામલે ચીનના પ્રમુખ શી જિનપિંગે રિપોર્ટ માંગ્યો છે. દુર્ઘટના બાદ 900 લોકોનો બચાવ કરવામાં આવ્યો છે. મોટી સંખ્યામાં લોકોને કેમ્પમાં શિફ્ટ કરી દેવામાં આવ્યા છે. તપાસ માટે એક વિશેષ ટીમ પણ બનાવવામાં આવી છે. હજુ પણ આગ ઓલવવાના પ્રયાસ કરવામાં આવી રહ્યા છે. 60થી વધુ ઍમ્બ્યુલન્સ પણ ઘટનાસ્થળે તૈનાત કરવામાં આવી છે.

10 કલાકની સતત મહેનત પછી અગ્નિશામકો સાતમાંથી ત્રણ ઈમારતોમાં આગ ઓલવવામાં સફળ થયા હતા. જોકે, ચાર ઈમારતો હજુ પણ આગમાં લપેટાયેલી છે. આગમાં બચી ગયેલા રહેવાસીઓને કામચલાઉ રહેઠાણમાં રહેવાની ફરજ પડી હતી. આગ લાગી છે એ ટાવરમાંના મોટાભાગના ફ્લેટની તમામ ઘરવખરી બળીને રાખ થઈ ગઈ હતી, કરોડોનું નુકસાન થયું હતું.



80થી વધુ લોકોનો જીવ લેનારી વાંગ ફુક કોર્ટમાં લાગેલી આ આગ હોંગકોંગના ઈતિહાસમાં સૌથી ઘાતક અગ્નિકાંડ તરીકે નોંધાઈ છે. આના પહેલાં 1996માં ગાર્લી બિલ્ડિંગમાં લાગેલી આગે 41 લોકોનો જીવ લીધો હતો. હોંગકોંગમાં ઉચ્ચ-ગુણવત્તાવાળા બાંધકામ અને કડક મકાન નિયમોના અમલને કારણે આ પ્રકારની ભીષણ ઘટનાઓ દુર્લભ ગણાય છે. આ ઘટનાએ બાંધકામ સલામતી, અગ્નિ સુરક્ષા ધોરણો અને રહેણાંક સંકુલોમાં નિવારણાત્મક પગલાંઓ પર ફરી ધ્યાન આપવાની આવશ્યકતા ઊભી કરી છે.

# 'વ્હાઇટ હાઉસ નજીક થયેલા હુમલામાં પાક.ના ISIનો હાથ

## ટ્રમ્પના આરોપ બાદ તાલિબાન સરકારનો જવાબ

**વોશિંગ્ટન**

અમેરિકાની રાજધાની વોશિંગ્ટનમાં વ્હાઈટ હાઉસ નજીક બુધવારે ફાયરિંગની ઘટના બની હતી. જેમાં શંકાસ્પદની ઓળખ અફઘાનિસ્તાની નાગરિક તરીકે થઈ છે. આ ઘટનામાં નેશનલ ગાર્ડના બે મેમ્બરને ગંભીર ઈજા પહોંચી હતી. પરંતુ અફઘાનિસ્તાનની તાલિબાન સરકારે આ આરોપો પર ટ્રમ્પ સરકારને જવાબ આપ્યો છે.

તાલિબાન સરકારે વ્હાઈટ હાઉસ નજીક થયેલા હુમલામાં કોઈપણ પ્રકારથી અફઘાનિસ્તાનની ભૂમિકા નથી. અફઘાનિસ્તાનના તાલિબાની પ્રવક્તા જબીઉલ્લાહ મુજાહિદે કહ્યું કે, 'જે શંકાસ્પદને પકડ્યા છે, તેને પાકિસ્તાનની ગુપ્તચર એજન્સી ISIએ ટ્રેનિંગ આપી હતી.'

અફઘાનિસ્તાન સરકારે કહ્યું કે, 'અમે આ વાતની પુષ્ટિ કરીએ છીએ કે અમેરિકન હુમલાખોરની અફઘાનિસ્તાન સાથે કોઈ લિંક નથી. પુરાવાઓથી ખબર પડે છે કે પાકિસ્તાનની ગુપ્તચર એજન્સીએ હુમલાખોરોને ટ્રેનિંગ આપી હતી. હુમલાખોર પાકિસ્તાનના ઈસ્લામાબાદ થઈને અમેરિકા પહોંચ્યા હતા. આ ઘટના સાથે કોઈપણ રીતે અફઘાનિસ્તાનને જોડવું સંપૂર્ણ રીતે ખોટું છે.'




અમેરિકાના ડિપાર્ટમેન્ટ ઓફ હોમલેન્ડ સિક્યોરિટીના અનુસાર, વ્હાઈટ હાઉસથી થોડે દુર તૈનાત નેશનલ ગાર્ડ પર હુમલાખોરે ઘાત લગાવીને હુમલો કર્યો હતો. હુમલાખોરની ઓળખ રહમાનુલ્લાહ લકનવાલ તરીકે થઈ છે. અમેરિકાના રાષ્ટ્રપ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે આ ઘટનાને આતંકવાદી હુમલો ગણાવ્યો છે. તેમણે સુરક્ષા માટે વધુ 500 સૈનિકોને તૈનાત કરવાનો નિર્દેશ આપ્યો છે. ટ્રમ્પે કહ્યું કે, '2021માં અફઘાનિસ્તાનથી અમેરિકામાં જે લોકોએ એન્ટ્રી કરી હતી, તેમની ફરી તપાસ કરવામાં આવે.'

રિપોર્ટ્સ અનુસાર, વ્હાઈટ હાઉસના શંકાસ્પદ હુમલાખોરની ઓળખ રહમાનુલ્લાહ લકનવાલ તરીકે થઈ છે, જેની ઉંમર 29 વર્ષ છે. તે અફઘાનિસ્તાનનો નાગરિક છે. તે વર્ષ 2021માં અમેરિકામાં પ્રવેશ્યો હતો. શરૂઆતી તપાસમાં માનવામાં આવી રહ્યું છે કે, તેણે એકલાએ જ આ હુમલાને અંજામ આપ્યો. જોકે, તેની ઓળખ સંબંધી કેટલાક પાસાઓની હજુ પુષ્ટિ કરાઈ રહી છે.









# સિનીયર ગ્રુપ બ્રામ્પ્ટનની મીટિંગ, કલાકારોએ કાર્યક્રમને યાદગાર બનાવ્યો

## જિંદગી એક સફર, એકતા દિન અને પૂ.ડોંગરેજી મહારાજની પુણ્ય તિથિ કાર્યક્રમના મુખ્ય વિષય રહ્યાં



**બ્રામ્પ્ટન**

ગુજરાતી સિનીયર ગ્રુપ ઓફ બ્રામ્પ્ટનની નવેમ્બર ૨૦૨૫ની મીટીંગ શીનગર બેંકવેટ હોલમાં 23મીએ રાખવામાં આવી હતી. શરૂઆતમાં 'ॐ તત્શ્રીનારાયણ' પ્રાર્થના થયા બાદ નાસ્તામાં સ્વાદિષ્ટ ખમણ સાથે તળેલા મરચા અને સેવ ઉસળ, મોતીચૂરના લાડુની મજા સૌએ માણી હતી. દક્ષાબેન રાજાએ જિંદગી એક સફર"અને "ચકડોળ એક જિંદગી" તેમજ એકતા દિન, સરદાર વલ્લભભાઈ પટેલનો જન્મ દિવસ અને પૂ.ડોંગરેજી મહારાજની પુણ્ય તિથિ આ કાર્યક્રમના મુખ્ય વિષય હોવાની જાહેરાત કરી હતી.

દક્ષાબેન રાજાએ કમિટી મેમ્બર્સ, કીચન કમિટી, તેમજ મેમ્બર્સ ભાઈ-બહેનોનું ભાવથી સ્વાગત કર્યા બાદ સરદાર વલ્લભભાઈ પટેલની જન્મ-જયંતિ હોવાથી તેમણે દેશની રચના માટે આપેલા યોગદાનને યાદ કરાયું હતુ. આ સાથે જ ૧૧૦૦ નિઃશૂલ્ક કથા કરનાર પૂ. ડોંગરેજી મહારાજની છબી સમક્ષ સૌએ પ્રણામ કર્યા હતા. ત્યારબાદ ડિસેમ્બર માસની થીમ ક્રિસમસ પાર્ટી વિશે જાણકારી અપાઈ હતી. હર્ષદ પટેલે ૨૦૨૬ જાન્યુઆરીથી ઓગષ્ટ સુધીની મીટીંગ સ્થળ ગોરમેડો લાયબ્રેરી ખાતે યોજવાની જાણકારી રજૂ કરી હતી. ત્યારબાદ નવેમ્બરમાં પંજાબી, રાજસ્થાની અને સંસ્કૃત ભાષામાં પોતાની શુભેચ્છા વ્યક્ત કરી હતી. આમંત્રિત મહેમાન શિલ્પેશભાઈ પરીખનું સ્વાગત દક્ષાબેન રાજાએ કર્યું હતુ. અરૂણભાઈ દવેએ બે ફિલ્મી ગીતો રજૂ કર્યા હતા. ત્યારબાદ theme મુજબ કાર્યક્રમની શરૂઆત કરવામાં આવી હતી. વલ્લભભાઈ પટેલની ત્યારબાદ આર્યા પટેલે શિવ તાંડવ નૃત્ય રજૂ કરતા ત્રણે બાલકલાકારને સૌએ તાળીઓથી વધાવી લીધા હતા. દક્ષાબેન રાજાએ તેઓને gift - certificate આપી આશીર્વાદ પાઠવ્યા હતા. સંસ્થાના પ્રોગ્રામ માટે દેવયાનીબેનને મદદ કરનાર કરણ, કૃણાલ, જીલ, શ્રેયને પ્રમાણપત્ર એનાયત થયા હતા.

### સભ્યોના જન્મદિવસ અને લગ્નતિથિની ઉજવણી, ફિલ્મી ગીતો ગવાયા, પ્રમાણપત્રો અને ઈનામો આપી કલાકારોને પ્રોત્સાહિત કરાયા

જે તે મેમ્બર્સની બર્થ ડે અને એનેવર્સરી હોય, તેની ઉજવણી કરાઈ હતી. સાથે દક્ષાબેન રાજાની 85મી વર્ષગાંઠ ઉજવવામાં હોવાથી હર્ષદભાઈ-રંજનબેન - મનુભાઈ તેમજ કમિટી મેમ્બર્સે તેમનું ફૂલગુચ્છો આપી, શાલ ઓઢાડી બહુમાન કર્યું હતુ. પદમાબેન કંસારાએ સ્પેશિયલ બર્થ ડે ગીત રજૂ કર્યું હતુ. શિલાબેન અગ્રવાલે મરાઠી, જન્મ જયંતિની સંદર્ભમાં પદમાબેન કંસારા- પ્રફુલબેન પટેલે સુંદર ડાન્સ પ્રસ્તુત કર્યો હતો. ઝવેરભાઈ દેસાઈએ, વલ્લભભાઈ પટેલના પોશાકમાં સજ્જ થઈ એકતા દિનનો નારો લગાવ્યો હતો. અરવિંદભાઈ પટેલની ગ્રાન્ડ ડોટર એવા, આર્યા અને અર્નાએ ક્લાસિકલ ડ્રેસીંગ સાથે સુંદર શૈલીમાં 'ભરતનાટ્યમ'પ્રસ્તુત કર્યું હતુ. જ્યોતિબેન શાહે , શિલાબેન ને ગાંધીની ગેરહાજરીમાં ડીસેમ્બરમાં યોજનારા Wreath Compititionની જાહેરાત કરી હતી. ત્યારબાદ શિલાબેન ને ગાંધીના નેતૃત્વ નીચે કૌશિકભાઈ તથા કનકબેન એન્ડ ગ્રુપે 'ચકડોળ એક જિંદગી' અંતર્ગત મેળાના દ્રષ્ય સાથે, "ચરર ચરર મારું ચકડોળ ચાલે" ગીતના માધ્યમથી નાનકડી નૃત્ય નાટિકા રજૂ કરી સૌને ખૂબ આનંદિત કર્યા હતા. સુંદર વસ્ત્રાલંકાર સાથે સજ્જ થઈ, મેળામાં સૌ કલાકારોએ સુંદર અભિનય સાથેની નૃત્યનાટિકાને યાદગાર બનાવી દીધી હતી. ત્યારબાદ દેવયાનીબેન પટેલ અને દક્ષાબેન એમ પટેલના માર્ગદર્શનથી તૈયાર થયેલ વિષય 'જિંદગી એક સફર'અંતર્ગત ઈન્દુબેન-જગદીશભાઈ પટેલ એન્ડ ગ્રુપે, માનવ જીવનની વિવિધ અવસ્થાને આવરી લેતો "જિંદગી એક સફર" ટાઈટલ હેઠળ એક સુંદર પ્રોગ્રામ જરૂરી તમામ props સાથે આબેહૂબ રજૂ કર્યો હતો. દક્ષાબેન રાજાએ કમિટી, કીચન કમિટી, અનીલભાઈ જેઠવા, શિલાબેન ને ગાંધી, જ્યોતિબેન શાહ, દક્ષાબેન એમ.પટેલ, દેવયાનીબેન પટેલ અને સુંદર ફોટોગ્રાફી- વિડીયોગ્રાફી માટે કરણ, દેવયાનીબેન પટેલને, તેમના પ્રોગ્રામ માટે બધી જ રીતે મદદ કરનાર કૃણાલ, જીલ અને શ્રેયનો વિશેષ આભાર માન્યો હતો.

# કેનેડામાં ડિસેમ્બરમાં સામાન્ય કરતાં વધુ ઠંડીનો વર્તારો : બરફ પડવાની સંભાવના



**પોલાર વોર્ટેક્સના આગમન સાથે અર્થ કેલગરી શહેરના રસ્તાઓ બરફથી ઢંકાયા**

**ઓન્ટેરિયો**

તાજેતરના વર્ષોમાં કેનેડિયનોએ પોલાર વોર્ટેક્સની ઠંડીનો સામનો કરવાનો આ પહેલો પ્રસંગ નથી, પરંતુ આના કારણે તાપમાન વર્ષના આ સમય કરતા નીચે જશે. ગ્લોબલ ન્યૂઝના હવામાનશાસ્ત્રી એન્થોની ફાર્નેલે જણાવ્યું હતું કે, "નવેમ્બરના સમાન હવામાન પેટર્ન ધરાવતા પાછલા વર્ષોને જોતા કમ્પ્યુટર મોડેલો અને એનાલોગ કેનેડામાં ડિસેમ્બરમાં સામાન્ય કરતાં વધુ ઠંડી રહેવા તરફ ઈશારો કરી રહ્યા છે.

યુએસ નેશનલ ઓશનિક એન્ડ એટમોસ્ફેરિક એડમિનિસ્ટ્રેશન (NOAA) અનુસાર, તે મૂળભૂત રીતે "ઠંડી હવાનો વિશાળ વિસ્તાર" છે. આર્કટિક પોલાર વોર્ટેક્સ પૃથ્વીની સપાટીથી લગભગ 10-30 મીટર ઉપર ઉત્તર ધ્રુવને ઘેરી લે છે. જ્યારે આ નીચા દબાણવાળી સિસ્ટમ મજબૂત હોય છે, ત્યારે તે જેટ સ્ટ્રીમને પૃથ્વીની આસપાસ ફરતી રાખે છે. જો કે, શિયાળા દરમિયાન ઉત્તર ધ્રુવ પર પોલાર વોર્ટેક્સ વિસ્તરે છે, જે ઠંડી હવાને દક્ષિણ તરફ મોકલે છે. જેમ જેમ આ સિસ્ટમ નબળી પડે છે, તેમ તેમ ઠંડી, આર્કટિક હવા તૂટી શકે છે અને દક્ષિણ તરફ સ્થળાંતર કરી શકે છે, જે તેની સાથે પુષ્કળ ઠંડી હવા લાવે છે. પરિણામે ફ્લોરિડા જેવા દક્ષિણ વિસ્તારોમાં આર્કટિક હવામાનનો અનુભવ થઈ શકે છે. NOAA તેની વેબસાઈટ પર કહે છે. શિયાળો સત્તાવાર રીતે 21 ડિસેમ્બર સુધી શરૂ થતો નથી, પરંતુ પોલાર વોર્ટેક્સના આગમનનો અર્થ કેલગરી શહેરને રાતોરાત ઢાંકી દેનારા ભારે બરફને કારણે ઘણા રસ્તાઓ લગભગ દુર્ગમ બની ગયા હતા. પોલીસે કેટલીક શેરીઓ બંધ કરી દીધી હતી, જ્યારે કટોકટી ટીમો ક્ષતિગ્રસ્ત વાહનો અને કાટમાળને દૂર કરવા માટે કામ કરી રહી હતી. દક્ષિણપૂર્વ બ્રિટિશ કોલંબિયાથી દક્ષિણ સાસ્કાચેવાન સુધી ફેલાયેલા મોટા વિસ્તારમાં ભારે હિમવર્ષાની ચેતવણી આપવામાં આવી હતી, જેમાં કેટલાક વિસ્તારોમાં 20 સેમી સુધી બરફ પડવાની ધારણા છે. ફાર્નેલે જણાવ્યું કે, "શરૂઆતમાં, ડિસેમ્બરના પહેલા થોડા દિવસો દરમિયાન દેશના પૂર્વ ભાગમાં ઠંડા દિવસો સાથે હળવા દિવસો સાથે તાપમાનમાં કેટલાક મોટા ફેરફારો જોવા મળે છે. કેનેડાનો પશ્ચિમ ભાગ આ અઠવાડિયે મોસમી તાપમાનથી નીચે રહેવાની અને ડિસેમ્બરના મોટા ભાગ સુધી તે રીતે રહેવાની શક્યતા વધુ છે, પર્યાવરણ કેનેડાએ ચેતવણી આપી હતી કે ભારે પવન ફૂંકાતા બરફ પડશે, જેનાથી વિઝિબિલીટી ઓછી થશે અને વાહનચાલકો માટે મુસાફરી મુશ્કેલ બનશે.

# રજાઓની મોસમમાં કેનેડિયનો 52 મિલિયન પેકેજો મોકલવા તૈયાર

**ટોરોન્ટો**

રજાઓની શિપિંગ સીઝન પહેલેથી જ પૂરજોશમાં ચાલી રહી છે, અને પુરોલેટરે જાહેર કર્યું છે કે તે કેનેડિયનો પાસેથી કેટલા પેકેજો હેન્ડલ કરવાની અપેક્ષા રાખે છે. કારણ કે તેઓ દેશભરમાં પ્રિયજનોને ભેટો મોકલે છે.

1 નવેમ્બરથી 24 ડિસેમ્બર દરમિયાન, પુરોલેટરે અપેક્ષા રાખી છે કે તેણે કેનેડામાં કુલ 52 મિલિયન પેકેજોનું સંચાલન અને પ્રક્રિયા કરી હશે, સરેરાશ દરરોજ લગભગ 1.3 મિલિયન પેકેજો છે, આ 2024 કરતા નોંધપાત્ર રીતે વધારે છે, જ્યારે પુરોલેટરે અંદાજ લગાવ્યો હતો કે, તેણે રજાઓ દરમિયાન 43 મિલિયન પેકેજો હેન્ડલ કર્યા હતા. અમારું નેટવર્ક રજાઓના ધસારો માટે તૈયાર છે, ખાતરી કરે છે કે વ્યવસાયો વિશ્વાસ સાથે શિપિંગ કરી શકે અને ગ્રાહકો કેનેડા અને તેનાથી આગળ તેમની ડિલિવરી પ્રાપ્ત કરી શકે.

આ ડેટા ત્યારે આવ્યો છે જ્યારે કેનેડા પોસ્ટ અને પોસ્ટલ વર્કર્સ યુનિયન કહે છે કે તેઓ "સૈદ્ધાંતિક રીતે કરાર" પર પહોંચ્યા છે જે પક્ષોને નવા કરાર તરફ એક પગલું નજીક લાવે છે અને વર્ષોથી ચાલી આવતી મજૂર અનિશ્ચિતતાનો અંત લાવે છે. કેનેડિયન યુનિયન ઓફ પોસ્ટલ એમ્પ્લોયીઝે શુક્રવારે જણાવ્યું હતું કે, તે હડતાળની કાર્યવાહી સ્થગિત કરવા અને અંતિમ વાટાઘાટોમાં પ્રવેશવા માટે સંમત થશે, જ્યારે રાષ્ટ્રીય મેઈલ કેરિયર કોઈપણ પ્રકારની લોકઆઉટ પ્રવૃત્તિને સ્થગિત કરશે.

SHIV FINANCIAL SERVICES
Serving Community Since 2009
"Proper Insurance Coverage is Peace of Mind"
Super Visa Insurance
&
Visitor to Canada
Medical Insurance
CALL FOR FREE QUOTE
- Monthly / Annual Plans Available
- Partial Refund if Parents Leave Early
- Full Refund if No Visa Issued
- Upto 45% Discount Available

JAGDISHBHAI SEVAK
Insurance Broker
647-236-7620
sevak_2007@hotmail.com • www.shivfinancialservices.ca

# કોર્ટના આદેશ બાદ કેનેડા નાગરિકતાના કાયદામાં સુધારો કરશે

## ભારતીય મૂળના પરિવારો તેમજ વિદેશમાં જન્મેલા કેનેડિયનોને લાભ થવાની સંભાવના, ઈમિગ્રેશન લોઅર્સ એસોસિયેશન દ્વારા નિર્ણયનું સ્વાગત

**ટોરોન્ટો**

કેનેડા બિલ સી-3 દ્વારા તેના નાગરિકતા કાયદાઓમાં મોટી ફેરબદલ કરશે. આ સુધારાથી હજારો ભારતીય મૂળના પરિવારો તેમજ વિદેશમાં જન્મેલા કેનેડિયનોને લાભ થવાની સંભાવના છે. ઈમિગ્રેશન મંત્રાલયે જાહેર કરેલા બિલનો હેતુ સીસ્ટમમાં લાંબા સમયથી રહેલી વિસંગતીમાં સુધારો કરવાનો તેમજ કેનેડાના નાગરિકતા માળખાને આધુનિક, વૈશ્વિક ગતિશીલ પરિવારોની વાસ્તવિકતા સાથે સુસંગત કરવાનો છે. ઈમિગ્રેશન મંત્રી લેના મેટલેગે ડિયાબના જણાવ્યા અનુસાર આ કાયદો ગેરવાજબી રીતે બાકાત રહી ગયેલાને નાગરિકતા પાછી આપવા ઉપરાંત કેનેડિયન નાગરિકત્વની પ્રમાણિકતા અને સમાવિષ્ટતા ફરી સ્થાપિત કરશે.

મુખ્ય સમસ્યા 2009માં રજૂ કરાયેલા પ્રથમ પેઢી મર્યાદામાંથી ઉદભવી છે, જેમાં કેનેડાની બહાર જન્મેલા અથવા દત્તક લેવાયેલા બાળકોને એ જ શરતે નાગરિકતા મળતી જેમના માતાપિતામાંથી કોઈપણ એકનો જન્મ કેનેડામાં થયો હોય અથવા તે ત્યાંના નાગરિક હોય.




આ નિયમને કારણે અનેક લોકો લોસ્ટ કેનેડિયન્સ તરીકે ઓળખાવા લાગ્યા હતા. તેમના મતે તેઓ નાગરિક તો હતા પણ તેમને કાનૂનની માન્યતા નહોતી મળી. ડિસેમ્બર 2023માં ઓન્ટેરિયો સુપીરીયર કોર્ટે ચૂકાદો આપ્યો હતો કે, આ જોગવાઈ ગેરબંધારણીય છે. સરકારે ચૂકાદાનો સ્વીકાર કર્યો અને તેની સામે અપીલ ન કરવાનો નિર્ણય કરીને ન્યાયપૂર્ણ અને વ્યવહારુ સીસ્ટમની જરૂર હોવાનું માન્ય કર્યું હતુ.

હવે બિલ સી-3 અસરગ્રસ્તોને નાગરિકતા આપીને આ ખામી સુધારવા માગે છે અને નવી નોંધપાત્ર જોડાણ પરીક્ષણ રજૂ કરે છે. આ નિયમ હેઠળ વિદેશમાં જન્મેલા કેનેડિયન વાલીએ બાળકના જન્મ અથવા દત્તક લેવા પહેલા 1095 સંચિત દિવસ અથવા ત્રણ વર્ષ કેનેડામાં પસાર કર્યા હોય, તેમના બાળકો કેનેડાની નાગરિકતા મેળવી શકશે. આ અભિગમ અમેરિકા, યુ.કે. અને ઓસ્ટ્રેલિયા જેવા દેશોમાં નાગરિકતા નીતિ સમાન હોવાથી કેનેડા આંતરરાષ્ટ્રીય ધોરણો સાથે મેળ ખાય તે સુનિશ્ચિત કરાશે.

કેનેડાની કોર્ટે આ ફેરફાર લાગુ કરવા માટે જાન્યુઆરી ૨૦૨૬ની સમયસીમા નક્કી કરી છે. ઈમિગ્રેશન વકીલોના મતે આ પ્રક્રિયા શરૂ થતા જ નાગરિકતાના આવેદનમાં ઝડપી વધારો થશે. કેનેડિયન ઈમિગ્રેશન લોઅર્સ એસોસિયેશન (સીઆઈએલએ)એ પણ આ સુધારાનું સ્વાગત કર્યું છે.

# નાગરિકોની ખર્ચમાં કાપની નીતિને કારણે રિટેલર્સ ઉપર બ્લેક ફ્રાઇડેનું દબાણ વધ્યું




## ચીજવસ્તુઓની ઉંચી કિંમત વેચાણમાં અવરોધ ઉભો કરે તેવી ભીતિ

**ટોરોન્ટો**

રજાઓની મોસમમાં કેનેડિયન ખરીદદારોની સંખ્યા વધે તેવી અપેક્ષા હોવાથી વ્યવસાયો પર બ્લેક ફ્રાઈડે વેચાણ શરૂ કરવા અને વહેલા વેચાણ શરૂ કરવા માટે દબાણ છે. રિટેલ કાઉન્સિલ ઓફ કેનેડા (RCC) અનુસાર, આપણે તાજેતરના વર્ષોમાં જે જોયું છે તેનાથી વધુ: વ્યવસાયો હેલોવીન પછીથી ડિસેમ્બરના અંત સુધી ડીલ્સ ઓફર કરવા માટે તેમના પ્રમોશનનો વિસ્તાર કરે છે. RCC સાથે માર્કેટિંગ અને સભ્યપદના વાઈસ પ્રેસિડેન્ટ સાન્ટો લિગોટીએ જણાવ્યું હતું કે, "બ્લેક ફ્રાઈડે હવે એક દિવસ કરતાં વધુ એક સીઝન જેવો છે. કેટલાક નાના સ્ટોર્સ માટે, મોટા ઉદ્યોગ સાથે ગતિ જાળવી રાખવા અને ગ્રાહકોની અપેક્ષાઓ પૂર્ણ કરવા તેઓ હવે બ્લેક ફ્રાઈડે ડીલ્સ ઓફર કરી રહ્યા છે. પરંતુ આ વર્ષે મોટો પડકાર વધતી કિંમતો છે. લોકો આ રજાઓની મોસમમાં ઓછો ખર્ચ કરવાની યોજના બનાવી રહ્યા છે. લોકોને આકર્ષિત કરવા માટે કેટલાક નાના વ્યવસાયો, જેમ કે વિન્ડસર, ઓન્ટેરિયોમાં સ્થાનિક ભેટ અને ઘરગથ્થુ વસ્તુઓની દુકાન વુલ્ફ અને રેબેલ, તેમના પ્રથમ બ્લેક ફ્રાઈડે સેલને આગળ ધપાવી રહ્યા છે.

VdeVના હોમગુડ્સ અને ફર્નિચર સ્ટોરના માલિક ફેની વર્નોલ ડી વિલર્સ કહે છે કે, બ્લેક ફ્રાઈડે સેલનું આ તેમનું બીજું વર્ષ છે, પરંતુ તેમને ખ્યાલ છે કે ગ્રાહકો આજકાલ આવી જ અપેક્ષા રાખે છે. જ્યારે તેમણે કહ્યું કે ક્વિબેક અને ઑન્ટારિયોમાં તેમના ત્રણ સ્ટોર્સ માટે વેચાણ સારું ચાલી રહ્યું છે, ત્યારે તેમણે કહ્યું કે તેમણે નોંધ્યું છે કે, ગ્રાહકોનું બજેટ સીમિત છે. આ વર્ષે બેસ્ટ બાય કેનેડાએ જણાવ્યું હતું કે વેચાણ 3 નવેમ્બરથી શરૂ થયું હતું, જે ગયા વર્ષના સમાન સમય જેટલું જ છે. સેન્ટ્રલ સ્ટોર લીડર જો કોલુચી કહે છે કે જ્યારે બેસ્ટ બાયની સૌથી ઓછી ઓફર્સ હવે 28 નવેમ્બર સુધી મળી શકે છે, ત્યારે કંપની નવા વર્ષ સુધી ડિસ્કાઉન્ટ આપશે. દરમિયાન વોલમાર્ટ કહે છે કે, તે ગયા વર્ષની સરખામણીમાં કેટલીક વધુ સારી ડીલ્સ ઓફર કરી રહ્યું છે, પરંતુ આગામી કેટલાક અઠવાડિયામાં વેચાણ મજબૂત રહેવાની અપેક્ષા રાખે છે.

# ટોરોન્ટોમાં પોલીસ નવા વિસ્તારો અને કોમ્યુનિટી પોલીસિંગ પ્રોગ્રામ વિસ્તારાશે

## ચાર વિસ્તારોમાં 16 અધિકારીઓને તૈનાત કરવા તૈયારી

**ટોરોન્ટો**

ટોરોન્ટો પોલીસ નવા વિસ્તારો અને TTCને સમાવિષ્ટ કરવા કોમ્યુનિટી પોલીસિંગ પ્રોગ્રામનો વિસ્તાર કરશે. ટોરોન્ટો પોલીસ કહે છે કે, તેઓ ચાર નવા પડોશમાં કોમ્યુનિટી પેટ્રોલિંગનો વિસ્તાર કરી રહ્યા છે અને TTCના બે વિભાગોમાં તેમની હાજરી વધારી રહ્યા છે. બુધવારે એક પત્રકાર પરિષદમાં ટોરોન્ટો પોલીસ વડા માયરોન ડેમકીવે જણાવ્યું હતું કે, સેવા આ વર્ષના અંત સુધીમાં તેના પડોશ સમુદાય અધિકારી કાર્યક્રમના ભાગરૂપે ચાર વિસ્તારોમાં 16 અધિકારીઓને તૈનાત કરશે. આ અધિકારીઓ ડફરિન ગ્રોવ, બેનબરી-ડોન મિલ્સ/વિક્ટોરિયા વિલેજ, વેક્સફોર્ડ-મેરીવેલ અને ઈટોબીકોક સિટી સેન્ટરમાં કામ કરશે. દરેક પડોશમાં ચાર સમુદાય અધિકારીઓ પ્રાપ્ત કરશે. ડેમકિવે જણાવ્યું હતું કે, યુનિયન અને બ્લૂર સ્ટેશનો પર "પ્રાથમિકતા પેટ્રોલિંગ" પણ હશે. તેમણે ઉમેર્યું કે, અધિકારીઓ ટીટીસીના સ્પેશિયલ કોન્સ્ટેબલ્સ, ટીટીસી કોમ્યુનિટી એંગેજમેન્ટ ઓફિસર્સ અને સિટી સ્ટાફ સાથે કામ કરવાનું ચાલુ રાખશે.






તંત્રી સ્થાનેથી

# બોલીવુડના વન એન્ડ ઓન્લી હીમેન ધર્મેન્દ્રની અલવિદા

બોલિવૂડના દિગ્ગજ અભિનેતા ધર્મેન્દ્રનું 24 નવેમ્બરના રોજ 89 વર્ષની વયે નિધન થતાં ફિલ્મ ઈન્ડસ્ટ્રી શોકમાં ગરકાવ થઈ ગઈ છે.



તંત્રી - સ્વદેશ

તેઓ લાંબા સમયથી બીમાર હતા અને મુંબઈની બ્રીચ કેન્ડી હોસ્પિટલમાં દાખલ હતા. જો કે, હાલમાં જ તેમને હોસ્પિટલમાંથી રજા આપવામાં આવી હતી અને ઘરે જ તેમની સારવાર ચાલી રહી હતી. 1935માં 8મી ડીસેમ્બરે પંજાબના લુધિયાણા જિલ્લાના નસરાલીમાં રહેતા શિક્ષકના ઘરે ધર્મેન્દ્રનો જન્મ થયો હતો. ગામડામાં જન્મેલા આ બાળકે એક અભિનેતા અને સાંસદ તરીકે ભૂમિકા ભજવી. જો કે, મોટાભાગનો સમય બોલીવુડની ફિલ્મો માટે આપ્યો હતો. 65 વર્ષ સુધીની ફિલ્મી સફર દરમિયાન તેમણે 300થી વધુ ફિલ્મોમાં કામ કરી તેમણે સાબિત કર્યું કે, પ્રતિભા અને મહેનત કરાય તો કોઈપણ કાર્યમાં અવરોધ લાંબો સમય રહેતો નથી. રોમેન્ટિક હીરો, એકશન સ્ટાર કે પછી કોમેડીની ધમાલ, ધર્મેન્દ્રએ દરેક રોલમાં પોતાની નિષ્ઠા સાથે પ્રાણ ફૂંક્યા હતા.

એટલે જ તેમને હિંદી ફિલ્મ સિનેમાના પહેલા હી-મેન, મેચો મેન સહિતનાં બિરૂદોથી નવાજાયા હતા. ધર્મેન્દ્રે શોલે સહિતની એક-એકથી ચડિયાતી જબરદસ્ત સુપરહીટ ફિલ્મોમાં કાબિલેદાદ અભિનય આપ્યો હતો. ધર્મેન્દ્રના માથે રાજેન્દ્ર કુમાર, રાજેશ ખન્ના કે અમિતાભ બચ્ચનની જેમ કદી સુપરસ્ટારનું છોગું ના લાગ્યું, પણ લોકોચાહના બાબતે તે આ તમામ અભિનેતા સાથે રહ્યા. હિંદી સિનેમાની સૌથી સફળ ફિલ્મ શોલે' સફળતાની રીતે ધર્મેન્દ્રની કારકિર્દીનું સર્વોચ્ચ શિખર છે પણ શોલે'ની પહેલાં અને પછી પણ ધર્મેન્દ્રનો દબદબો હતો અને હંમેશાં રહ્યો.

ધર્મેન્દ્રના સમકાલીન કલાકારોમાંથી મોટાભાગના બહુ લાંબો સમય પહેલાં જ પરવારી ગયા છે. અલબત, અમિતાભ બચ્ચન હજુ સક્રિય છે પણ બચ્ચને વચ્ચે લાંબો બ્રેક લઈ લીધો હતો. જ્યારે ધર્મેન્દ્ર નોન-સ્ટોપ સાડા છ દાયકા લગી ફિલ્મોમાં કામ કરતા રહ્યા. 1960થી 2004 સુધીનાં 45 વર્ષ સુધી તો એક પણ વર્ષ એવું નથી ગયું કે જ્યારે ધર્મેન્દ્રની બે-ત્રણ ફિલ્મો રિલીઝ ના થઈ હોય. 1980ના દાયકામાં ધર્મેન્દ્રે માર-ધાડવાળી ફિલ્મો ધડાધડ સાઈન કરવા માંડી પછી તો વરસમાં 10-10 ફિલ્મો રિલીઝ થતી રહી હતી. ઘણાં વરસમાં તો 12 ફિલ્મો રિલીઝ થઈ. મતલબ કે, દર મહિને સરેરાશ એક ફિલ્મ રિલીઝ થઈ છે.

ધર્મેન્દ્રે 1960માં આવેલી દિલ ભી તેરા હમ ભી તેરે'થી શરૂ કરીને 2024માં આવેલી તેરી બાતોં મે ઐસા ઉલઝા જિયા'સુધીમાં 65 વર્ષની કારકિર્દીમાં 300થી વધારે ફિલ્મો કરી અને દિનેશ વિજાનની `ઈક્કીસ'આવતા વરસે રિલીઝ થવાની છે એ જોતાં ધર્મેન્દ્રની હિંદી સિનેમામાં હાજરી તેમની અંતિમ વિદાય પછી પણ વર્તાશે. ધર્મેન્દ્ર બધાથી અલગ હતા અને તેમને જોઈને પહેલી વાર હિંદી સિનેમાના દર્શકોને સાચા અર્થમાં હેન્ડસમ કોને કહેવાય એ વાતનો અહેસાસ થયો હતો. સાવ મડદાલ હીરો સાથે ફિલ્મો કરતી મીનાકુમારી સહિતની એક્ટ્રેસીસને પણ આ વાતનો અહેસાસ થયો, તેથી ધર્મેન્દ્ર એ જમાનાની હીરોઈનો સાથે કામ કરવામાં પણ છવાઈ ગયેલા. 1960ના દાયકાની શરૂઆતમાં ધર્મેન્દ્ર સાથે કામ કરીને તેમનું સાનિધ્ય પામવા હીરોઈનોમાં પડાપડી થતી. 1960ના દાયકામાં ફિલ્મી મેગેઝિનોમાં ધર્મેન્દ્રના હીરોઈનો સાથેના ગરમાગરમ રોમાન્સની ગોસિપો છપાતી અને એ વાંચવા માટે લોકોમાં ભારે ઉત્સુકતા રહેતી. ધર્મેન્દ્ર સાથે કામ કરનારી તમામ હીરોઈન તેમના પ્રેમમાં પડી જતી એવું કહેવાતું.

ધર્મેન્દ્રનું હિંદી ફિલ્મોમાં યોગદાન પહેલા મરદાના હીરોથી બહુ વધારે છે. શર્મિલા ટાગોર સાથેની અનુપમા, નૂતન સાથેની બંદિની, મીના કુમારી સાથેની ફૂલ ઔર પથ્થર વગેરે આવી ફિલ્મો છે. ધર્મેન્દ્રે કારકિર્દીની શરૂઆત રોમેન્ટિક ફિલ્મોથી કરી હતી. 1970ના દાયકામાં ટ્રેન્ડ બદલાતાં એક્શન ફિલ્મો તરફ વળ્યા પછી સુપરહીટ ફિલ્મોની વણઝાર કરી નાખી હતી. એ પહેલાં ધર્મેન્દ્ર પોતાના અભિનયથી પણ સૌને પ્રભાવિત કરી ચૂક્યા હતા. સત્યકામ તો ધર્મેન્દ્રની કારકિર્દીમાં માઈલસ્ટોન જ છે પણ એ સિવાય પણ ધર્મેન્દ્રે અનેક ફિલ્મોમાં લાજવાબ અભિનય કર્યો છે. તેની ઈમેજ રોમેન્ટિક હીરોમાંથી એક્શન હીરો તરીકેની બની રહી હતી, ત્યારે પણ તેમણે ચૂપકે ચૂપકે, પ્રતિજ્ઞા વગેરે ફિલ્મોમાં અદભુત કોમેડી કરીને પોતાની એક્ટિંગની પ્રતિભાનો પરિચય આપ્યો.

હિંદી ફિલ્મોમાં સૌથી સંવેદનશીલ અને અલગ જ પ્રકારની ફિલ્મો બનાવનારા સર્જકોમાં એક નામ ઋષિકેશ મુખરજીનું છે. ઋષિદા સાથે ધર્મેન્દ્રએ અનુપમા, મંઝલી દીદી, સત્યકામ, ગુડ્ડી, ચૂપકે ચૂપકે, ચૈતાલી એમ છ ફિલ્મો કરી હતી. ધર્મેન્દ્ર પર ફિલ્માવાયેલાં ગીતોએ પણ વરસો સુધી ચાલકોના દીલમાં રાજ કર્યું છે. અમિતાભ બચ્ચન સાથે મળીને તેમણે ઘણી ફિલ્મોમાં કામ કર્યું છે. ખાસ વાત એ છે કે અમિતાભ બચ્ચન અને ધર્મેન્દ્ર એવા દિગ્ગજ કલાકારોમાંથી એક હતા જેઓ આજે પણ ફિલ્મોની દુનિયામાં સક્રિય રહ્યા છે.

રાજકીય કારકીર્દીમાં તેમણે પાંચ વર્ષ વીતાવ્યા, બીકાનેરથી 14મી લોકસભામાં 2004થી 2009 સુધી સાંસદ રહેલા ધર્મેન્દ્રની રાજકીય કારકિર્દી પણ એટલી જ ચર્ચામાં રહી જેટલી તેમની ફિલ્મી કારકિર્દી ચર્ચામાં રહી. ધર્મેન્દ્રની રાજનીતિની શરૂઆત એવા સમયે થઈ જ્યારે કોંગ્રેસે પોતાના પૂર્વ સાંસદ રામેશ્વર ડૂડીને ફરીથી ચૂંટણી મેદાનમાં ઉતાર્યા. ભાજપે આ મુકાબલામાં ફિલ્મી સ્ટાર અને યુવાનોના દિલ પર રાજ કરનારા ધર્મેન્દ્રને ઉમેદવાર જાહેર કર્યા. ચૂંટણી દરમિયાન જાટ વોટ બેંકમાં ડૂડીની મજબૂત પકડ હોવા છતાં ધર્મેન્દ્રએ પોતાની એક અલગ છબી બનાવી. તેમણે તેમના બે પુત્રો સની અને બોબી દેઓલને બિકાનેર બોલાવીને રેલવે સ્ટેડિયમમાં એક જનસભા કરાવી, જેનાથી શહેરી ક્ષેત્રમાં માહોલ બદલાઈ ગયો. બિકાનેર શહેરમાંથી મળેલી મોટી લીડના કારણે ધર્મેન્દ્ર અંતે 57,000 મતોથી જીતી ગયા, ધર્મેન્દ્રની લોકપ્રિયતા છતાં સાંસદ તરીકેનો તેમનો કાર્યકાળ વિવાદ વિનાનો નહોતો. જ્યારે તેઓ લાંબા સમય સુધી બિકાનેર ન આવ્યા ત્યારે ખેડૂતોએ તેમના વિરુદ્ધ ગુમ થયેલા પોસ્ટરો લગાવ્યા, જેના કારણે તેઓ મીડિયામાં હાઈલાઈટ થયા.

ધર્મેન્દ્રના નિધન બાદ અમિતાભ બચ્ચને પોસ્ટમાં લખ્યું કે, 'એક વધુ મહાન હસ્તી આપણને છોડીને ચાલી ગઈ. અખાડો ખાલી થઈ ગયો અને તેમના જવાથી જે સન્નાટો પેદા થઈ ગયો છે, તે અસહ્ય છે. ધરમજી મહાનતાનું પ્રતીક હતા, જેમને માત્ર તેમના દમદાર વ્યક્તિત્વ માટે જ નહીં, પણ તેમના વિશાળ હૃદય અને અદ્ભુત સાદગી માટે પણ યાદ કરવામાં આવશે. પોતાની શાનદાર ફિલ્મી સફરમાં તેઓ હંમેશા બેદાગ રહ્યા, એવા સમયમાં જ્યારે દરેક દાયકામાં ઘણું બધું બદલાતું રહ્યું. તેમના જવાથી આપણી આસપાસની હવા જાણે હળવી પડી ગઈ છે. આ એક એવી શૂન્યતા છે, જે ક્યારેય ભરી શકાશે નહીં.

મનોજ ગાંધી

manoj1968@yahoo. ca






# વડોદરામાં 1.62 કરોડની નોટ અને 3 કિલો સોનું મળતા ચકચાર

## સસ્તું સોનું અને લોન પાસ કરાવવાના ખોટા વાયદા આપીને તેમની પાસેથી રૂ. 4.92 કરોડ પડાવીને છેતરપિંડી, 19 સામે ગુનો દાખલ

**વડોદરા**

આજના સમયમાં બજારમાં નકલી વસ્તુઓ ફરતી થઈ ગઈ છે. જોકે, વડોદરા શહેરમાં ડુપ્લીકેટ વસ્તુઓના એક મોટા ઠગાઈના રેકેટનો પર્દાફાશ થયો છે, જેમાં મુખ્ય સૂત્રધાર ઈલિયાસ અજમેરી (રાજવીર પરીખ) ના ભાઈ ઈદ્રીશ અજમેરીના ઘરેથી રૂ. 1.62 કરોડની ડુપ્લીકેટ નોટો અને 3 કિલો ડુપ્લીકેટ સોનાના બિસ્કિટ મળી આવ્યા છે. આ કેસમાં પોલીસે અત્યાર સુધીમાં બે આરોપીની ધરપકડ કરી છે.

આ સમગ્ર મામલો કર્ણાટક ખાતે રહેતા ફરિયાદી મંજુ આર રવિની ફરિયાદ પરથી સામે આવ્યો હતો. ફરિયાદીએ વડોદરા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી હતી કે મહિલા સહિતની ગેંગે તેમને સસ્તામાં સોનું આપવાના તથા રૂ. 10 કરોડની લોન પાસ કરાવવાના ખોટા વાયદા આપીને તેમની પાસેથી રૂ. 4.92 કરોડ પડાવીને છેતરપિંડી આચરી હતી. ફરિયાદના પગલે પોલીસ દ્વારા ઈલિયાસ અજમેરી તથા તેના ભાઈ ઈદ્રીશ અજમેરીના ઘરે તપાસ કરતા 1.62 કરોડની ડુપ્લીકેટ નોટો અને ત્રણ કિલો નકલી સોનાના બિસ્કિટ મળ્યા હતા. આ ઉપરાંત મુખ્ય આરોપી લોકોને નકલી પોલીસ બનીને ઠગાઈ આચરતો હોવાનું પણ બહાર આવ્યું હતું.

ડીસીપી ઝોન 2 મંજીતા વણઝારાએ આ અંગે માહિતી આપતા જણાવ્યું હતું કે, આ ગુનો 21 તારીખે જે.પી. રોડ પોલીસ મથકમાં દાખલ કરવામાં આવ્યો હતો. પોલીસે ભરત પ્રજાપતિ અને વિરલ સાકરિયા નામના બે વ્યક્તિઓની ધરપકડ કરી છે. તપાસ દરમિયાન મુખ્ય સૂત્રધાર રાજવીર પરીખ ઉર્ફે ઈલ્યાસ અજમેરીના ઘરે તપાસ કરતા, ગુનાને લગતો મુદ્દામાલ તેના ભાઈ ઈદ્રીશના ઘરે મૂક્યો હોવાનું બહાર આવ્યું હતું, જ્યાંથી ડુપ્લીકેટ નોટો અને સોનું મળી આવ્યું હતું.

તપાસમાં ખુલાસો થયો છે કે મુખ્ય આરોપી ઈલિયાસ અજમેરી લોકોને નકલી પોલીસ તરીકેની ઓળખ આપીને ઠગાઈ આચરતો હતો. ડીસીપીએ વધુમાં જણાવ્યું કે, આ ઠગ ગેંગ વિરુદ્ધ અગાઉ પણ પાંચ જેટલા ગુનાઓ નોંધાયેલા છે.

ઉલ્લેખનીય છે કે, ફરિયાદી મંજુ આર રવિ પાસેથી રૂપિયા પડાવવા બદલ જે.પી. રોડ પોલીસે મુખ્ય આરોપીઓ વિશાલ વિનોદ બારડ, નયના મહિડા, રાજવીર પરીખ ઉર્ફે ઈલ્યાસ અજમેરી, રાજભાઈ, સુલતાન નામનો ડ્રાઈવર, વિરલ (ડોક્ટર) લાલાભાઈ, સમીરભાઈ, ગણેશ, હર્ષ શર્મા, શ્રીનિવાસન (ઈડીનો અધિકારી) સહિત અન્ય 19 લોકો સામે ઠગાઈની ફરિયાદ નોંધી છે અને તેમને ઝડપી પાડવા માટે તપાસના ચક્રો ગતિમાન કર્યા છે.

# કોલેજના પ્રોફેસરે વિદ્યાર્થિનીઓને બિભત્સ મેસેજ કરતાં ભારે હડકંપ

**મોડાસા**

મોડાસાની સહકારી ઈજનેરી કોલેજના એક અધ્યાપક દ્વારા કોલેજની ત્રણ વિદ્યાર્થિનીઓને વોટસએપ દ્વારા બિભત્સ મેસેજ કર્યો હોવાના વિવાદને પગલે કોલેજના છાત્રો-છાત્રાઓએ ભારે હલ્લાબોલ મચાવ્યો હતો અને વી વોન્ટ જસ્ટીસનો સૂત્રોચ્ચાર કરી આ અધ્યાપકને સામે લાવવા અને યોગ્ય શિક્ષા કરવાની માંગને ઉગ્ર બનાવી હતી. હાલ કોલેજ છોડી ભાગી ગયેલા આ અધ્યાપકની તપાસ કરવા અને તેઓની સામે યોગ્ય કાર્યવાહી કરવાની હૈયાધારણા કોલેજના ઈન્ચાર્જ પ્રિન્સીપાલે આપી હતી. જો કે, વણસતી જતી પરિસ્થિતિને નિયંત્રણમાં રાખવા પોલીસ બંદોબસ્ત ગોઠવવાની ફરજ પડી હતી. ઉપરાંત ગાંધીનગરની ટેકનિકલ શિક્ષણ કમિશનરની કચેરીમાંથી પણ અધિકારી પહોંચી ગયા હતા.

મોડાસાની સરકારી કોલેજના એક અધ્યાપક સામે કોલેજની છાત્રાઓને બિભત્સ મેસેજ કરાયા હોવાનો આક્ષેપ લાગ્યો હતો. ત્યારે આ સરકારી કોલેજના વિદ્યાર્થીઓ દ્વારા કોલેજ સંકુલ ખાતે દેખાવો યોજી આ હરક્ત અને અધ્યાપક સામે ભારે સૂત્રોચ્ચાર કરાયો હતો અને ન્યાયની માંગ કરાઈ હતી.

# કપડવંજમાં પ્રેમી પંખીડાએ કેડે દુપટ્ટો બાંધી કેનાલમાં ઝંપલાવીને મોત વહાલું કરી લીધું

## તપાસ થતાં મોતનું કારણ હજુ અકબંધ : બંને મૃતદેહને પોસમોર્ટમ અર્થે ખસેડાયા

**કપડવંજ**

પ્રેમી પંખીડાએ કેડે દુપટ્ટો બાંધી કપડવંજ તાલુકાના આંબલીયારા ખાતેથી પસાર થતી નર્મદા કેનાલમાં ઝંપલાવી મોત વહાલું કરી લીધું હતું.

કપડવંજ ખાતે નર્મદા કેનાલ અવારનવાર ઝંપલાવવા કિસ્સાઓ પ્રકાશમાં આવતા રહે છે. ત્યારે અગમ્ય કારણોસર કેનાલમાં ઝંપલાવી મોતને વહાલું કરવાનો વધુ એક કિસ્સો સામે આવ્યો છે. કપડવંજ ટાઉન પોલીસ સ્ટેશનમાં મૃતક યુવાનના મોટાભાઈ રાહુલભાઈએ નોંધાવેલી ફરિયાદ મુજબ, જતીનકુમાર નવનિતભાઈ ઝાલા (ઉ.વ. ૧૯, રહે. મોટા રામપુરા, તા કપડવંજ) અને હસમીતાબેન મોહનભાઈ રાઠોડ (ઉ.વ.૨૦, રહે. દુધાથલ, તા. કપડવંજ) બંનેને પ્રેમ સંબંધ હતો. બુધવારે બંનેએ એકબીજાની કેડે દુપટ્ટો બાંધીને આબંલીયારા ખાતેથી પસાર થતી નર્મદા કેનાલમાં ઝંપલાવ્યું હતું. યુવાનનો પરિવાર જતીનભાઈની શોધખોળ કરતો હતો તે દરમિયાન આંબલીયારા કેનાલમાં ઝંપલાવ્યું હોવાનું જાણવા મળતા યુવક-યુવતીને સ્થાનિક તરવૈયાઓ દ્વારા બંને કેનાલમાંથી કેડે દુપટ્ટો બાંધેલી હાલતમાં મળી આવ્યા હતા. આ બાબતે જાણ કરવામાં આવતા કપડવંજ ટાઉન પોલીસ ઘટનાસ્થળે પોલીસ પહોંચી હતી અને બંનેના મૃતદેહ પોસ્ટમોર્ટમ ખાતે ખસેડયા હતા. આશાસ્પદ યુવક-યુવતીના મોતથી પરિવારમાં ગમગીની છવાઈ ગઈ હતી. જોકે આત્મહત્યાનું કારણ હજુ અકબંધ છે. પોલીસ તપાસ બાદ યુવક-યુવતીના મોતનું કારણ બહાર આવે તેવી શક્યતા છે.

# ગાંધીનગર : નિવૃત્ત ક્લાસ-2 ઈજનેર પાસેથી રૂ.3.08 કરોડની બેનામી સંપત્તિ મળી આવી

## બેંક લોકરમાંથી કરોડોની રોકડ મળી, આવક કરતાં 62.43% વધુ મિલકત મળી

**ગાંધીનગર**

ગુજરાત સરકારના લાંચ રૂશ્વત વિરોધી બ્યુરો (ACB) દ્વારા ભ્રષ્ટ અધિકારીઓ સામે કડક કાર્યવાહીનો સિલસિલો યથાવત રાખવામાં આવ્યો છે. ગાંધીનગરમાં સર્વ શિક્ષા અભિયાન (SSA) ના નિવૃત્ત સ્ટેટ પ્રોજેક્ટ ઈજનેર (વર્ગ-2) નિપુણ ચંદ્રવદન ચોકસી વિરુદ્ધ આવક કરતાં વધુ સંપત્તિ વસાવવા બદલ ગુનો નોંધી આજે તેમની ધરપકડ કરવામાં આવતા ચકચાર મચી છે. આરોપી નિપુણ ચોકસીનો



ભૂતકાળ પણ વિવાદાસ્પદ રહ્યો છે. તેઓ તારીખ 16 જુલાઈ 2021 ના રોજ રૂ.1,21,000 ની લાંચ લેતા એસીબીના છટકામાં રંગેહાથ ઝડપાઈ ગયા હતા. જે તે સમયે તેમની સામે ગાંધીનગર એસીબી પોલીસ સ્ટેશનમાં ગુનો નોંધાયો હતો. આ લાંચ પ્રકરણની તપાસ દરમિયાન જ તેમની બેનામી સંપત્તિના તાર મળ્યા હતા.

લાંચના ગુનાની તપાસ અને રિમાન્ડ દરમિયાન એસીબીને આરોપીના ધી ગાંધીનગર નાગરિક કો.ઓપ. બેંક (સેક્ટર-10 તથા સેક્ટર-6 બ્રાંચ) ખાતેના ત્રણ લોકરની માહિતી મળી હતી. આ લોકરોની અને તેમના રહેણાંક મકાનની જડતી કરતા બેંક લોકરમાંથી રૂ.2,27,25,000, રહેણાંક મકાનમાંથી રૂ. 4,12,205 એમ કુલ મળી રૂ. 2,31,75,205 ની માતબર રકમ મળી આવી હતી.

# વડોદરાની ગરિમા વ્યાસે પોતાનો જ રેકોર્ડ તોડી બે ગોલ્ડ મેડલ જીત્યા

## 50 મીટર બ્રેસ્ટ સ્ટ્રોકમાં ગરિમાએ પોતાનો જ રેકોર્ડ તોડયો

**વડોદરા**

નિશ્ચય અને સમર્પણની પરાકા એટલે વડોદરાની ૨૪ વર્ષીય ગરિમા વ્યાસ. તેણે હાલમાં જ હૈદરાબાદ ખાતે યોજાયેલી નેશનલ પેરા સ્વિમિંગ ચેમ્પિયનશિપમાં ૫૦ મીટર બ્રેસ્ટસ્ટ્રોક કેટેગરીમાં પોતાનો જ રાષ્ટ્રીય રેકોર્ડ તોડીને સમગ્ર દેશને પ્રેરણા આપી છે. આ સિદ્ધિ સાથે જ તેણે સાબિત કરી દીધું છે કે શારીરિક મર્યાદાઓ ક્યારેય મનોબળની આડે આવતી નથી.

નવ વર્ષ પહેલાં પાવાગઢ પર્વત પર ટ્રેકિંગ દરમિયાન થયેલા એક ગંભીર અકસ્માતે તેને કમરેથી લકવાગ્રસ્ત (પેરાપ્લેજિક) બનાવી દીધી હતી. જોકે, હતાશામાં ડૂબવાને બદલે, ગરિમાએ સ્વિમિંગને જીવનનું લક્ષ્ય બનાવ્યું હતું. ક્લિનિકલ સાયકોલોજીમાં માસ્ટર્સની ડિગ્રી ધરાવતી ગરિમાએ જણાવ્યું હતું કે, મેં ક્યારેય વિચાર્યું નહોતું કે હું રાષ્ટ્રીય રેકોર્ડ્સ તોડીશ અને મેડલો એકઠા કરીશ.અકસ્માત પછી લાંબા સમયની સારવાર બાદ, સ્વિમિંગ મારા માટે સૌથી પ્રિય રુચિ બની ગયું છે.

# તાંદલજામાં પતિની હત્યા કરનાર પત્નીના પ્રેમી, મામાને શોધવા પોલીસની દોડધામ

## પ્રેમી તૌસિફના મામા વિશે જાણતી નથી, મહેતાબે ફાંસો આપ્યો હતો

**વડોદરા**

તાંદલજામાં પતિની હત્યા કરવાના ચકચારી બનાવમાં પકડાયેલી પત્ની ગુલબાનુ ને સાથ આપનાર પ્રેમી અને તેના મામાને શોધવા માટે પોલીસની ટીમો દોડધામ કરી રહી છે.



ચોતરાવાળા ફળિયામાં રહેતી ત્રણ સંતાનની માતા ગુલબાનુએ મુંબઈમાં રહેતા પ્રેમી તૌસિફને પામવા માટે પતિની હત્યા કરતાં જે પી રોડ પોલીસ દ્વારા તેને રિમાન્ડ પર લેવાઈ છે.પરંતુ ફરાર થઈ ગયેલા તેના પ્રેમી તૌસિફ અને તેના મામાનો કોઈ પત્તો લાગતો નથી. ડીસીપી મંજીતા વણઝારાની દોરવણી હેઠળ પોલીસની ટીમો બનાવના પુરાવા એકત્રિત કરી રહી છે.જે દરમિયાન પોલીસને તૌસિફ વિશે વિગતો મળી છે.પરંતુ ઈર્શાદના ગળે દુપટ્ટો લપેટી ફાંસો આપનાર તૌસિફના મામા મહેતાબ વિશે હજી નક્કર માહિતી હાથ લાગી નથી અને ગુલબાનુ પણ તેના વિશે મોં ખોલતી નથી.જેથી તૌસિફ પકડાય ત્યાર પછી મહેતાબ વિશે વધુ માહિતી ખૂલશે.આ ઉપરાંત પોલીસ આરોપીઓના મોબાઈલની કોલ્સ ડીટેલ પણ ચેક કરી રહી છે.

MATRIMONIAL

Working as ppc Specialist, on Work Permit, Divorced, Smart Looking Girl Born on 17/11/1987, Height:5.2', Weight 62kg. groom age 35 to 40, Toronto Canada.

Can contact with bio-data and pictures at

gilitwalachandrika@gmail.com

or

gilitwalapooja1711@gmail.com

Contact No. 9998230998 India

Call (647)-939-7558.

# નવસારી નિવૃત્ત અધિકારી પાસેથી કરોડોની અપ્રમાણસર મિલકત મળી

## નાણાંનો ઉપયોગ જમીન, મકાન અને જંગમ મિલકતો માટે કરાયો, વધુ આવકનો સ્ત્રોત મળ્યો નહીં

**નવસારી**

ACBએ નવસારી ખાણ ખનીજ વિભાગના તત્કાલીન મદદનીશ ભુસ્તરશાસ્ત્રી અને હાલ નિવૃત્ત અધિકારી સંદિપ મધુકર ખોપકર સામે અપ્રમાણસર મિલકત રાખવાના ગંભીર આક્ષેપોને આધારે ગુનો દાખલ કર્યો છે. તપાસમાં જાણવા મળ્યું છે કે આરોપીએ પોતાની કાયદેસરની આવકની સરખામણીમાં રૂપિયા 1,02,46,949 જેટલી ગેરકાયદેસર સંપત્તિ એકઠી કરી હતી. ACBની ઊંડાણપૂર્વકની તપાસમાં આ મામલો બહાર આવતા વિભાગમાં ચર્ચાનો વિષય બન્યો છે.

મળતી માહિતી મુજબ સંદિપ ખોપકર દ્વારા જમા કરેલી આ મિલકત તેમની કુલ આવક કરતાં 62.13% જેટલી વધારે હોવાનું ખૂલ્યું છે. આ ગેરકાયદેસર સંપત્તિ માટે આરોપીએ ફરજ દરમ્યાન પદ અને સત્તાનો દુરુપયોગ કરીને વિવિધ




સ્ત્રોતો દ્વારા ગેરકાયદેસર રીતે નાણાં મેળવ્યા હતા. આ નાણાંનો ઉપયોગ તેમણે સ્થાવર મિલકતો જેમ કે જમીન, મકાન તેમજ જંગમ મિલકતો જેમ કે વાહનો અને બેંક ખાતામાં જમા રકમ રૂપે કર્યો હતો. તપાસ અધિકારીઓએ જણાવ્યું હતું કે આ સંપત્તિનું કોઈ પણ કાયદેસર સ્ત્રોત મળ્યું નથી, જેનાથી કેસ વધુ ગંભીર બની રહ્યો છે.

આ મુદ્દે સરકારી ફરિયાદી તરીકે નવસારી ACB પોલીસ સ્ટેશનના પોલીસ ઈન્સ્પેક્ટરે ફરિયાદ નોંધાવી છે. ફરિયાદના આધારે આરોપી સામે કલમ 13(1)(ઈ) તેમજ કલમ 13(1)(બી) અને 13(2) મુજબ ગુનો દાખલ કરવામાં આવ્યો છે. કેસની વધુ કાર્યવાહીમાં વડોદરાના માંજલપુર ખાતે સ્થિત આમ્રપાલી સોસાયટીના બી-71 માં રહેતા સંદિપ મધુકર ખોપકરને ACBએ 24 નવેમ્બર, 2025ના રોજ ધરપકડ કરી છે. ધરપકડ પછી તેમના બેંક ખાતા, મિલકતો તથા આર્થિક લેવડદેવડની વધુ તપાસ કરવામાં આવી રહી છે.

# નવસારીમાં ભત્રીજાએ કાકાનો કાન બચકું ભરી છૂટો પાડી દીધો, આરોપીની ધરપકડ

## જુની અદાવત રાખી તકરાર થઈ હતી, કાન સર્જરી કરી જોડ્યો

**નવસારી**

નવસારીમાં ભત્રીજાએ કાકાના કાન પર બચકું ભરીને છૂટો કરી નાખ્યો હોવાની ચોંકાવનારી ઘટના સામે આવી છે. અગાઉથી ચાલી આવતા પારિવારિક ઝઘડા અને આરોપીના માતા-બહેન માટે અભદ્ર ટિપ્પણી કરતાં ભત્રીજાએ કાકાનો કાન કરડી ખાધો હતો.

નવસારીમાં કાકા અને ભત્રીજા વચ્ચે ઘણાં સમયથી તકરાર ચાલતી હતી. જેમાં કાકાએ મહિલા પોલીસ સ્ટેશનમાં ભત્રીજાની માતા અને બહેન વિરૂદ્ધમાં ફરિયાદ નોંધાવી હતી. ચાલી આવતી ઝઘડાની સમજૂતી માટે પોલીસે બંને પક્ષના પરિવારને બોલાવ્યા હતા. તેવામાં માતા અને બહેન વિશે કાકાએ અભદ્ર ટિપ્પણી કરી હોવાનું જાણતાં ભત્રીજાએ કાકા પર હુમલો કર્યો હતો. જેમાં રોષે ભરાયેલા ભત્રીજાએ કાકાના કાન પર ખતરનાક રીતે બચકું ભર્યું હતું. સમગ્ર બનાવમાં પીડિત ગંભીર રીતે ઈજાગ્રસ્ત થતાં સારવાર માટે નવસારી સિવિલ હોસ્પિટલ લઈ ગયા હતા. જ્યાં પીડિત વ્યક્તિના કાનનું ઓપરેશન કરવામાં આવ્યું હતું. નવસારી ટાઉન પોલીસે આરોપીની ધરપકડ કરીને આગળની કાર્યવાહી હાથ ધરી છે.

# કૂડાચા ગામમાં તરૂણ સાથે સૃષ્ટિ વિરૂદ્ધનું કૃત્ય કરવાના કેસમાં યુવાનને 20 વર્ષની સખત કેદ

**સેલવાસ**

સેલવાસના કૂડાચા ગામે એક પરપ્રાંતિય પરિવાર રહે છે. ગત તા.26-3-24ના રોજ પરિવારનું દંપતિ સવારે રાબેતા મુજબ કંપનીમાં નોકરી પર ગયું હતું. જ્યારે પરિવારનો 13 વર્ષીય અશોક (નામ બદલ્યું છે.) રાબેતા મુજબ ઘર નજીક આવેલા ટયુશન કલાસમાં ટયુશન પર જવા નીકળ્યો હતો. તે દરમિયાન રસ્તામાં અચાનક પાડોશમાં રહેતો રૂસ્તમ અલાઉદીન ખાન ધસી જઈ અશોકનું મોઢું દબાવી તેની રૂમમાં લઈ ગયા હતો. બાદમાં રૂમનો દરવાજો બંધ કરી અશોકના ગુપ્તાંગ સાથે છેડછાડ કરી સૃષ્ટિ વિરૂદ્ધનું કૃત્ય કરવાનો પ્રયાસ કર્યો હતો. જો કે અશોકને નીચે ઊંઘવા જણાવતા જ અશોક રૂસ્તમની નજર ચૂકવી રૂમમાંથી પોતાના ઘરે ચાલી ગયો હતો.

ગભરાયેલા અશોકે પરિવારને રૂસ્તમ ખાનના ગંભીર કૃત્ય અંગે આખી બીના જણાવતા પરિવાર સ્તબ્ધ બની ગયું હતું. અશોકના પરિવારજનો પોલીસ મથકે પહોંચી ફરિયાદ નોંધાવી હતી. પોલીસે ગંભીર ગુનામાં રૂસ્તમ ખાનની ધરપકડ કરી મેડિકલ પરિક્ષણ પણ કરાવ્યું હતું. સેલવાસ પોલીસે આ કેસમાં ચાર્જશીટ પણ દાખલ કરી દીધી હતી. સેલવાસ સૅશન્ડ એન્ડ ડિસ્ટ્રીક્ટ કોર્ટમાં હાથ ધરાયેલી સુનાવણીમાં સરકારી વકીલ નિપુણાબેન રાઠોડે ભોગ બનનાર સહિત અનેક લોકોની જુબાની, મેડિકલ રિપોર્ટ સહિત અનેક પુરાવા સાથે દલીલો કરી હતી. જજ વિભા પી.ઈંગલેએ આરોપી રૂસ્તમ ખાનને તકસીરવાર ઠેરવી 20 વર્ષની કેદની સજા અને રૂ.25 હજારનો દંડ ફટકારતો મહત્વનો ચૂકદો આપ્યો છે. દંડની રકમ નહીં ભરે તો વધુ 6 માસની કેદની સજાની જોગવાઈ કરી છે.

# વલસાડમાં ઘૂંટણના દુખાવાના ઈલાજના બહાને 1 લાખની છેતરપિંડી કરવા બદલ બેની ધરપકડ

## પહેલા તો આરોપીઓએ પીડિતાને લગાવેલા પ્રવાહીના એક ટીપાના 11,000 વસૂલી કાઢ્યા

**વલસાડ**

વલસાડ પોલીસે મહારાષ્ટ્રના પાલઘર જિલ્લાના મનોરમાં રહેતા અને મૂળ રાજસ્થાનના બારાના આંટા ગામના રહેવાસી મોહમ્મદ સમીર ઈરફાન અને મોહમ્મદ ઈરફાન ઈસ્માઈલ નામના બે આરોપીઓની ધરપકડ કરી હતી, અન્ય એક આરોપી મોહમ્મદ ઈરફાન આરીફ ફરાર છે.

ઈંડાના જથ્થાબંધ વેપારીને ઘૂંટણમાં દુખાવો થતો હતો. 15 નવેમ્બરના રોજ, જ્યારે તેઓ એક સ્થાનિક વૈદ્ય પાસેથી મલમ લગાવીને પરત ફરી રહ્યા હતા, ત્યારે તેઓ એક નાસ્તાની દુકાને




ઊભા રહ્યા હતા. ત્યાં ઋષિ મહેતા નામના વ્યક્તિએ તેમની સાથે ઘૂંટણના દુખાવાની ચર્ચા કરી ડૉ. રુસ્તમ' પાસે સારવાર લેવાની સલાહ આપી હતી.

ત્યારબાદ 17 નવેમ્બરના રોજ, ઋષિ મહેતાએ ફોન કરીને ડૉ. રુસ્તમ'નો સંપર્ક નંબર આપ્યો હતો. ફરિયાદીના પત્નીએ ડૉ. રુસ્તમ'ને ફોન કર્યો હતો અને ટૂંક સમયમાં જ આરોપીઓ તેમના ઘરે સારવાર આપવા પહોંચ્યા હતા. સારવાર બાદ આરોપીઓએ 172 ટીપાંના કુલ રૂ. 19 લાખની માંગણી કરી હતી, એટલે કે એક ટીપાના રૂ. 11,000. વૃદ્ધ દંપતી પાસે તે સમયે એટલી મોટી રકમ હાજર ન હોવાથી તેઓએ રોકડા રૂ. 1 લાખ ચૂકવ્યા હતા. આરોપીઓ બાકીની રકમ ચૂકવવા દબાણ કરવા લાગ્યા હતા, જેનાથી દંપતીને છેતરાયા હોવાનો અહેસાસ થતાં વલસાડ ટાઉન પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી હતી અને પોલીસે બે આરોપીઓની ધરપકડ કરી હતી.

# વડોદરામાં ડિજિટલ એરેસ્ટમાં ખેડૂતનો આપઘાત, સુરતમાંથી બેની ધરપકડ

## આરોપીઓએ ખેડૂતને ફ્રોડમાં ફસાવવાની ધમકી આપી હતી

**સુરત**

ડિજિટલ યુગમાં સાયબર માફિયાઓ અલગ-અલગ પ્રકારે ભોળા માણસો સાથે છેતરપિંડી આચરીને લાખો રૂપિયા પડાવી લેતા હોવાની ઘટના સામે આવતી હોય છે. જેમાં થોડા દિવસ પહેલા વડોદરાના એક ખેડૂતને ડિજિટલ એરેસ્ટ કરીને 40 કરોડના ફ્રોડમાં ફસાવી દેવાની ધમકી આપી હતી. આરોપીના દબાણમાં ખેડૂતે આપઘાત કર્યો હતો. સમગ્ર મામલે ડભોઈ પોલીસે સુરતથી 2 આરોપીની ધરપકડ કરીને આગળની કાર્યવાહી હાથ ધરી છે.

કાયાવરોહણમાં અતુલભાઈ હીરાભાઈ પટેલ(ઉ.વ.65)ને દિલ્હી ATSના નામે ફોન આવ્યો હતો. જેમાં આરોપીઓએ અતુલભાઈને તમારા ખાતામાં 40 કરોડનું ફ્રોડ થયું હોવાનું કહીને ધમકાવ્યા હતા અને એક દિવસ સુધી ડિજિટલ એરેસ્ટ કરી રાખ્યા હતા. આરોપી દ્વારા ધમકાવતા અને સતત દબાણ કરતાં ગત 17 નવેમ્બરના રોજ અતુલભાઈએ ઝેરી દવા પીને આપઘાત કરી લીધો હતો. ડિજિટલ એરેસ્ટના કારણે વડોદરામાં ખેડૂતના આપઘાતનો કેસ મામલે પોલીસે સુરતના વરાછા વિસ્તારથી નિકુંજ નરેશભાઈ પાનેસરીયા અને હેનિલ ભાવેશ પાનેસરીયા નામના બે આરોપીની ધરપકડ કરી છે.

# ધરમપુરમાં રાજ્ય સરકારની ચિંતન શિબિર, CM વંદે ભારત ટ્રેનથી વલસાડ પહોંચ્યા

**વલસાડ**

ધરમપુર ખાતે આવેલા શ્રીમદ રાજચંદ્ર આશ્રમમાં ગુરુવારે 3 દિવસીય સામૂહિક ચિંતન શિબિરનો પ્રારંભ થયો હતો. રાજ્ય સરકારના ઉચ્ચ અધિકારીઓ, મુખ્ય સચિવ સહિત કુલ 242 અધિકારીઓ આ શિબિરમાં જોડાયા હતા. ગુજરાતના મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલ આજે વહેલી સવારે વંદે ભારત ટ્રેન મારફતે વલસાડ રેલવે સ્ટેશન પર આવી પહોંચ્યા હતા. તેમના આગમન માટે રેલવે સ્ટેશન પર ખાસ તૈયારીઓ કરવામાં આવી હતી. શહેરના મુખ્ય માર્ગો, ચિંતન શિબિર સ્થળની આસપાસ તેમજ સંવેદનશીલ વિસ્તારોમાં વધારાના પોલીસ બલની નિયુક્તિ કરવામાં આવી છે. બેઠકને ધ્યાનમાં રાખીને ચુસ્ત સુરક્ષાત્મક વ્યવસ્થા અમલમાં મૂકાઈ છે.

# નવસારીમાં SGM સ્કૂલમાં વિદ્યાર્થીએ અન્ય વિદ્યાર્થી પર કાતરથી હુમલો કરતા ચકચાર

## લોહીલુહાણ હાલતમાં વિદ્યાર્થી હોસ્પિટલ ખસેડાયો, વાલીઓમાં દોડધામ

**નવસારી**

અમદાવાદની સેવન્થ ડે સ્કૂલ જેવી ગંભીર ઘટના બનતા સહેજમાં રહી ગઈ છે, પરંતુ નવસારીની એક શાળામાં વિદ્યાર્થીઓ વચ્ચે લોહિયાળ ઘર્ષણના સમાચાર સામે આવ્યા છે. નવસારીની SGM સ્કૂલમાં વિદ્યાર્થીઓ અંદરોઅંદર બાખડ્યા હતા, જેમાં એક વિદ્યાર્થી પર કાતર વડે હુમલો કર્યા આરોપ લાગ્યો છે.

નવસારીની SGM સ્કૂલમાં અભ્યાસ કરતા એક જ ક્લાસના વિદ્યાર્થીઓ વચ્ચે કોઈ બાબતે તકરાર થઈ હતી. વાત વણસતા બે વિદ્યાર્થીઓએ મળીને તેમના જ વર્ગના અન્ય એક વિદ્યાર્થી પર હુમલો કરી દીધો હતો. પ્રાથમિક માહિતી મુજબ ઝઘડા દરમિયાન વિદ્યાર્થી પર કાતર વડે હુમલો કરવામાં આવ્યો હોવાનો આરોપ મુકવામાં આવ્યો છે. કાતરના ઘા વાગવાને કારણે ભોગ બનનાર વિદ્યાર્થી લોહીલુહાણ થઈ ગયો હતો. ઘટનાની ગંભીરતાને જોતા ઈજાગ્રસ્ત વિદ્યાર્થીને તાત્કાલિક સારવાર અર્થે નજીકની હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો છે. શાળા સંકુલમાં જ હિંસક ઘટના બની હોવાની જાણ થતાં વાલીઓમાં ભારે દોડધામ મચી ગઈ હતી. પોતાના બાળકોની સુરક્ષાને લઈને વાલીઓમાં ચિંતાનું મોજું ફરી વળ્યું હતું. બીજી તરફ, કાતરથી હુમલાની વાત વહેતી થતાં સ્કૂલના અન્ય વિદ્યાર્થીઓ અને સ્ટાફમાં પણ ભયનું વાતાવરણ સર્જાયું છે.

# ગુજરાતના કયા ભાજપ સાંસદે રાહુલ ગાંધીને 'યુનિટી માર્ચ'માં જોડાવવા પત્ર લખ્યો

**વડોદરા**

લોકસભાના ભાજપના ડૉ. હેમાંગ જોશીએ કોંગ્રેસના નેતા રાહુલ ગાંધીને સરદાર વલ્લભભાઈ પટેલની 150મી જન્મજયંતિ નિમિત્તે આયોજિત "એકતા માર્ચ"માં ભાગ લેવા આમંત્રણ આપ્યું હતું. તેમણે આ અંગે રાહુલ ગાંધીને પત્ર પણ લખ્યો હતો. રાહુલ ગાંધીને માર્ચમાં જોડાવા તમામ પક્ષો એક સાથે ઉભા રહેવાનો સંદેશ આપવા વિનંતી કરી હતી.

વડોદરા લોકસભા મતવિસ્તારના ભાજપના સાંસદ ડૉ. હેમાંગ જોશીએ કોંગ્રેસના નેતા અને લોકસભામાં વિરોધ પક્ષના નેતા રાહુલ ગાંધીને પત્ર લખીને સરદાર વલ્લભભાઈ પટેલની 150મી જન્મજયંતિ નિમિત્તે આયોજિત "એકતા માર્ચ"માં ભાગ લેવા આમંત્રણ આપ્યું છે.

### રાજકોટમાં થયેલી મહિલાની હત્યાનો ભેદ ઉકેલાયો

# ઘરકંકાસમાં પતિએ જ સળિયાના ઘા મારી પત્નીનું ઢીમ ઢાળી દીધું

**રાજકોટ**

રાજકોટના ભગવતીપરા કોપર ગ્રીનસિટીમાં રહેતી સ્નેહા હિતેષ આસોડિયા (ઉ.વ. ૩૩) નામની પરિણીતાની ઘાતકી હત્યાનો ભેદ પોલીસે ઉકેલી નાખ્યો છે. 23મી નવેમ્બરના રોજ ઘર નજીક અવાવરૂ જગ્યાએથી માથું ફાડી નાખેલી હાલતમાં સ્નેહાનો મૃતદેહ મળ્યો હતો. પોલીસે કરેલી સઘન પૂછપરછમાં હત્યા કરનાર બીજું કોઈ નહીં પણ મૃતકનો પતિ હિતેષ આસોડિયા જ હોવાનું કબૂલ્યું છે. હત્યાનું મૂળ કારણ પતિ-પત્ની વચ્ચે ચાલતો ગંભીર ઘરકંકાસ હતું.

પ્રાથમિક રીતે પતિ હિતેશે 'પત્ની પાણીપૂરી ખાવા ગઈ અને પરત આવી નથી' તેવી ગેરમાર્ગે દોરનારી સ્ટોરી ઊભી કરી હતી. જોકે, ક્રાઈમ બ્રાન્ચની આગવી ઢબથી થયેલી પૂછપરછમાં તે ભાંગી પડ્યો હતો. હિતેશે કબૂલ્યું કે ત્રણ વર્ષ પહેલાં લગ્ન થયા ત્યારથી જ બંને વચ્ચે સતત ઝઘડાઓ થતા હતા અને પત્ની સ્નેહા તેના પર શંકા કરતી હતી. પતિ પત્નીના આ વર્તનથી કંટાળી ગયો હતો. ઉપરાંત સ્નેહા બે વર્ષના બાળકને રાખવા પણ તૈયાર ન હોવાથી હિતેશે દરરોજ બાળકને તેના માતા-પિતાને ત્યાં મૂકી આવવું પડતું હતું. જ્યારે શનિવારે (22મી નવેમ્બર) સાંજે પણ પત્નીના કોલ પર ઝઘડો થતાં પતિ ગુસ્સે થયો હતો. તે કારખાનેથી જ લોખંડનો સળિયો લઈને ઘરે પહોંચ્યો. ઘરે આવીને પત્નીને બહાર જમવા જઈએ તેમ કહ્યું હતું. હિતેશ સ્કૂટીમાં લોખંડનો સળિયો આગળ રાખીને પત્નીને પોતાની પાછળ બેસાડી ઘર પાસેની અવાવરૂ જગ્યામાં લઈ ગયો. ત્યાં પાછળથી લોખંડનો સળિયો મારી દીધો સ્નેહાની હત્યા કરી હતી.

પોલીસના જણવ્યાનુસાર, પતિ હિતેશે હત્યા કર્યા બાદ પત્નીના ભાઈને ફોન કરીને ખોટી માહિતી આપી હતી. જોકે, પોલીસે કરેલી તપાસમાં હિતેશનાં કપડાં અને તેના સ્કૂટી પરથી લોહીના ડાઘા મળતાં સાબિત થઈ ગયું હતું કે પતિએ જ પત્નીની હત્યા કરી છે.

## કચ્છ બોર્ડર પરથી ઘૂસણખોરી કરતો પાક. નાગરિક ઝડપાયો, સઘન પૂછપરછ હાથ ધરાઈ

**કચ્છ**

કચ્છની સંવેદનશીલ સરહદ પરથી ફરી એકવાર પાકિસ્તાની નાગરિકની ઘૂસણખોરીની ઘટના સામે આવી છે. બોર્ડર સિક્યુરિટી ફોર્સ અને સુરક્ષા જવાનોની સતર્કતાને કારણે આ પાકિસ્તાની નાગરિકને ઝડપી લેવામાં આવ્યો છે. આ બનાવની ગંભીરતાને ધ્યાનમાં લઈ વિવિધ સુરક્ષા એજન્સીઓ તાત્કાલિક હરકતમાં આવી ગઈ હતી. સુત્રોના જણાવ્યા અનુસાર, ઝડપાયેલા શખ્સની SG, લોકલ IB, સેન્ટ્રલ IB અને BSF ના અધિકારીઓ દ્વારા સંયુક્ત રીતે સઘન પૂછપરછ કરવામાં આવી હતી. સરહદ પારથી કોઈ જાસૂસી કે નાપાક ઈરાદા સાથે ઘૂસણખોરી કરવામાં આવી છે કે કેમ તે દિશામાં ઝીણવટભરી તપાસ હાથ ધરવામાં આવી હતી. જોકે, રાહતની વાત એ છે કે પ્રાથમિક તપાસ અને તલાશી દરમિયાન આ નાગરિક પાસેથી કોઈપણ પ્રકારના હથિયાર, શંકાસ્પદ દસ્તાવેજો કે વાંધાજનક વસ્તુઓ મળી આવી નથી.

# પાલિતાણામાં સગીરાનું અપહરણ કરી દુષ્કર્મ, મહિલા સહિત ચારની ધરપકડ

### અન્ય એક ફરાર આરોપીની શોધખોળ હાથ ધરાઈ

**ભાવનગર**

ભાવનગરના પાલિતાણામાંથી એક ચોંકાવાનારો મામલો સામે આવ્યો છે. જેમાં એક સગીરાનું અપહરણ કરી દુષ્કર્મ આચર્યું હોવાની ઘટના સામે આવી છે. પાલિતાણા પોલીસે આ મામલે ફરિયાદના આધારે શોધખોળ હાથ ધરી હતી અને સગીરાને શોધી વાલીને સોંપી દેવાઈ છે. આ સિવાય અપહરણ અને દુષ્કર્મમાં સામેલ 4 આરોપીની ધરપકડ કરી છે અને અન્ય એક આરોપી ફરાર છે.

શનિવારે પાલિતાણા પોલીસ સ્ટેશનમાં સગીરાના અપહરણની ફરિયાદ દાખલ કરવામાં આવી હતી. પોલીસે ફરિયાદના આધારે સગીરાની શોધખોળ હાથ ધરી હતી. ફરિયાદના બે દિવસની અંદર સોમવારે પોલીસ તપાસ બાદ સગીરા મળી આવી હતી. ત્યારબાદ પોલીસ અને પરિવાર દ્વારા સગીરાની પૂછપરછ કરતા તેનું દુષ્કર્મ આચર્યું હોવાની ગંભીર માહિતી સામે આવી હતી. આ માહિતીના આધારે પોલીસે તાત્કાલિક અપહરણ અને દુષ્કર્મનો ગુનો દાખલ કરી કાર્યવાહી હાથ ધરી હતી. સગીરાના નિવેદનના આધારે પોલીસે વિવિધ BNS (ભારતીય ન્યાય સંહિતા) અને POCSO એક્ટ હેઠળ કલમો લગાવી કાર્યવાહી કરી હતી. પોલીસે આ ગુનામાં એક મહિતા સહિત ચાર આરોપીને ઝડપી લીધા છે અને અન્ય એક ફરાર આરોપીની શોધખોળ શરૂ છે.

આરોપી રૂબિના મોહમ્મદની ધરપકડ કરી તેને જેલ હવાલે કરી દેવાઈ છે. આ સિવાય અન્ય આરોપી અશ્વિન ચૌહાણ, નટુભાઈ ચૌહાણ અને મહેશ ચુડાસમાની ધરપકડ કરી કોર્ટમાંથી બે દિવસના રિમાન્ડ મેળવવામાં આવ્યા છે. હાલ, આ ત્રણેય આરોપી બે દિવસની પોલીસ કસ્ટડીમાં છે. આ સિવાય અન્ય એક શૈલેષ મકવાણા નામનો આરોપી ફરાર છે, જેની શોધખોળ શરૂ છે. પોલીસ આ મામલે પુરાવાના આધારે આગળની કાર્યવાહી હાથ ધરશે.







સ્વદેશ CANADA
Registration # 869127209
Publication Mail Agreement /
Email : info@swadesh.news
WWW.SWADESH.NEWS

Return Undeliverable Canadian Address To :
Shree Balaji Inc.
Registered Address
713, Markham Road,
Scarborough M1H 2A8.

Editor : Manoj Gandhi
Director & Publisher : Rameshbhai Vyas
Director Marketing : Pareshkumar Champakbhai Peshwa
Director : Nilesh Tailor
Montreal Bureau : Vijay Patel (514-826-7442)
GUJARAT OFFICE MAC AGENCIES : F-9, Jolly Square, Ram Chowk, Ghod-Dod Road, Surat – 395 001. GUJARAT ( INDIA)

Designed By
Sabir Daroga
Mevada Piyush
Firoz Shaikh

Declaimer : Swadesh is a weekly newspaper published by Shree Balaji Inc. in Gujarati Language. The opinions expressed in Swadesh may not be those of the publisher. Contents of this publication are covered by copyright and offenders will be prosecuted under the law.

# રાજકોટમાં ક્રિકેટર ચેતેશ્વર પૂજારાના સાળાનો આપઘાત, મંગેતરે દુષ્કર્મનો આરોપ લગાવ્યો હતો

## દુષ્કર્મની ફરિયાદની વરસીએ જ ભર્યું આઘાતજનક પગલું, પોલીસ મથકે ફરિયાદ

**રાજકોટ**

આ આત્મહત્યા કેસમાં સૌથી આઘાતજનક બાબત તેની તારીખ છે. જીત પાબારીએ બુધવાર, 26 નવેમ્બર, 2025ના રોજ પોતાનું જીવન ટૂંકાવ્યું. બરાબર એક વર્ષ પહેલાં, એટલે કે 26 નવેમ્બર, 2024ના રોજ, જીતની પૂર્વ મંગેતર દ્વારા તેની વિરુદ્ધ માલવિયાનગર પોલીસ સ્ટેશનમાં દુષ્કર્મની ફરિયાદ નોંધાવવામાં આવી હતી. પોલીસ ફરિયાદની એ જ તારીખે આત્મહત્યા કરી લેતા, એવી આશંકા પ્રબળ બની છે કે જીત છેલ્લા એક વર્ષથી ચાલી રહેલા કેસના કારણે ભારે માનસિક દબાણ અને તણાવ હેઠળ હતો.

ગત વર્ષે નોંધાયેલી ફરિયાદમાં જીતની પૂર્વ મંગેતરે ગંભીર આરોપો લગાવ્યા હતા. તેણે ફરિયાદમાં જણાવ્યું હતું કે જીત પાબારીએ લગ્નની લાલચ આપીને તેની સાથે બળજબરીપૂર્વક શારીરિક સંબંધો બાંધ્યા હતા. સગાઈ કર્યા બાદ પણ દુષ્કર્મ આચરવામાં આવ્યું હતું અને ત્યારબાદ જીતે સગાઈ તોડી નાખી હતી. આ આરોપોને પગલે જીત સામે કાયદાકીય કાર્યવાહી ચાલી રહી હતી.

આ ઘટનાથી ચેતેશ્વર પુજારાની પત્ની પૂજા પુજારા અને તેમના સમગ્ર પરિવારને ઊંડો આઘાત લાગ્યો છે. પુજારાના સાસરિયાઓ મૂળ જામજોધપુરના વતની છે પરંતુ છેલ્લા વીસેક વર્ષથી રાજકોટમાં સ્થાયી થયા છે. તેમના સસરા રસિકભાઈ પાબારી કોટન જિનિંગ ફેક્ટરીના માલિક છે.

# ઉનામાં હતાશ વિદ્યાર્થીઓનું કાઉન્સેલિંગ કરતા શિક્ષિકાએ જ જીવન ટૂંકાવી દીધું

## રસોડામાં ફાંસો ખાઈ લીધો હતો, આપઘાતનું કારણ અકબંધ

**ઉના**

મૂળ નવાબંદરના વતની અને હાલ શાહ એચ.ડી. હાઈસ્કૂલ સામે આવેલી સોસાયટીમાં રહેતા કાજલબેન વાઢેર (ઉ.વ.૩૦) પાંચેક માસ પહેલા જાફરાબાદની મોડલ સ્કૂલમાં શિક્ષિકા તરીકે નોકરીએ લાગ્યા હતા. સમાજ શાસ્ત્ર વિષયમાં અભ્યાસ કરાવતા કાજલબેને મનોવિજ્ઞાન વિષયનો અભ્યાસ કર્યો હતો. તેઓ કોઈ વિદ્યાર્થી ડિપ્રેશનમાં હોય તો તેનું કાઉન્સેલિંગ કરી હિંમત આપતા હતા.

આ શિક્ષિકા કાજલબેને વહેલી સવારે કોઈ કારણસર પોતાના મકાનના રસોડામાં પંખાના હૂક સાથે પ્લાસ્ટિકની દોરી બાંધી ગળેફાંસો ખાઈ આત્મહત્યા કરી લીધી હતી. સવારે તેમના માતાએ ઉઠીને જોયું તો તેમની પુત્રી પંખા સાથે જોવા મળતાં તેમણે બૂમાબૂમ કરી મુકી હતી. તેમના ભાઈ રાકેશભાઈએ પોલીસને જાણ કરતા પીએસઆઈ હરપાલસિંહ સરવૈયા સહિતનો સ્ટાફ ઘટના સ્થળે પહોંચ્યા હતા. તપાસ કરતા કોઈ સુસાઈડ નોટ મળી ન હતી. પોલીસે મૃતદેહને પીએમમાં ખસેડી વધુ કાર્યવાહી હાથ ધરી છે.

# જુનાગઢમાં 4 મિત્ર ફરવા ગયા, કાર તળાવમાં પલટી જતાં બે ડૂબી ગયા

**જૂનાગઢ**

જિલ્લાના મેંદરડાના ચાંદ્રાવાડી ગામ નજીક થયેલા એક અકસ્માતમાં બે યુવાને જીવ ગુમાવ્યો હતો જ્યારે અન્ય ત્રણ મિત્રને ઈજાઓ થતા હૉસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા.

અકસ્માતની પ્રાપ્ત વિગતો અનુસાર મેંદરડાના ચાંદ્રાવાડી ગામમાં એક કાર પસાર થઈ રહી હતી ત્યારે વાહનચાલકે સ્ટિયરિંગ પરનો કાબૂ ગુમાવતા કાર બાજુના તળાવમાં ખાબકી હતી, જેમાં બે યુવાન મિત્રએ જીવ ગુમાવ્યા હતા જ્યારે અન્ય ત્રણ મિત્રને ઈજા પહોંચી હતી. આ કારમાં બગસરાના હડાળા ગામના વતની કિશન લખમણભાઈ કાવાણી અને માંગરોળના ચંદવાણા ગામના મહિપાલ અશોકભાઈ કુબાવત કાર લઈને મિત્રો સાથે ગઢાળીથી મેંદરડા તરફ જઈ રહ્યા હતા. તે સમયે આ અકસ્માત થતા તળાવમાં ડૂબી જવાને કારણે કિશન અને મહિલપાલના મોત નિપજ્યા હતા જ્યારે અન્ય ત્રણને ઈજાઓ થઈ હતી. અકસ્માત થતાં જ ત્યાંથી પસાર થતા લોકો મદદે દોડ્યા હતા અને પોલીસ પણ ઘટનાસ્થળે પહોંચી ગઈ હતી. ઘટના બાદ બન્ને તાલુકામાં શોકનો માહોલ જોવા મળ્યો હતો.

# રાજકોટમાં નિવૃત આર્મીમેનને એપ્લિકેશન ડાઉનલોડ કરાવીને 10 લાખ ઉપાડી લીધા

**રાજકોટ**

રૈયા હિલ્સ નજીક ગ્રિન સિટી ફ્લેટમાં રહેતાં અને ૧૫૦ ફૂટ રિંગ રોડ પર નાનામવા સર્કલ નજીક મિલેનીયમ કોમ્પલેક્ષમાં એસ.કુમાર એડીબલ ઓઈલમાં લોજીસ્ટીક મેનેજર તરીકે નોકરી કરતાં સુધીરભાઈ મોનાણી (ઉ.વ.૩૭) ના પિતા નિવૃત આર્મીમેન ગીરીશભાઈ (ઉ.વ.૬૮)ને કોલ કરી અજાણ્યા શખ્સે બેંકના કર્મચારીની ખોટી ઓળખ આપી મોબાઈલ હેક કરી રૂા.૧૦ લાખ ટ્રાન્સફર કરી લીધા હતા.

સુધીરભાઈએ પોલીસને જણાવ્યું કે તેના પિતા આર્મીમાંથી રિટાયર્ડ થયા બાદ પંજાબ નેશનલ બેંકમાં બેન્ક ઓફિસર તરીકે જોબ કરી હતી. ૨૦૧૮માં તે ત્યાંથી રીટાયર્ડ થયા હતા. તેના પિતાના વોટસએપ ગુરપમાં એક શખ્સ દ્વારા પોસ્ટ શેર કરવામાં આવી હતી. ગીરીશભાઈ વયોવૃધ્ધ હોવાથી અને હાલ જોવામાં તકલીફ રહેતી હોવાથી સમજવામાં ભૂલ કરી ભૂલથી તે નંબરને બેન્કનો ઓફિશીયલ મોબાઈલ નંબર સમજી લીધો હતો. તેમનું પેન્શન બેંકમાં જમા થતું હોવાથી નવેમ્બર માસમાં પેન્શન ધારકોને હયાતિનો દાખલો આપવાનો હોય છે. જે દાખલો તેમના પિતાને આપવાનો બાકી હતો. આથી તેમણે તે ફ્રોડ નંબર પર કોન્ટેક કરી વાતચીત કરતાં અજાણ્યા શખ્સે એક એપ્લીકેશનની લિન્ક મોકલી હતી. એટલું જ નહીં તેના પિતાએ અજાણ્યા શખ્સને વોટસએપમાં એટીએમનો ફોટો પણ આપ્યા હતા. બીજી તરફ તેના પિતાએ તે લિન્ક વડે એપ્લીકેશન ડાઉનલોડ કર્યા બાદ મોબાઈલ હેક થઈ ગયો હતો. એટલું જ નહીં તેના બેન્ક ખાતામાંથી રૂા.૫-૫ લાખ મળી કુલ રૂા.૧૦ લાખના ટ્રાન્ઝેકશન જાણ બહાર થઈ ગયા હતા.

# ગળથર ગામે બે વર્ષ પહેલા થયેલી આધેડની હત્યા મુદ્દે શખ્સને 7 વર્ષ સખત કેદની સજા

## બે વર્ષ પૂર્વેની ઘટનામાં મહુવા કોર્ટે સજા કરી હતી અને રોકડ રકમનો દંડ ફટકાર્યો

**ભાવનગર**

ગળથર ગામે બે ભાઈઓ વચ્ચે લાઈટના થાંભલા નાંખવા જેવી નજીવી બાબતમાં તકરાર ચાલતી હતી. જેની દાઝ રાખી ગત તા.૨૨-૧૧-૨૦૨૩ના રોજ સવારના સમયે માનસંગભાઈ અને તેમનો પુત્ર ગામની સીમમાં આવેલ વાડી વિસ્તારમાં ભેંસો ચરાવવા ગયા હતા. ત્યારે માનસંગભાઈનો ભાઈ પ્રતાપ નગાભાઈ ગોહિલ, તેના પુત્રો વિક્રમ અને ગોપાલ ઉર્ફે જુવાનસિંહ ગોહિલે આવી ગાળો દઈ લાકડી તેમજ ઢીકાપાટુંનો માર મારી ગંભીર ઈજા પહોંચાડતા ઈજાગ્રસ્ત આધેડને વધુ સારવાર માટે ભાવનગર સર ટી.હોસ્પિટલ લાવવામાં આવ્યા હતા. અહીં તેમનું ગત તા.૨૯-૧૧-૨૩ના રોજ મૃત્યુ થતાં મારામારીનો બનાવ હત્યામાં પરિણમ્યો હતો. બનાવ અંગે બગદાણા પોલીસે હત્યા સહિતની કલમો હેઠળ ગુનો નોંધી ત્રણેય શખ્સની ધરપકડ કરી હતી. આ અંગેનો કેસ મહુવાના બીજા એડી. ડિસ્ટ્રીક્ટ એન્ડ સેશન્સ જજ અતુલકુમાર એસ. પાટીલની અદાલતમાં ચાલી જતાં સરકારી વકીલ કમલેશભાઈ કેસરીની અસરકારક દલીલો, આધાર-પુરાવા, સાક્ષીઓ વગેરેને ધ્યાને રાખી આરોપી વિક્રમ પ્રતાપભાઈ ઉર્ફે પાતાભાઈ ગોહિલને કસુરવાન ઠેરવી સાત વર્ષ સખત કેદની સજા, ૫૦ હજારનો દંડ, જો દંડ ન ભરે તો વધુ છ માસની સાદી કેદ તેમજ મરણજનારના વારસદારને દંડની રકમ વળતર પેટે ચૂકવવા હુકમ કર્યો હતો. અન્ય બે શખ્સને શંકાનો લાભ આપી નિર્દોષ છોડી મુકવામાં આવ્યા હતા.

# નીલકંઠ મહાદેવ મંદિરના પ્રાંગણમાં ઝેરી મધમાખીએ હુમલો કરતા ભાગદોડ

**ભુજ**

કચ્છના બંદરીય મુંદરા તાલુકાના ગુંદાલા ગામમાં આવેલા પ્રસિદ્ધ નીલકંઠ મહાદેવ મંદિરના પરિસરમાં ધસી આવેલાં ઝેરી મધમાખીઓના ઝુંડે આઠથી દસ દર્શનાર્થીઓ પર હુમલો કરી દેતાં અંદાજે પાંચથી સાત જેટલા શ્રદ્ધાળુઓને સારવાર અર્થે હોસ્પિટલમાં દાખલ કરવા પડ્યા હતા.

મળતી વિગતો પ્રમાણે, સવારના સાડા નવ વાગ્યાના અરસામાં ગુંદાલા ગામના તળાવ કાંઠે આવેલા નીલકંઠ મહાદેવ મંદિરમાં અચાનક કાળા રંગની આક્રમકઃ ઝેરી માખીનું ઝુંડ ધસી આવ્યું હતું અને પરિસરમાં ઘૂમી રહેલા દર્શનાર્થીઓને ડંશ મારી દેતાં ચારથી વધારે દર્શનાર્થીઓને નજીકની સરકારી હોસ્પિટલમાં તાત્કાલિક લઈ જવામાં આવ્યા હતા

જ્યાં પ્રાથમિક સારવાર આપીને રજા અપાઈ હતી, જ્યારે બાકીના દોઢ વર્ષના બાળકથી માંડીને વૃદ્ધ સુધીના છ-સાત દર્શનાર્થીઓને ઝેરી મધમાખીના ઝુંડે એકથી વધારે વખત ડંશ માર્યા હોઈ, તેમને મુંદરાની ખાનગી હોસ્પિટલમાં દાખલ કરવાની નોબત આવી પડી છે. હાલ તમામની તબિયત સુધારા પર હોવાનું જાણવા મળી રહ્યું છે.

# રાજકોટમાં વોલીબોલ રમતાં રમતાં ઢળી પડેલા ધો. 12ના વિદ્યાર્થીનું હાર્ટ એટેકથી મોત

**રાજકોટ**

રાજકોટના કાલાવડ રોડ પર ક્રિસ્ટલ મોલની પાછળ આવેલા 'સેલેનિયમ હેરીટેજ' બિલ્ડિંગમાં રહેતા આદિત્ય આકાશભાઈ વાછાણી (ઉ.વ. 18) શહેરના આકાશવાણી ચોક નજીક આવેલી એસએનકે સ્કૂલમાં ધોરણ 12માં અભ્યાસ કરતો હતો. રવિવારે રજા હોવાથી આદિત્ય પોતાના મિત્રો સાથે સ્કૂલના ગ્રાઉન્ડમાં વોલીબોલ રમવા ગયો હતો. રમત ચાલુ હતી ત્યારે અચાનક આદિત્ય બેભાન થઈ ગયો હતો. આદિત્ય અચાનક ઢળી પડતા તેના મિત્રો અને સ્કૂલનો સ્ટાફ ગભરાઈ ગયો હતો અને તેને તાત્કાલિક સારવાર માટે નજીકની ખાનગી હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો. જોકે, ફરજ પરના તબીબોએ તેને મૃત જાહેર કર્યો હતો.

# વેરાવળમાં કમ્પાઉન્ડર બન્યો સિરિયલ કિલર : મોજશોખ માટે હત્યા કરી, મિત્રને પણ મોર્ફિન ડ્રગ્સ આપી મોતને ઘાટ ઉતાર્યો

## આરોપી મહિલાને થેલેસેમિયાનો ટેસ્ટ સસ્તામાં કરી આપવાનું કહી ઘરમાં ઘૂસ્યો, હત્યા કર્યા બાદ ફરાર

**વેરાવળ**

ગીર સોમનાથના વેરાવળમાં એક ડૉક્ટરને ત્યાં કમ્પાઉન્ડર તરીકે કામ કરતા 24 વર્ષીય શ્યામ ચૌહાણ નામના આરોપીએ બે હત્યા કરીને સમગ્ર પંથકમાં ચકચાર મચાવી હતી. શ્યામ ચૌહાણે પોતાની પડોશમાં રહેતા ચાંડેગરા પરિવારના ભાવનાબેન ચાંડેગરાને વિશ્વાસમાં લઈને સસ્તામાં થેલેસેમિયા ટેસ્ટ કરી આપવાની લાલચ આપી હતી, જેથી તે તેમનું બ્લડ સેમ્પલ લેવા માટે 11 નવેમ્બર 2025ના તેના ઘરે પહોંચ્યો હતો.

ભાવનાબેનના ઘરે પહોંચેલા શ્યામે બ્લડ તેમનું બ્લડ સેમ્પલ લીધું હતું અને પછી તેમને એનેસ્થેસિયા આપીને બેભાન કરી દીધા હતા, ત્યાર બાદ ત્યાર પછી તેમને શ્વાસ લેવાની તકલીફ ઊભી થયા પછી મોતને ભેટ્યા હતા. શ્યામ ભાવનાબેનના શરીર પરથી ઘરેણા ઉતારીને ફરાર થઈ ગયો હતો. શરૂઆતમાં પોલીસને આ આત્મહત્યાનો કેસ લાગ્યો હતો, પરંતુ તેમના શરીર પર ઘરેણા ન જોતા પોલીસે આ કેસ હત્યા અને ચોરીનો હોવાનું અનુમાન લગાવ્યું હતું. ભાવનાબેનના મૃતદેહ પાસેથી મળેલા પુરાવા અને તપાસ બાદ પોલીસને જાણવા મળ્યું કે, ભાવનાબેનના શરીરમાંથી લોહી લેવામાં આવ્યું હતું તથા તેમને એનેસ્થેસિયા પણ આપવામાં આવ્યો હતો. તેથી આ કામને કોઈ તબીબી ક્ષેત્ર સાથે જોડાયેલા વ્યક્તિએ અંજામ આપ્યો હોવાનું પોલીસે અનુમાન લગાવ્યું હતું. જેથી પોલીસને ચાંડેગરા પરિવારના પડોશી શ્યામ ચૌહાણ પર શંકા ગઈ હતી. પોલીસ તેના પર સતત નજર રાખી રહી હતી. એક દિવસ શ્યામ ચોરીના ઘરેણા લઈને એક જ્વેલરી શોપમાં ગીરવે મૂકવા ગયો હતો. પરંતુ ત્યાં પોલીસે તેને રંગેહાથ ઝડપી પાડ્યો હતો. ધરપકડ બાદ શ્યામ ચૌહાણે પોલીસની પૂછપરછમાં વટાણા વેરી દીધા હતા.



## સોનમે ધાર્મિક સ્થળે શૂટિંગ કરતા વિવાદ

મુંબઇ : પંજાબી અભિનેત્રી સોનમ બાજવા હાલ મુસીબતમાં મુકાઇ ગઇ છે. તે પોતાની આવનારી ફિલ્મ પીટ સ્યાપાનુ શૂટિંગ એક મસ્જિદમાં કરી રહી હતી ત્યારે વિવાદ ઊભો થયો હતો. પંજાબના શાહી ઇમામે મસ્જિદની અંદર શૂટિંગ કરવા માટે ધાર્મિક ઠેસ પહોંચાડી હોવાની ફરિયાદ કરી છે.એટલું જ નહીં આ મસ્જિદની અંદર શૂટિંગ કરવા પર પ્રતિબંધ હોવાનું પણ જણાવ્યું હતું.આ બાબતે અભિનેત્રી અને ફિલ્મની ટીમ વિરુદ્ધ કાર્યવાહી કરવાનું ફરિયાદમાં જણાવ્યું હતું.

# સ્વદેશ

# બોલિવૂડ શોકમાં ગરકાવ... એક યુગનો અંત



દિગ્ગજ અભિનેતા ધર્મેન્દ્રનું 24 નવેમ્બર 2025ના રોજ 89 વર્ષની વયે નિધન થયું છે. તેઓ ભારતીય સિનેમાના હી-મેન તરીકે પ્રખ્યાત હતા. તેમના નિધનથી સિનેમા જગતમાં શોકની લહેર પ્રસરી ગઈ છે. વૃદ્ધાવસ્થાના કારણે તેઓ છેલ્લા ઘણાં સમયથી વિવિધ બીમારીથી પીડિત હતા. મુંબઈની બ્રીચ કેન્ડી હોસ્પિટલમાં તેમની સારવાર ચાલી રહી હતી. હજુ થોડા દિવસ પહેલા જ તેમને હોસ્પિટલમાંથી રજા અપાઈ હતી અને ઘરે તેમની સારવાર ચાલી રહી હતી.


બોલિવૂડમાં વીરુ, હીમેન, ધરમ પાજી તરીકે જાણીતા ધર્મેન્દ્ર આખરે પંચતત્વમાં વિલીન થયા. સલમાન, શાહરુખ, અમિતાભ સહિતની અનેક બોલિવૂડ હસ્તીઓની હાજરીમાં તેમને મુખાગ્નિ અપાયા હતા. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ પણ ધર્મેન્દ્રના નિધન પર દુ:ખ વ્યક્ત કરતાં ભારતીય સિનેજગતના એક યુગનો અંત ગણાવ્યો હતો. અક્ષય કુમાર, સલમાન ખાન, સલીમ ખાન અને સંજય દત્ત સહિતના બોલિવૂડ સેલેબ્સ પવન હંસ સ્મશાન પહોંચ્યા હતા.

## ધર્મેન્દ્રની 65 વર્ષ લાંબી કારકિર્દી

ધર્મેન્દ્રએ 1960માં ફિલ્મ "દિલ ભી તેરા હમ ભી તેરે" થી પોતાના એક્ટિંગ કરિયરની શરૂઆત કરી હતી. ત્યારબાદ તેઓ 1961ની ફિલ્મ "બોય ફ્રેન્ડ"માં સહાયક ભૂમિકામાં જોવા મળ્યા હતા. અસંખ્ય હિટ, સુપરહિટ અને બ્લોકબસ્ટર આપીને ધર્મેન્દ્ર 65 વર્ષ સુધી અભિનયમાં સક્રિય રહ્યા. તેમણે શોલે (1975), ચુપકે ચુપકે (1975), સીતા ઔર ગીતા (1972), ધરમવીર (1977), ફૂલ ઔર પથ્થર (1966), જુગનુ (1973) અને યાદો કી બારાત (1973) જેવી ફિલ્મોમાં અભિનય કર્યો છે.

## હેમા માલિનીની ભાવુક પોસ્ટ : ધરમજીએ સરળ સ્વભાવથી અમારા સૌના દિલ જીત્યાં

મેન્દ્રના મૃત્યુના લગભગ ત્રણ દિવસ પછી તેમના પત્ની હેમા માલિનીએ પહેલી પોસ્ટ કરી હતી. હેમા માલિનીએ પોસ્ટમાં લખ્યું કે, 'ધરમ જી,



તેઓ મારા માટે ઘણું બધું હતા. એક પ્રેમાળ પતિ, અમારી બે પુત્રીઓ ઈશા અને આહાનાના પિતા, મિત્ર, ફિલોસોફર, ગાઈડ અને એવા વ્યક્તિ જેમની પાસે હું જરૂરતના સમયે કંઈ પણ વિચાર્યા વિના જઈ શકતી હતી. તે મારા માટે બધું જ હતા. અમે સારા અને ખરાબ સમયમાંથી પસાર થયા. તેમણે તેમના સરળ સ્વભાવ અને ફ્રેન્ડલી અપ્રોચની સાથે મારા પરિવારના તમામના દિલ જીતી લીધા.

## પલાશ મુચ્છલએ સ્મૃતિ મંધાનાને આપ્યો દગો ? સોશિયલ મીડિયામાં ખુલાસો !



ભારતીય ક્રિકેટર સ્મૃતિ મંધાના અને બૉલિવુડ ડિરેક્ટર પલાશ મુછલના લગ્ન મુલતવી રાખવાથી સોશિયલ મીડિયા પર ચર્ચાનો દોર શરૂ થયો. ત્યારબાદ એક રહસ્યમય મહિલાનો પ્રવેશ થયો. રહસ્યમય મહિલાએ કેટલાક ગંભીર ખુલાસા કર્યા. લગ્ન મુલતવી રાખવાના સમાચાર આવ્યા ત્યારથી, સોશિયલ મીડિયા પર પલાશ મુછલ સામે ગંભીર આરોપો લાગી રહ્યા છે. રહસ્યમય છોકરીની લીક થયેલી ચેટ્સે આ મામલામાં નવો વળાંક લીધો છે. ફેન્સે હવે રહસ્યમય છોકરીને ટ્રોલ કરવાનું શરૂ કરી દીધું છે, જેના કારણે સોશિયલ મીડિયા પર એક મોટો ખુલાસો થયો છે. પલાશ મુછલ કેસ પર હવે દર કલાકે એક નવી અપડેટ સામે આવી રહી છે. સ્મૃતિ મંધાના અને પલાશ મુછલના લગ્ન મુલતવી રાખ્યા પછી, મેરી ડી'કોસ્ટા નામની એક મહિલાએ સોશિયલ મીડિયા પર એક પોસ્ટ પોસ્ટ કરી હતી જેમાં દાવો કરવામાં આવ્યો હતો કે મુછલ લગ્નના થોડા દિવસો પહેલા ચેટ દ્વારા તેની સાથે ફ્લર્ટ કરી રહ્યો હતો. આ પોસ્ટ વાયરલ થઈ હતી, જેના કારણે સોશિયલ મીડિયા પર ઘણી ચર્ચા થઈ હતી. મેરી ડી'કોસ્ટાએ સોશિયલ મીડિયા પર એક રીલ બનાવીને પોતાનું નામ સાફ કરી દીધું છે. જોકે, લગ્ન મુલતવી રાખવાના અહેવાલો પછી, તેણે પલાશનું સત્ય સમજાવવાનો પ્રયાસ કર્યો.

## શ્રદ્ધા કપૂર ડાન્સ કરતી વખતે ઘાયલ થતાં ઈથાનું શૂટિંગ અટક્યું



મુંબઈ: શ્રદ્ધા કપૂર 'ઈથા' ફિલ્મ માટે લાવણી ડાન્સની એક સીકવન્સનું શૂટિંગ કરી રહી હતી ત્યારે ઘાયલ થઈ હતી. શ્રદ્ધાને ઈજા થતાં ફિલ્મનું શૂટિંગ અટકાવી દેવામાં આવ્યું છે.

'ઈથા' મહારાષ્ટ્રનાં વિખ્યાત નૃત્યાંગના વિઠાબાઈ નારાયણગાંવકરની બાયોપિક છે.

તેઓ લાવણી નૃત્ય કળામાં બહુ પારંગત હતાં. શ્રદ્ધાએ આ રોલ માટે ૧૫ કિગ્રા વજન વધાર્યું છે.

શૂટિંગ વખતે તે નવવારી સાડી, હેવી જ્વેલરી તથા કમરપટ્ટામાં સજ્જ હતી. લાવણીમાં વાદ્યના તાલે એકદમ ઝડપથી આગળ પાછળ અને ક્રોસ મુવમેન્ટ કરવાની હોય છે.

આમ કરવા જતાં શ્રદ્ધાનું બધું વજન તેના ડાબા પગ પર આવી ગયું હતું અને તે ગબડી પડી હતી.

શ્રદ્ધાએ તે પછી પોતાના ક્લોઝઅપ્સ લઈ લેવા સૂચવ્યું હતું અને ટીમે એ રીતે શૂટિંગ આગળ વધાર્યું હતું. જોકે, તેને પીડા એકદમ વધી જતાં આખરે શૂટિંગ મુલત્વી રાખવામાં આવ્યું હતું. હવે બે સપ્તાહ સુધી શૂટિંગ ઠપ રહે તેવી સંભાવના છે.

## સેલિના જેટલીએ પતિ પીટર વિરુદ્ધ હિંસાનો કેસ દાખલ કરીને માગ્યું 50 કરોડનું વળતર

ભૂતપૂર્વ મિસ ઈન્ડિયા અને મિસ યુનિવર્સ રનર-અપ તથા બોલીવુડ અભિનેત્રી સેલિના જેટલીએ તેના પતિ, ઓસ્ટ્રિયન ઉદ્યોગપતિ પીટર હોગ સામે ઘરેલુ હિંસાનો કેસ દાખલ કર્યો છે. સેલિના જેટલીએ પીટર હોગને કારણે થયેલી આવકના નુકસાન માટે 50 કરોડ રૂપિયાનું વળતર માંગ્યું છે. આ ઉપરાંત તેણીએ 10 લાખ રૂપિયાનું માસિક ભરણપોષણ, હોગના મુંબઈના નિવાસસ્થાન પર રોક અને તેમના ત્રણ બાળકોની કસ્ટડીની માંગ કરી છે. કોર્ટે અરજીની સુનાવણી દરમિયાન પીટર હોગને નોટિસ ફટકારી છે. કાયદાકીય પેઢી કરંજવાલા એન્ડ કંપનીની એક ટીમ આ કેસમાં સેલેનાનું પ્રતિનિધિત્વ કરી રહી છે.



આરોપો અનુસાર, પીટરના ગુસ્સા અને દારૂના વ્યસનને કારણે સેલેનાને ઓસ્ટ્રિયાથી ભાગીને ભારત આવવાની ફરજ પડી હતી. હાલમાં, બાળકો ઓસ્ટ્રિયામાં પીટર સાથે છે. સેલેના અને પીટરે 2011 માં ઓસ્ટ્રિયામાં લગ્ન કર્યા હતા. જોડિયા પુત્રો, વિન્સ્ટન અને વિરાજનો જન્મ માર્ચ 2012 માં થયો હતો. સપ્ટેમ્બર 2017માં, જોડિયા પુત્રો, આર્થર અને શમશેરનો જન્મ થયો હતો, પરંતુ શમશેરનું જન્મના થોડા દિવસો પછી મૃત્યુ થયું હતું. આ કેસ પણ સમાચારમાં છે કારણ કે ગયા વર્ષે સેલેનાએ પીટર માટે તેમની વર્ષગાંઠ પર ઈન્સ્ટાગ્રામ પર એક લાંબી, રોમેન્ટિક પોસ્ટ શેર કરી હતી.

## ઝુબીન ગર્ગનું મોત કોઇ અકસ્માત નહીં પણ હત્યા હતી : અસમના CM બિસ્વા




અસમના મુખ્યમંત્રી હિમંતા બિસ્વા સરમાએ વિધાનસભામાં જણાવ્યું હતું કે ગાયક ઝુબીન ગર્ગનું મૃત્યુ અકસ્માત નહીં પણ હત્યાનો સ્પષ્ટ કેસ હતો. અસમ વિધાનસભાના શિયાળુ સત્રના પહેલા જ દિવસે ગાયક ઝુબીન ગર્ગના મૃત્યુનો મુદ્દો ગરમાયો હતો. વિપક્ષે આ મુદ્દા પર ચર્ચા કરવા માટે સ્થગન પ્રસ્તાવ રજૂ કર્યો હતો. જેને સ્પીકરે મંજૂરી આપી હતી. ત્યારબાદ, મુખ્યમંત્રી હિમંતા બિસ્વા સરમાએ નિવેદન આપ્યું જેણે સમગ્ર ગૃહનું વાતાવરણ બદલી નાખ્યું હતુ. ચર્ચા દરમિયાન, મુખ્યમંત્રીએ જણાવ્યું હતું કે ઝુબીન ગર્ગનું મૃત્યુ સામાન્ય અકસ્માત નથી. તેમણે સ્પષ્ટપણે કહ્યું હતું કે આ ન તો બેદરકારીનો કેસ હતો, ન તો ગુનાહિત કાવતરું, કે ન તો આયોજિત ઘટના. તેમના મતે, આ એક સીધી હત્યા હતી.

અસમ સરકારે ઝુબીન ગર્ગના મૃત્યુની તપાસ માટે કમિશન બનાવ્યું છે. જેનું નેતૃત્વ ગૌહાટી હાઈકોર્ટના ન્યાયાધીશ જસ્ટિસ સૌમિત્ર કરશે. આ કમિશન 3 નવેમ્બરથી નિવેદનો અને દસ્તાવેજો એકત્રિત કરી રહ્યું છે. કમિશનને મૂળ રીતે 21 નવેમ્બર સુધીમાં તેનો અહેવાલ સુપરત કરવાનો હતો. પરંતુ હવે પુરાવા એકત્રિત કરવા અને જુબાનીઓ રેકોર્ડ કરવાની સમયમર્યાદા 12 ડિસેમ્બર સુધી લંબાવવામાં આવી છે.








હવે, સ્વદેશ વેબસાઈટના બદલાતા ક્લેવર

નિહાળો નીત નવા રૂપરંગમાં !!

માત્ર ગરવી ગુજરાત કે મેરા ભારત મહાન જ નહિ પરંતુ સમગ્ર વિશ્વની અટારીએ સર્જાતી અનેકવિધ ઘટનાઓનો સાક્ષાત્કાર ક્ષણેક્ષણ માણો !!

રાજકારણ, સમાજ, ધર્મ, શિક્ષણ, રમતગમત, મનોરંજનનો મહાસાગર, હોલીવુડ-બોલીવુડ, પ્રવાસ-પર્યટન, પર્યાવરણ તથા આરોગ્ય વિષયક માહિતીના રોમાંચક ખજાનાનો આવિષ્કાર !!

www.swadesh.news

સ્વદેશમાં વિજ્ઞાપનો માટે ઈમેલ એડ્રેસ પર માહિતી મોકલો

info@swadesh.news


## કિયોસાકીએ કરેલી મંદીની આગાહી સાચી પડી રહ્યાનો દાવો

# ક્રિપ્ટોકરન્સીમાં કડાકો, રોકાણકારોમાં ભયનું પરિણામ

ક્રિપ્ટોકરન્સી અને ખાસ કરીને બિટકોઈનના ભાવોમાં જબરદસ્ત કડાકો ચાલી રહ્યો છે. એક બિટકોઈનની કિંમત એકાદ મહિના પહેલાં ૧,૨૫,૦૦૦ ડોલર બોલાતી હતી તે આજે ઘટીને ૮૦,૦૦૦ ડોલર ઉપર આવી ગઈ છે. બિટકોઈનના ભાવોમાં ૨૫ ટકાથી વધુ કડાકો થઈ ગયો છે. આ વાતાવરણમાં રિચ ડેડ પુઅર ડેડના લેખક રોબર્ટ કિયોસાકીએ ખુલાસો કર્યો કે, તેમણે ૨૨.૫ લાખ બિટકોઈન લગભગ ૯૦,૦૦૦ ડોલરના ભાવમાં વેચ્યા છે. તેમણે વર્ષો પહેલાં ક્રિપ્ટોકરન્સી ખરીદી હતી, જ્યારે બિટકોઈનની કિંમત ૬,૦૦૦ ડોલરની આસપાસ હતી. બિટકોઈન જાયન્ટ ઓવેન ગુન્ડેન દ્વારા લગભગ ૧.૩ અબજ ડોલર મૂલ્યના તેમના લગભગ સમગ્ર બિટકોઈન હોલ્ડિંગ્સને વેચી દીધા, તેના થોડા સમય પછી કિયોસાકીનો ખુલાસો થયો છે. કિયોસાકી દલીલ કરે છે કે, એક દાયકા કરતાં વધુ સમય પહેલાં તેમણે જે મંદીની આગાહી કરી હતી. બિટકોઈનમાંથી મળેલી રોકડ રકમથી હું બે સર્જરી સેન્ટર ખરીદી રહ્યો છું અને બિલબોર્ડ બિઝનેસમાં રોકાણ કરી રહ્યો છું. મારો અંદાજ છે કે, સર્જરી સેન્ટરો અને બિલબોર્ડ બિઝનેસમાં મારું ૨૨.૫ લાખ બિટકોઈનનું રોકાણ ફાયદાકારક રહેશે.

ઈતિહાસનો સૌથી મોટો ક્રેશ પહેલાંથી જ શરૂ થઈ ગયો છે અને તે અમેરિકા, યુરોપ અને એશિયામાં ફેલાઈ રહ્યો છે. નાણાંકીય બજારો દબાણ હેઠળ છે, કિયોસાકીએ ચાંદીના ભાવનો વિગતવાર અંદાજ રજૂ કર્યો છે, જેમાં તેમણે કહ્યું કે, ચાંદીનો ભાવ આજે ઔંસ દીઠ ૫૦ ડોલર છે, પણ હું આગાહી કરું છું કે ચાંદીનો ભાવ ટૂંકમાં ૭૦ ડોલર અને ૨૦૨૬માં ૨૦૦ ડોલર સુધી પહોંચશે. કિયોસાકી માને છે કે, આ મંદી રોકાણકારો માટે એક મહત્ત્વપૂર્ણ ક્ષણ છે. લાખો લોકોને ગંભીર નાણાંકીય નુકસાન થઈ શકે છે, એસ્ટેટ રોકાણો છે, જે સ્થિર અને નફાકારક રોકડ પ્રવાહ ઉત્પન્ન કરે છે. બિટકોઈનને ડિજિટલ દુનિયાનું સોનું કહેવામાં આવે છે. તે એક ડિજિટલ ચલણ છે, જે કોઈ પણ બેંક કે સરકારના નિયંત્રણ વિના કાર્ય કરે છે. એટલે કે, તે વિકેન્દ્રિત છે. કોઈ એક સત્તાનું તેના ઉપર નિયંત્રણ નથી. બિટકોઈન કોઈ ભૌતિક સિક્કો કે નોટ નથી, પરંતુ એક ડિજિટલ કોડ છે, જે તમારા ડિજિટલ વોલેટમાં રહે છે. જેમ તમે



**WhatsApp** ઉપર સંદેશા મોકલો છો, તેવી જ રીતે તમે ઈન્ટરનેટ દ્વારા વિશ્વમાં ગમે ત્યાં બિટકોઈન મોકલી શકો છો. તેની સંખ્યા પણ મર્યાદિત છે.

વિશ્વના સૌથી પ્રખ્યાત રોકાણકારોમાંના એક, વોરન બફેટે વારંવાર બિટકોઈનને રોકાણ કરતાં સટ્ટા તરીકે વર્ણવ્યું છે અને ચેતવણી આપી છે કે, મોટો ક્રેશ લાખો રોકાણકારોની સંપત્તિનો નાશ કરી શકે છે. તેમણે બિટકોઈનની સીધી સરખામણી જુગાર સાથે કરીને રોકાણકારોને સ્ટોક અને બોન્ડ જેવી પરંપરાગત સંપત્તિઓ સાથે વળગી રહેવા વિનંતી કરી છે, જેને તેઓ સુરક્ષિત અને વધુ સ્થિર માને છે. છેલ્લા કેટલાક દિવસોથી ક્રિપ્ટો માર્કેટ ઊથલપાથલનો સામનો કરી રહ્યું છે. બિટકોઈનની કિંમત તેના સર્વકાલીન ઉચ્ચતમ સ્તરથી લગભગ ૩૦ ટકા ઘટી ગઈ છે. ક્રિપ્ટો માર્કેટમાં ઘટાડો યુએસ ફેડ દ્વારા વ્યાજ દરમાં ઘટાડાની ઓછી અપેક્ષાઓ, ચાલુ વૈશ્વિક અસ્થિરતા, મોટા અને જૂના રોકાણકારો દ્વારા વેચાણ અને અન્ય મંદીનાં કારણોસર હોઈ શકે છે.

**પ્રાસંગિક**
**ધવલ શુક્લ**

વૈશ્વિક ક્રિપ્ટો બજારનું મૂલ્ય ૩ ટ્રિલિયન ડોલરથી નીચે આવી ગયું છે. ઓક્ટોબરમાં તે ૪.૨૮ ટ્રિલિયન ડોલર હતું અને હવે તે ઘટીને ૨.૯૫ ટ્રિલિયન ડોલર થઈ ગયું છે. રૂપિયામાં મૂલ્ય વિચારતાં તે આશરે ૩૭૯ લાખ કરોડ રૂપિયાથી ઘટીને લગભગ ૨૮૦ લાખ કરોડ રૂપિયા થઈ ગયું છે, ક્રિપ્ટો માર્કેટમાં બિટકોઈનનો હિસ્સો આશરે ૫૮ ટકા છે, જ્યારે ઈથેરિયમનો હિસ્સો ૧૨ ટકા અને અન્યનો હિસ્સો ૩૦ ટકા છે. એક મહિનામાં બિટકોઈનનું મૂલ્ય ઘટીને ૭૬ લાખ રૂપિયા થઈ ગયું છે, જે તેના સર્વકાલીન ઉચ્ચતમ ૧.૧ કરોડ રૂપિયાથી આશરે ૩૪ લાખ રૂપિયાનો ઘટાડો છે. અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પને નોંધપાત્ર નુકસાન થયું છે. તેમની કુલ સંપત્તિમાં નોંધપાત્ર ઘટાડો થયો છે. ફોર્બ્સના અહેવાલ મુજબ ડોનાલ્ડ ટ્રમ્પની કુલ સંપત્તિમાં ૧.૧ અબજ ડોલરનો ઘટાડો થયો છે અને તેની પાછળનું સૌથી મોટું કારણ ખાસ કરીને મુખ્ય ક્રિપ્ટો બિટકોઈનનું ક્રેશ હોવાનું કહેવાય છે. વધુમાં ક્રિપ્ટો કરન્સી બાબતમાં ફિયર અને ગ્રીડ ઈન્ડેક્સ પણ ૧૧ને પાર પહોંચી ગયો છે. આનો સીધો અર્થ એ છે કે રોકાણકારોમાં ભયનું વાતાવરણ છે. તેઓ બજારમાં વિશ્વાસનો અભાવ પણ દર્શાવી રહ્યા છે. દરમિયાન, બિટકોઈનના સૌથી જૂના અને સૌથી મોટાં રોકાણકારોમાંના એક ઓવેન ગુન્ડેને ૨૧ ઓક્ટોબર, ૨૦૨૫ થી ૧૧,૦૦૦ બિટકોઈન વેચ્યા છે, જેનું કુલ મૂલ્ય ૧.૩ ટ્રિલિયન રૂપિયા છે. આ વેચાણથી બજાર પર વધુ દબાણ આવ્યું છે.

બિટકોઈનના રાજા ગણાતા ઓવેન ગુન્ડેને અચાનક એક એવું પગલું ભર્યું છે જેને સમજવા માટે આખી ક્રિપ્ટો દુનિયા સંઘર્ષ કરી રહી છે. કલ્પના કરો, એક વ્યક્તિ જેણે બિટકોઈન ૧ ડોલર કરતાં ઓછી કિંમતના હતા ત્યારે ખરીદ્યા હતા, તેણે આજે તેના બધા બિટકોઈન વેચી દીધા છે અને લગભગ ૧.૩ અબજ ડોલર સાથે બજારમાંથી બહાર નીકળી ગયા છે. ટ્રોન વીકલીના એક અહેવાલમાં જણાવાયું છે કે તેણે લગભગ ૧૧,૦૦૦ બિટકોઈન વેચ્યા છે. બિટકોઈનની દુનિયામાં આ કોઈ નાનું પગલું નથી, પરંતુ તેને એક યુગનો એક વળાંક માનવામાં આવી રહ્યો છે. કેટલાંક લોકો કહી રહ્યાં છે કે, ઓવેને બજારમાં ભય ફેલાવવા માટે આ કર્યું છે, પણ એવું બિલકુલ નથી. આ નફો કમાવાની ચાલ હતી. તેમને લાગ્યું હશે કે, વર્તમાન બિટકોઈન ચક્ર તેની ટોચની નજીક છે અથવા તેઓ તેમના અબજો ડોલરને નવી ટેકનોલોજીમાં રોકાણ કરવા માંગતા હશે.

ઓવેનના આ પગલાં બાદ ક્રિપ્ટોક્વાન્ટનો બુલ સ્કોર ઈન્ડેક્સ પણ ઘટીને ૨૦ થઈ ગયો છે. બજારની ભાષામાં આને એક્સ્ટ્રીમ બેરિશ (મહામંદી) કહેવામાં આવે છે, જેનો અર્થ છે કે રોકાણકારોમાં ભય અને અનિશ્ચિતતા વધી ગયાં છે. આશ્ચર્યજનક રીતે મોટાં સંસ્થાકીય રોકાણકારો બિટકોઈનમાં ઝડપી દરે તેમનાં નાણાં ઠાલવી રહ્યાં છે. ટ્રોન વીકલીના મતે સંસ્થાકીય ભાગીદારી, જે ૨૦૨૪ ના બીજા ક્વાર્ટરમાં ૨૭ ટકા હતી, તે હવે લગભગ ૪૦ ટકા સુધી વધી ગઈ છે. રસપ્રદ વાત એ છે કે, થોડાં અઠવાડિયાં પહેલાં જે વેપારીઓ બિટકોઈનને નવી ઊંચાઈએ લઈ જઈ રહ્યા હતા, તેઓ હવે ૭૪ કરોડ ડોલરથી વધુ મૂલ્યના ડાઉનસાઈડ કોન્ટ્રાક્ટ ખરીદી રહ્યા છે. મોટાં સંસ્થાકીય રોકાણકારો બજારની તેજીનું મુખ્ય પ્રેરક બળ છે, પરંતુ આ વખતે તેમને જ નોંધપાત્ર નુકસાન સહન કરવું પડ્યું છે. ક્રિસ ન્યુહાઉસ કહે છે કે, છેલ્લા છ મહિનામાં ખરીદી કરનારાં મોટા ભાગનાં રોકાણકારો હવે ખૂબ જ ગેરલાભમાં છે.


જે કંપનીઓ તેમના કોર્પોરેટ ટ્રેઝરીમાં ડિજિટલ સંપત્તિ ધરાવે છે તેઓ સૌથી વધુ દબાણનો સામનો કરી રહી છે. આ વર્ષની શરૂઆતમાં ઘણી કંપનીઓએ તેમની બેલેન્સ શીટને મજબૂત બનાવવા માટે મોટી માત્રામાં ક્રિપ્ટોકરન્સીઓ ખરીદી હતી. દાખલા તરીકે માઈકલ સેલરની સ્ટ્રેટેજી ઈન્કે તાજેતરમાં ૮૩.૫ કરોડ ડોલરના મૂલ્યના બિટકોઈન ખરીદ્યા હતા, પરંતુ અન્ય કંપનીઓને હવે તેમના નુકસાનને મર્યાદિત કરવા માટે ક્રિપ્ટોકરન્સીની સંપત્તિ વેચવાની ફરજ પાડવામાં આવી રહી છે.

**યુએસ ફેડ દ્વારા વ્યાજ દરમાં ઘટાડાની ઓછી અપેક્ષાઓ, ચાલુ વૈશ્વિક અસ્થિરતા, મોટા અને જૂના રોકાણકારો દ્વારા આડેધડ વેચાણ અને અન્ય મંદીનાં કારણોસર સ્થિતિ સર્જાઈ હોવાનો તજજ્ઞોનો મત, ચાંદીનો ભાવ વધવાનો અંદાજ**

# પિગ્મેન્ટેશનના પ્રકારો-ઉપચાર જાણી તેને દૂર કરી શકાય

ત્વચા આપણા સૌંદર્યનું આભૂષણ છે. ચહેરો નિષ્કલંક અને ચમકદાર હોય ત્યારે આત્મવિશ્વાસ પણ વધે છે, પરંતુ આજકાલ જીવનશૈલી, પ્રદૂષણ, હોર્મોનલ ફેરફાર અને સૂર્યપ્રકાશ જેવાં અનેક કારણોસર ત્વચાની સમસ્યાઓ વધી રહી છે. તેમાં સૌથી સામાન્ય અને વધુ ચિંતાજનક ત્વચાની જો કોઈ સમસ્યા હોય તો એ છે પિગ્મેન્ટેશન.

પિગ્મેન્ટેશન એટલે કે ત્વચા પર કાળા કે બ્રાઉન રંગના ડાઘ, પટ્ટા કે પડછાયા દેખાવા. ક્યારેક આ ડાઘ નાના-મોટા હોઈ શકે છે, તો ક્યારેક ચહેરાના મોટાભાગને અસર કરે છે. તબીબી ભાષામાં પિગ્મેન્ટેશનનું મુખ્ય કારણ છે મેલાનિન પિગ્મેન્ટ. ત્વચાનો રંગ મેલાનિન પર આધારિત છે. જ્યારે મેલાનિન અસમાન રીતે ઉત્પન્ન થાય ત્યારે પિગ્મેન્ટેશન થાય છે. પિગ્મેન્ટેશનના અનેક પ્રકારો છે.




## પિગ્મેન્ટેશનના પ્રકારો

**મેલાઝ્મા:** મેલાઝમામાં ચહેરા પર ખાસ કરીને ગાલ, કપાળ અને નાક પર ડાર્ક બ્રાઉન પેચિસ જોવા મળે છે. આ પ્રકારનું પિગ્મેન્ટેશન મોટાભાગે સ્ત્રીઓમાં જોવા મળે છે. હોર્મોનલ બદલાવ, ગર્ભાવસ્થા, જન્મ નિયંત્રણની દવાઓ અને સૂર્યપ્રકાશ તેનું મુખ્ય કારણ છે. ક્યારેક વારસાગત રીતે પણ આ સમસ્યા થતી હોય છે.

**સન સ્પોટ્સ :** સૂર્યપ્રકાશમાં લાંબા સમય સુધી જે લોકોને રહેવાનું થાય એમને સન સ્પોટ્સ જોવા મળે છે. ઉમર વધતાં આ સમસ્યા વધારે ગંભીર બને છે, તેથી તેને સનસ્પોટ્સ અથવા લીવર સ્પોટ્સ પણ કહેવામાં આવે છે. હાથ, ચહેરો અને ગળા પર આ સ્પોટ્સ ખાસ કરીને દેખાય છે.

**પોસ્ટ ઈન્ફ્લેમેટરી હાયપરપિગ્મેન્ટેશન:** આ પ્રકારનું પિગ્મેન્ટેશન ચામડી પર એકને (Acend), ઈજાઓ કે કોઈ પણ પ્રકારનું ઈન્ફ્લેમેશન થયા પછી થાય છે. એકને બાદ રહેતા કાળા ડાઘ તેની સૌથી સામાન્ય અસર છે. પોસ્ટ ઈન્ફ્લેમેટરી હાયપર પિગ્મેન્ટેશન સામાન્ય રીતે યુવાનોમાં વધુ જોવા મળે છે.

**ફ્રેકલ્સ :** ફ્રેકલ્સ નાના બ્રાઉન કે કાળા રંગનાં ટપકાં છે, જે ખાસ કરીને હળવા રંગની ત્વચાવાળા લોકોમાં જોવા મળે છે. વારસાગત કારણો, ત્વચાની જનેટિક રચના અને સૂર્યપ્રકાશ ફ્રેકલ્સ માટે જવાબદાર છે. ઉમર વધતાં તેનો રંગ વધુ ગાઢ બને છે.

## પિગ્મેન્ટેશનનાં કારણો

- વધુ પડતો સૂર્યપ્રકાશનો પ્રભાવ
- હોર્મોનલ બદલાવ, ગર્ભાવસ્થા કે મેનોપોઝ જિનેટિક કારણો (વારસાગત ત્વચાની સમસ્યા)
- ત્વચા પર ઈજા, એકને અથવા ઈન્ફ્લેમેશન
- અસ્વસ્થ જીવનશૈલી, ધૂમ્રપાન, ઓછી ઊંઘ
- અસંતુલિત આહાર અને વિટામિનની ખામી

## પિગ્મેન્ટેશનની સારવાર

- દૈનિક સંભાળ પિગ્મેન્ટેશન ટાળવા માટે રોજિંદા જીવનમાં થોડી સંભાળ રાખવાથી ફાયદો થાય છે.
- દરરોજ SPF 30 કે SPF 50+++ સનસ્ક્રીનનો ઉપયોગ કરવો જોઈએ. સવારે ઘરની બહાર નીકળો એ પહેલાં અને દિવસ દરમિયાન પુન: બેથી ત્રણવાર ચહેરા ઉપર લગાવવું જોઈએ.
- ત્વચાને હાઈડ્રેટ રાખવા પૂરતું પાણી પીવું.
- શાકભાજી, ફળ, સૂકા મેવા અને વિટામિન C તથા Eથી ભરપૂર આહાર લેવો.
- પૂરતી ઊંઘ લેવી અને તણાવ ઓછો રાખવો.

## ઘરગથ્થુ ઉપચાર

કુદરતી ઉપાયો હળવા પિગ્મેન્ટેશનમાં ઉપયોગી સાબિત થઈ શકે છે. જેમાં એલોવેરા જેલ ચહેરા પર લગાવવાથી ત્વચા ઠંડક અનુભવે છે અને ડાઘ ધીમે ધીમે હળવા થાય છે.

**લીંબુનો રસ અને મધ -** આ મિશ્રણ કુદરતી બ્લીચિંગ એજન્ટ તરીકે કામ કરે છે, તેથી આ માસ્ક ડાઘ હળવા કરવામાં મદદરૂપ છે.

**હળદર અને દહીંનો પેક -** ચહેરાની ચમક વધારવા તથા ડાઘ ઘટાડવામાં મદદ કરે છે.

**બટાકાનો રસ -** ત્વચાને કુદરતી રીતે તેજસ્વી બનાવે છે.

**જાયફળનો ઘસારો -** જાયફળનો ઘસારો કરીને ખીલના ડાઘ અને પિગ્મેન્ટેશન ઉપર લગાવવાથી ડાઘ ઓછા થાય છે.જ્યારે ઘરેલુ ઉપાયો અસરકારક ન થાય ત્યારે નિષ્ણાત ડર્મેટોલોજિસ્ટની સલાહ લેવી જરૂરી છે.

**કેમિકલ પીલ્સ -** ત્વચાના ઉપરના પડને દૂર કરીને નવી ચામડીનું પુન: નિર્માણ કરવા માટે થાય છે.

**લેસર ટ્રીટમેન્ટ -** ગાઢ પિગ્મેન્ટેશન માટે સૌથી અસરકારક ઉપચાર ગણાય છે.

**માઈક્રોડર્માબ્રેશન -** ત્વચાને એક્સફોલિએટ કરીને તાજગી લાવે છે.

**ટેપિકલ ક્રીમ્સ -** હાઈડ્રોક્વિનોન, રેટિનોલ કે વિટામિન Cવાળી ક્રીમ ત્વચા માટે લાભદાયી છે.

## નિષ્ણાતની સલાહ કેમ જરૂરી?

દરેક ત્વચા અલગ પ્રકારની હોય છે. એક વ્યક્તિને જે ઉપચાર ફાયદાકારક બને તે બીજાને નુકસાનકારક પણ સાબિત થઈ શકે છે, તેથી કોઈ પણ દવા, ક્રીમ કે ટ્રીટમેન્ટ શરૂ થતા પહેલાં ત્વચા નિષ્ણાતની સલાહ લેવી જ જોઈએ.

પિગ્મેન્ટેશન એક સામાન્ય પરંતુ લાંબા ગાળાની ત્વચા સમસ્યા છે. તેનો સામનો કરવા માટે યોગ્ય દૈનિક સંભાળ, સન પ્રોટેક્શન, સ્વસ્થ આહાર અને નિષ્ણાતની સલાહ જરૂરી છે. કુદરતી ઉપાયો હળવા કેસમાં મદદરૂપ થાય છે. જ્યારે ગંભીર ડાઘ માટે તબીબી ટ્રીટમેન્ટ લેવી જરૂરી બની શકે છે.


MOTEL for SALE

NIRAJ PANCHOLI, REALTOR®
Mechanical Engineer (Ahmedabad, India)
Cell: 647-866-2790
Email: ncpancholi@gmail.com
Website: www.niraj-pancholi.c21.ca
Multiple Awards Winner Since 2011
Selling Businesses, Commercial & Residential Properties Since 2011
Visit my website for NEW & UPDATED Exclusive & MLS listings



MOTEL KING: Specializing in Selling Motels with Proven Records of Many SOLD Motels
SOLD OVER 50 Hotels & Motels in ON. TOP 75 Producers & Centurion Producer Awards Winner

36 Room EconoLodge by Choice Hotels in Huntsville - $4.2M
Built by the current owener 20 years ago
Well maintained Rooms – No PIP

• 54 Room RESORT in Gananoque (1000 Islands) – Asking $3.2M (Seasonal Operation)
7 Acres Land, Indoor / Outdoor Pool, Restaurant, Bar, Party Room – Option to operate year round

• 54 Room HOTEL in Gananoque (1000 Islands) – Asking $5.5M (Year Round Operation)
Renovated and Upgraded Room, Outdoor Pool, Restaurant and Bar

17 Room Motel in Huntsville - $2.5M
Renovated and Upgraded Room
Located in downtown, everything is close by

• 78 Room HOTEL Ramada By Wyndham Hotels – Asking $6.9M - SOLD

• 43 Room Motel + Restaurant 241 Pizza with Building in Cochrane – $4.5M
• 40 Room Motel only (without Restaurant Building & 3 Motel Rooms) - $3.8M
• Only Restaurant 241 Pizza Builing with 3 Motel Room - $900K
Both businesses are money making, both are Absentee Owner – ideal for owner operator
(Buyers option – to buy entire property OR just Motel OR just Restaurant & Building)

21 Room Motel in Gravenhusrt - $1.7M
100% occupancy by longterm customers
living for many years – Selling AS IS – Buyer
to assume all customers on closing

12 Room Motel in Blind River - $1,050,000
With 3 BR living quarter, Access land
Indoor corridor, One Man Opearation

17 Room Motel near Chatham - $1.7M
With 2 BR fully renovated house, One Man
Opertion and operating costs are under $40K

Motel Jobs AND Working Partner (min 200K to invest) opportunity – Northern Ontario
Front Desk, Housekeeping, General work
Must speak good English for front desk
(must be on WP, PR or Citizen)
Acomodation + Compititive Salary

15 Room Motel + 1BR Apt nr Sudbury - $1.2M
Indoor Corridor, Restaurant & Bar (closed)
Easy one man operation

10 Room Motel & Restaurant in Manitulin Island - $799,000
Nicely renovated, year round bunīness

Century 21 People's Choice Realty Inc., 120 Matheson Blvd E, Unit 103, Mississauga, L4Z 1X1 Office: 905-366-8100

# સ્ટેલાન્ટિસ સામે ડિસ્પ્યુટ રિઝલ્યુશન પ્રોસેસ શરૂ, નોકરીઓ પરનું જોખમ ઘટશે

## જીપ કંપાસ બનાવવાની યોજના રદ કરવા કંપનીની જાહેરાત બાદ સત્તાધીશોની દોડધામ

**ઓન્ટેરિયો**

ઓટો મેકરે ગયા મહિને કહ્યું હતું કે તે યુએસમાં નોકરીઓ ખસેડી રહ્યું છે તે પછી કેનેડા સ્ટેલાન્ટિસ સામે ડિસ્પ્યુટ રિઝલ્યુશન પ્રોસેસ શરૂ કરી રહ્યું છે.

ઉદ્યોગપ્રધાન મેલાની જોલીએ સોમવારે સંસદીય સમિતિને જણાવ્યું હતું કે, ઓટાવા સ્ટેલાન્ટિસને આપેલા કેટલાક ટેક્સ ડોલરમાંથી કેટલાકને વસૂલ કરવા માંગે છે. જોલીએ કહ્યું કે સ્ટેલાન્ટિસ જીપ કંપાસનું ઉત્પાદન બ્રામ્પટન, ઓન્ટેરિયોથી ઈલિનોઈસ ખસેડે છે, તે કરારનું ઉલ્લંઘન છે. “આજે, વ્યવસાય બંધ થાય તે પહેલાં સરકાર કેનેડિયન કરદાતાઓના નાણાં વસૂલવા માટે કરાર હેઠળ આગળનું પગલું લેશે. આનો અર્થ એ છે કે અમે બ્રેમ્પટન સુવિધામાં ઉત્પાદન પાછું લાવવા માટે ઔપચારિક વિવાદ નિરાકરણ પ્રક્રિયાનો 30-દિવસનો સમયગાળો શરૂ કરીશું. આ વિવાદ નિરાકરણ પ્રક્રિયાની શરૂઆત છે.




સપ્ટેમ્બરમાં, કંપનીએ કહ્યું હતું કે તે બ્રામ્પટનમાં નવી જીપ કંપાસ બનાવવાની યોજના રદ કરશે, તેના બદલે ઉત્પાદન બેલ્વિડેરે, ઈલિનોઈસમાં ખસેડશે. કેનેડા સરકારે, પ્રાંત સાથે મળીને, વિવિધ કરારો હેઠળ ઓટોમેકર માટે અબજો સબસિડીનું વચન આપ્યું છે. જેમાં સ્ટેલાન્ટિસને વિન્ડસરમાં નવા ઈલેક્ટ્રિક વાહન (EV) બેટરી પ્લાન્ટ માટે નેક્સ્ટસ્ટાર/LG સાથે ભાગીદારીમાં મદદ કરવા માટે $15 બિલિયનની સંયુક્ત પ્રતિબદ્ધતાનો સમાવેશ થાય છે. ઓન્ટારિયો અને ફેડરલ સરકારે સ્ટેલાન્ટિસને EV ઉત્પાદન વધારવા માટે તેના વિન્ડસર અને બ્રેમ્પટન પ્લાન્ટને ફરીથી કામ કરવામાં મદદ કરવા માટે લાખો ડોલર પણ પૂરા પાડ્યા છે. ઈનોવેશન કેનેડાના સહાયક નાયબ મંત્રી સ્ટેફની ટેન્ટને સમિતિને જણાવ્યું હતું કે, રિટૂલિંગ અંગેનો કરાર હજુ પણ ગુપ્ત છે. કારણ કે તેમાં ગુપ્ત વ્યાપારી વિગતો છે. જોલીએ કહ્યું કે કરારો એકબીજા સાથે જોડાયેલા છે અને તેમાં ગેરંટી શામેલ છે. તેણીએ એમ પણ કહ્યું કે નવા વિન્ડસર પ્લાન્ટ માટેની પ્રતિબદ્ધતા હજુ સુધી સંપૂર્ણપણે ખર્ચ કરવામાં આવી નથી.

# કેનેડામાં ખાલિસ્તાનીઓ ફરી બેફામ, ભારત વિરોધી નારેબાજી, ત્રિરંગાનું અપમાન કરાયું

## ઓટાવામાં જનમત સંગ્રહની પ્રક્રિયા, પન્નૂએ સંદેશો મોકલીને લોકોને ભારત વિરુદ્ધ ઉશ્કેર્યા

**ઓટ્ટાવા**

કેનેડાના ઓટાવામાં ખાલિસ્તાની સંગઠન શીખ્સ ફોર જસ્ટિસ (એસએફજે) દ્વારા આયોજિત ખાલિસ્તાન જનમત સંગ્રહ દરમિયાન ભારતીય રાષ્ટ્રધ્વજ તિરંગાનું અપમાન કરવામાં આવ્યું હતું. આ ભારત વિરોધી કાર્યક્રમમાં મારી નાખો જેવા સુત્રોચ્ચાર પણ થયા હતા. જ્યારે 23 નવેમ્બરે આખો દિવસ ચાલેલી જનમત સંગ્રહ પ્રક્રિયામાં ભાગ લેવા માટે મોટી સંખ્યામાં લોકો આવ્યા હોવાનો પણ સંગઠને દાવો કર્યો હતો.

કેનેડાના ઓટાવાના મેકબેન કોમ્યુનિટી સેન્ટર પર આ જનમત સંગ્રહની પ્રક્રિયા હાથ ધરાઈ હતી, જેમાં ભાગ લેવા માટે કેનેડાના વિવિધ પ્રાંતો જેમ કે ઓન્ટારિયો, અલ્બર્ટા, બ્રિટિશ કોલંબિયા અને ક્યૂબેકના 50 હજારથી વધુ ખાલિસ્તાની સમર્થકો આવ્યા હોવાનો દાવો કરાઈ રહ્યો છે. ભારત દ્વારા દેશ વિરોધી પ્રવૃત્તિઓ બદલ આ સંગઠન પર પ્રતિબંધ મુકી દેવાયો છે.

આ સંગઠને દાવો કર્યો હતો કે બાળકોથી લઈને વૃદ્ધો સહિત તમામ લોકો સમર્થનમાં આવ્યા હતા. ત્રણ વાગ્યા બાદ પણ લોકો લાઈનોમાં ઉભા હતા તેથી વોટિંગ શરૂ રાખવુ પડયું હતું.

અલ્બર્ટા સ્થિત ડિજિટલ મીડિયા બેઝિર્ગનના જણાવ્યા મુજબ મતદાન સ્થળની આસપાસ પણ ભારે ભીડ જમા થઈ ગઈ હતી.

કેટલાક વીડિયો પણ સામે આવ્યા છે જેમાં આ સ્થળે હાજર કેટલાક લોકો ભારત વિરોધી સુત્રોચ્ચાર કરતા જોવા મળ્યા હતા. ભારત દ્વારા આતંકી જાહેર કરાયેલ ગુરપતવંતસિંહ પન્નૂએ સેટેલાઈટ સંદેશો મોકલીને લોકોને ભારત વિરુદ્ધ ઉશ્કેર્યા હતા.

# ચીનમાં મોટી ટ્રેન દુર્ઘટના સર્જાઇ 11 લોકોના મોત અને અનેક ઘાયલ


## સુરક્ષા પ્રોટોકોલના ઉલ્લંઘનના કારણે અકસ્માત થયો

**બેઇજિંગ**

ચીનના દક્ષિણપશ્ચિમ યુનાન પ્રાંતની રાજધાની કુનમિંગમાં એક ભયાનક ટ્રેન અકસ્માત સર્જાયો હોવાનું જાણવા મળ્યું છે. આ દુર્ઘટનામાં 11 રેલ્વે કર્મચારીઓના ઘટનાસ્થળે જ મોત થયા અને બે અન્ય ગંભીર રીતે ઘાયલ થયા છે. અકસ્માત અંગે ચાઈના રેલ્વે કુનમિંગ ગ્રુપ કંપની લિમિટેડ દ્વારા માહિતી પણ શેર કરવામાં આવી છે. આ અકસ્માત કુનમિંગના લુયાંગઝેન રેલ્વે સ્ટેશન નજીક થયો છે. રેલવે ટ્રેકની રિપેર કામગારી ચાલી રહી હતી તે દરમિયાન એક માલગાડીએ કામદારોને ટક્કર મારી હતી.

આ રેલવે અકસ્માત અંગે વાત કરવામાં આવે તો, આજે સવારે 4:30 વાગ્યાની આસપાસ આ અકસ્માત સર્જાયો હતો. ઘાયલોને સારવાર માટે સત્વરે હોસ્પિટલ ખસેડવામાં આવ્યાં હતાં. આ અકસ્માતમાં 11 રેલવે કર્મચારીઓના મોત થયાં છે. જ્યારે બે કર્મચારીઓ ગંભીર રીતે ઘાયલ થયાં છે, તેઓ પણ અત્યારે જિંદગી અને મરણ વચ્ચે જંગ લડી રહ્યાં છે. ચાઈના સરકાર દ્વારા આ મામલે તપાસ કરી કડક પગલા લેવાના આદેશ આપી દેવામાં આવ્યાં હોવાનું સૂત્રો દ્વારા જાણવા મળ્યું છે.

# કેનેડામાં હિંસાની ઘટનામાં વધારો કેટલાક શહેરોમાં લગભગ 300%



**ટોરોન્ટો**

2023ના ઉનાળામાં સોશિયલ મીડિયા પર વીડિયો વાયરલ થયો હતો. તે બે પુરુષોને ટોરોન્ટો સબવે કારમાં લડતા બતાવે છે, જેમાંથી એક અચાનક મદદ માટે બૂમો પાડતો ભાગવા લાગે છે. ડેરેક ડાયકહોફને ઓછામાં ઓછા 10 વાર છરા મારવામાં આવ્યા હતા. વિશિષ્ટ સ્ટેટિસ્ટિક્સ કેનેડા ડેટા અનુસાર છેલ્લા દાયકામાં ટોરોન્ટો વિસ્તાર અને અન્ય કેટલાક મેટ્રો પ્રદેશોમાં ટ્રાન્ઝિટ સિસ્ટમ ઉપર હિંસક ગુનાઓના અહેવાલોમાં વધારો જોવા મળ્યો છે, જે એકંદર ગુનાના વલણોના પ્રમાણ કરતાં વધુ છે. કેનેડાના 10 સૌથી મોટા વસ્તી ગણતરી મેટ્રોપોલિટન વિસ્તારોમાંથી આઠમાં પરિવહન પર નોંધાયેલા હુમલાઓની સંખ્યા- જે પ્રદેશો દેશની લગભગ અડધી વસ્તી ધરાવે છે, ત્યાં 2016 અને 2024ની વચ્ચે ઘટનાઓ બમણી થઈ ગઈ છે. તે પ્રમાણ કરતાં ઘણું વધારે છે. કારણ કે તે જ સમયગાળા દરમિયાન તે પ્રદેશોમાં તમામ પ્રકારના સ્થળોએ હુમલાઓમાં 53 ટકાનો વધારો થયો છે. ટોરોન્ટો વસ્તી ગણતરી મેટ્રોપોલિટન વિસ્તારમાં શારીરિક હુમલાઓનો ડેટા ખાસ કરીને આશ્ચર્યજનક છે. તે સમયગાળા દરમિયાન ટોરોન્ટો-વિસ્તારના પરિવહન પર નોંધાયેલા હુમલાઓની સંખ્યામાં 160 ટકાનો વધારો થયો છે, જ્યારે પરિવહન સિસ્ટમ પરના તમામ હિંસક ગુનાઓના અહેવાલોમાં 127 ટકાનો વધારો થયો છે. વિનીપેગમાં, તે સમય દરમિયાન પરિવહન પર એકંદર હિંસક ગુનાદર ત્રણ ગણાથી વધુ વધ્યો છે, જે આવા ગુનાઓની સંખ્યામાં 281 ટકાનો વધારો દર્શાવે છે. દરમિયાન, એડમોન્ટન અને મોન્ટ્રીયલ વિસ્તારોમાં તેમજ ઓન્ટેરિયોના કિચનર-વોટરલૂ-કેમ્બ્રિજ પ્રદેશમાં દર બમણાથી વધુ થઈ ગયા છે. ટોરોન્ટો ટ્રાન્ઝિટ કમિશન (TTC) ને માહિતીની સ્વતંત્રતા વિનંતીમાંથી મળેલા ઘટના અહેવાલના ડેટા 2018 અને 2024 વચ્ચે સમાન પેટર્ન દર્શાવે છે. TTC પ્રવક્તા સ્ટુઅર્ટ ગ્રીને સ્વીકાર્યું કે, રોગચાળા પછી પરિવહન પર સલામતી અંગે ચિંતાઓ વધી છે, પરંતુ TTC સલામત છે. તેમણે એક લેખિત નિવેદનમાં જણાવ્યું હતું કે, “TTC અને ઉત્તર અમેરિકામાં મોટાભાગની પરિવહન એજન્સીઓ પરિવહન પર આશ્રય શોધતા જટિલ પડકારો ધરાવતા વધુ લોકોને જોઈ રહી છે, તેથી જ અમે આ મુદ્દા પ્રત્યે અમારા અભિગમમાં વધારો, ઉન્નત અને ફેરફાર કર્યા છે.

# ઓન્ટેરિયોમાં હવે જામીન માટે રોકડ રકમ એડવાન્સ જમા કરાવવી પડશે

## ઓન્ટેરિયોના પ્રિમિયર ડગ ફોર્ડની સરકાર ખરડો રજૂ કરવાની ફિરાકમાં

**ઓન્ટેરિયો**

નવા ન્યાય બિલના ભાગરૂપે ઓન્ટેરિયો જામીન રોકડ રકમની માંગણી યોજના ધરાવે છે. ઓન્ટેરિયોના પ્રીમિયર ડગ ફોર્ડની સરકાર એવો કાયદો રજૂ કરવા માટે તૈયાર છે જેમાં ગુનાના આરોપી અને જામીન મંજૂર કરાયેલા લોકોને જામીનની શરતોનો ભંગ થાય તો મોડી ચૂકવણી કરવાને બદલે, અગાઉથી રોકડ સુરક્ષા ડિપોઝિટ પૂરી પાડવાની જરૂર પડશે.

એટર્ની જનરલ ડગ ડાઉનીએ કહ્યું કે, તેમનું માનવું છે કે સોમવારે જાહેર કરાયેલા આ પગલાં અને અન્ય પગલાં જામીન પાલનમાં સુધારો કરશે. ઓન્ટારિયો અને અન્ય પ્રાંતો ફેડરલ સરકાર પર જામીન સુધારા લાવવા માટે દબાણ કરી રહ્યા હતા. ડાઉનીએ કહ્યું કે, વડાપ્રધાન માર્ક કાર્નીની સરકાર દ્વારા તાજેતરમાં રજૂ કરાયેલો કાયદો એક સારી શરૂઆત છે, પરંતુ હજુ ઘણું કરવાનું બાકી છે. હાલમાં જો લોકોને ચૂકવણી કરવાના વચન સાથે જામીન પર મુક્ત કરવાનો આદેશ આપવામાં આવે છે, તો આરોપી વ્યક્તિ અને તેમના જામીનદારે ફક્ત ત્યારે જ પૈસા જપ્ત કરવા પડે છે. જો આરોપી તેમની મુક્તિની શરતોનો ભંગ કરે અને કોર્ટ ચુકવણીનો આદેશ આપે. પ્રસ્તાવિત



નવી સિસ્ટમ હેઠળ, જ્યારે આરોપી વ્યક્તિને કસ્ટડીમાંથી મુક્ત કરવામાં આવે ત્યારે ચુકવણી કરવામાં આવશે અને તે તેમના કેસના નિષ્કર્ષ પર પરત કરવામાં આવશે. કેનેડિયન સિવિલ લિબર્ટીઝ એસોસિએશને જણાવ્યું હતું કે, આ દરખાસ્ત સંપત્તિના આધારે ન્યાયના બે સ્તર બનાવશે. ડાઉનીએ કહ્યું કે આ દરખાસ્ત ઓછી આવક ધરાવતા ઓન્ટારીયોના લોકો સામે સિસ્ટમને વિકૃત કરશે નહીં. ગ્રીન પાર્ટીના નેતા માઈક શ્રેનરે કહ્યું કે આ દરખાસ્ત ઓછી આવક ધરાવતા ઓન્ટારીયોના લોકોને અપ્રમાણસર રીતે અસર કરશે અને વધુ લોકોને જેલમાં મોકલશે. સોલિસિટર જનરલ માઈકલ કર્ઝનરે કહ્યું કે, પ્રાંતનું1,000 નવા જેલ બેડ ખોલવાનું લક્ષ્ય છે.

# સાઉદીએ પાક. નાગરિકોના વિઝા પર મૂક્યો પ્રતિબંધ

**ઇસ્લામાબાદ**

એક વર્ષ પહેલાં પાકિસ્તાનને 2 અબજ ડૉલરની મદદ આપનાર સંયુક્ત અરબ અમીરાત (UAE)એ હવે પાકિસ્તાનને મોટો ઝટકો આપ્યો છે. યુએઈએ પાકિસ્તાની નાગરિકોને વિઝા આપવાનું સંપૂર્ણ રીતે બંધ કરી દીધું હોવાનું જાણવા મળ્યું છે. યુએઈના ગૃહ મંત્રાલયના એક વરિષ્ઠ અધિકારીએ સંસદની સમિતિ સમક્ષ આ મામલે ખુલાસો કર્યો છે કે, હવે યુએઈ પાકિસ્તાની નાગરિકોને વિઝા નહીં આપે. યુએઈના એક અધિકારીએ જણાવ્યું કે પાકિસ્તાની પાસપોર્ટ પર ખાડી દેશોમાં સંપૂર્ણ પ્રતિબંધ લગાવવાની તૈયારી ચાલી રહી હતી. સીનીટની માનવ અધિકાર મામલાની ફંક્શનલ કમિટીની બેઠકમાં ગૃહ સચિવ સલમાન ચૌધરીએ જણાવ્યું કે, ‘સાઉદી અરેબિયા અને યુએઈએ હાલ પાકિસ્તાની પાસપોર્ટ પર પ્રતિબંધ મૂકવાનો ઈનકાર કર્યો છે, પરંતુ જો પ્રતિબંધ લાગ્યો હોત તો તેને હટાવવું ખૂબ મુશ્કેલ બની શકે છે. પાકિસ્તાની નાગરિકો UAEમાં જઈને ગુનાખોરી આચરતા હોવાના કારણે આ નિર્ણય લેવામાં આવ્યો છે. જાન્યુઆરીમાં એક સિનેટ સમિતિને જણાવ્યું હતું કે કેટલાક પાકિસ્તાની નાગરિકો UAEમાં ભીખ માંગતા પકડાયા હતા, જેથી ફરી પાકિસ્તાની નાગરિકાના વિઝા પર અનૌપચારિક રોક લગાઈ હતી.

# દારૂ અને પોલીસ મુદ્દે જિગ્નેશ મેવાણી અને હર્ષ સંઘવી આમનેસામને

## પોલીસના પટ્ટા ઉતારવાના મેવાણીના નિવેદન સામે સંઘવીએ સંસ્કારોની વાતો કરી : ગોપાલ ઈટાલિયાએ સંઘવીના ભૂતકાળને યાદ કરાવ્યો

**ગાંધીનગર**

દારૂના મુદ્દે જીગ્નેશ મેવાણીના પોલીસને પટ્ટા ઉતારી દેવાના વિવાદથી દારૂ-ડ્રગ્સનો મુદ્દો ચર્ચામાં આવ્યો છે. જિગ્નેશ મેવાણીના નિવેદન બાદ હર્ષ સંઘવીએ અમદાવાદના જાહેર કાર્યક્રમમાં વળતો જવાબ આપતા સંસ્કારની વાતો કરી હતી. જે બાદ રાજકારણ વધુ ગરમાયું હતું. આમ આદમી પાર્ટી (AAP)ના ધારાસભ્ય ગોપાલ ઈટાલિયાએ નાયબ મુખ્ય પ્રધાન હર્ષ સંઘવીને મોટા ખુલાસા કર્યા હતા. ઈટાલિયાએ કહ્યું કે હર્ષ સંઘવી સત્તામાં છે એટલે મોટી વાતો કરે છે, પણ તેમના સંસ્કારોની હકીકત અલગ છે.

સપ્ટેમ્બર 2013માં, જ્યારે નરેન્દ્ર મોદીને વડા પ્રધાનના ચહેરા તરીકે જાહેર કરાયા ત્યારે, હર્ષ સંઘવી અને અન્યોએ જાહેર રસ્તા પર ફટાકડા ફોડ્યા હતા. લોકોની ફરિયાદ પર ઘટનાસ્થળે પહોંચેલા PSI સાથે હર્ષ સંઘવીએ કથિત રીતે મારામારી કરી અને અપશબ્દો કહ્યા હતા. જોકે, ઈટાલિયાનો દાવો છે કે FIR નોંધાયા બાદ તત્કાલીન PSI અને તપાસ અધિકારી PIની બદલી કરી દેવાઈ હતી. ત્યારબાદ કેસમાંથી મારામારી સહિતની ગંભીર કલમો દૂર કરી દેવામાં આવી અને માત્ર જાહેરનામા ભંગનો સામાન્ય ગુનો જ રાખવામાં આવ્યો હતો. ઈટાલિયાએ કહ્યું કે આ કેસની વિગતો વેબસાઈટ પર ઉપલબ્ધ છે.

ઈટાલિયાએ વધુમાં જણાવ્યું કે 2019માં જ્યારે હર્ષ સંઘવી સામાન્ય ધારાસભ્ય હતા, ત્યારે સિવિલ હોસ્પિટલમાં એક સરકારી કર્મચારીને તેમણે કથિત રીતે ધમકી આપી હતી કે, મારી સામે હોંશિયારી કરતો નહિ નહીંતર તારા ટાંટિયા ભાંગી નાખીશ. ઈટાલિયાએ ભારપૂર્વક જણાવ્યું કે, હર્ષ સંઘવીએ સરકારી કર્મચારીને 'ટાંટિયા તોડી નાખવાની' જેવી ગંભીર ધમકી આપી હતી, જ્યારે જીગ્નેશ મેવાણીએ ફક્ત 'પટ્ટા ઉતરી જશે' જેવી સામાન્ય વાત કરી છે. ઈટાલિયાના મતે, સંઘવીએ સંસ્કારની વાત કરવી ન જોઈએ.

### મેવાણી બાદ ભાજપના MLA મેદાને, સુરતમાં ડ્રગ્સ-ગાંજાના ખુલ્લેઆમ વેચાણનો આરોપ

વરાછાના MLA કુમાર કાનાણીએ સુરત મ્યુ. કમિશનરને પત્ર લખીને કહ્યું કે, સુર્યપુર ગરનાળાથી પ્રાણી સંગ્રહાલય સરથાણા જકાતનાકા સુધી આવેલ ઓવર બ્રીજ નીચે તેમજ વલ્લભાચાર્ય રોડ પરના ડિવાઈડરની વચ્ચે ખૂબ જ ભયંકર મોટા પ્રમાણમાં લોકો રહે છે. અહીં JCB, ટ્રક, ટેમ્પા જેવા મોટા વાહનોનું પાર્કિંગ થાય છે. જેને કારણે તેની આડમાં ગેરકાયદે ધંધા જેવા કે અફીણ, ગાંજો, ડ્રગ્સનું ખૂબ જ મોટા પ્રમાણમાં વેચાણ અને સેવન થાય છે અને પારાવાર ગંદકી પણ થાય છે, જે ખૂબ જ ગંભીર બાબત છે. આ બાબતે અનેકવાર રજૂઆતો થયેલી છે.

# ગુજરાતમાં SIRની 74% કામગીરી પૂર્ણ 24.23 લાખ મતદારોના નામ રદ કરાયા

## ડબલિયા મતદારો પર જોખમ, દંડ તથા જેલની સજાની પણ જોગવાઈ

**અમદાવાદ**

રાજ્યમાં સરની કામગીરી આગળ ધપી રહી છે. ચોથી ડિસેમ્બરે ડ્રાફ્ટ મતદાર યાદી જાહેર થશે પણ તે પહેલાં જ આખાય રાજ્યમાંથી કુલ મળીને 24.23 લાખ મતદારોના નામ કમી કરી દેવાયાં છે. સ્પેશિયલ ઈન્ટેન્સિવ રિવિઝન (SIR)ને પગલે હાલ ગુજરાતમાં અફરાતફરીના માહોલ પ્રવર્તી રહ્યો છે. મતદારોએ ફોર્મ ભરવા માટે દોડધામ મચાવી દીધી છે. હવે તો મતદાન મથકો પર જ ફોર્મ સ્વિકારવામાં આવી રહ્યાં છે. રાજકીય પક્ષોની પણ સક્રિયતાને લીધે SIRની કામગીરી વેગીલી બની છે. બીજી તરફ રાજ્ય ચૂંટણી પંચના મતે, અત્યાર સુધીમાં મૃત્યુ પામ્યા હોય તેવા 100,47 મતદારોના નામ રદ કરાયાં છે. જ્યારે વિદેશ ગયાં હોય, સરનામું હોય ત્યાં રહેતાં ન હોય તેવા 1.42 લાખ મતદારોના નામ કેન્સલ કરી દેવાયાં છે. આ ઉપરાંત એક સ્થળેથી બીજા સ્થળે ગયાં હોય તેવા 10.95 લાખ મતદારોના નામ મતદાર યાદીમાંથી કમી કરી દેવામાં આવ્યાં છે. એક કરતાં વધુ સ્થળે મતદાર યાદીમાં નામ હોય તેવા 1.39 લાખ ડબલિયા મતદારોના નામ પણ કેન્સલ કરાયાં છે. મહત્ત્વની વાત એછેકે, બે સ્થળે મતદાર યાદીમાં નામ હોય તો જેલ અને દંડની જોગવાઈ છે તેમ છતાં હજુ મતદારોમાં ગુજરાતમાં રોજગારી અર્થે આવેલાં પરપ્રાંતિયો હાલ શંકાના ઘેરામાં છે.

# અમદાવાદમાં બ્રિજ પરથી આત્મહત્યાનો પ્રયાસ કરતા યુવકનો દિલધડક બચાવ

**અમદાવાદ**

અમદાવાદના દધીચિ બ્રિજ પરથી કૂદીને જીવનનો અંત લાવવાનો પ્રયાસ કરનાર એક યુવાનને મંગળવારે(25 નવેમ્બર)નો દિલધડક બચાવ કરી લેવાયો હતો.

અધિકારીઓના જણાવ્યા અનુસાર, તે વ્યક્તિ પુલ પરથી કૂદવાની તૈયારી કરતો જોવા મળ્યો હતો જ્યારે બે નજીકના લોકોએ તાત્કાલિક દોડી ગયા. "બહાદુર અને સતર્ક" તરીકે વર્ણવવામાં આવેલા આ બંને યુવાનોએ તેને પકડી લીધો અને સાબરમતી નદીમાં પડતો રોકી લીધો. જોકે, તે છૂટવા માટે સંઘર્ષ કરી રહ્યો હતો. બચાવ ટીમને માહિતી અપાતા થોડીવારમાં જ તે સ્થળ પર પહોંચી ગઈ હતી. સહિયારા પ્રયાસો દ્વારા, તેમણે તે વ્યક્તિને સુરક્ષિત રીતે પુલ પર પરત ખેંચી લીધો. એક અધિકારીએ માહિતી આપતા કહ્યું કે, 'સાક્ષીઓએ અમને જણાવ્યું હતું કે દુર્ઘટના અટકાવવામાં બે યુવાન બચાવકર્તાઓના પ્રયાસો મહત્ત્વપૂર્ણ હતા. જો તેમણે એક ક્ષણ માટે પણ ખચકાટ કર્યો હોત, તો પરિસ્થિતિ જીવલેણ બની શકી હોત.'

બચાવેલા યુવાનને બાદમાં પોલીસને સોંપવામાં આવ્યો હતો અને તબીબી તપાસ માટે લઈ જવામાં આવ્યો હતો.

# અમદાવાદ એરપોર્ટ નજીકના બિલ્ડિંગોનો સર્વે, નડતરરૂપ 13 બાંધકામ તોડી પડાશે

## એરોનોટિકલ સર્વેક્ષણો અને સલામતી ઓડિટ હાથ ધરાયું

**અમદાવાદ**

અમદાવાદ એરપોર્ટની આસપાસ વિમાનના ટેકઓફ, લેન્ડિંગમાં અવરોધરૂપ 46 બિલ્ડિંગનો સર્વે કરાયો હતો. જેમાંથી 13 બિલ્ડિંગના નડતરરૂપ બાંધકામ હટાવાશે. નાગરિક ઉડ્ડયન મંત્રાલયના સંકલનમાં ડિરેક્ટોરેટ જનરલ ઓફ સિવિલ એવિએશનએ સરદાર વલ્લભભાઈ પટેલ આંતરરાષ્ટ્રીય એરપોર્ટ અમદાવાદની આસપાસ બિલ્ડિંગોની ઊંચાઈના ઉલ્લંઘનને રોકવા માટે કડક અમલીકરણ શરૂ કર્યું છે. વિમાનના ટેક-ઓફ અને લેન્ડિંગ દરમિયાન અવરોધમાં આવતી બિલ્ડિંગોના છેલ્લાં કેટલાંક વર્ષોમાં નિયમો અનુસાર અનેક એરોનોટિકલ સર્વેક્ષણો અને સલામતી ઓડિટ હાથ ધરવામાં આવ્યું છે. આ સર્વેક્ષણો બાદ કેટલાક બાંધકામો ઓએલએસનું ઉલ્લંઘન કરતાં હોવાનું બહાર આવ્યું હતું. નવેમ્બર 2022ની સમીક્ષા બાદ ડીજીસીએએ જાન્યુઆરી 2024માં એરક્રાફ્ટ નિયમો 1994 હેઠળ એરપોર્ટની આસપાસની 46 બિલ્ડિંગોના અંતિમ આદેશ જાહેર કર્યા હતા, જેમાં 28 મકાન માલિકોએ આદેશનું પાલન કર્યું હતું. જ્યારે ચાર અપીલ હેઠળ છે અને એકને એરોનોટિકલ અભ્યાસ માટે મોકલવામાં આવ્યો છે.

# સિલિકોસિસ વળતર : હાઈકોર્ટે સરકારને કહ્યું, નિર્દેશોનો ભંગ કરશો તો કોર્ટ કન્ટેમ્પ્ટ ગણાશે

**અમદાવાદ**

સિલિકોસિસ બીમારીથી મૃત્યુ પામેલા કામદારોની વિધવાઓ તરફથી સરકારી વળતર વધારવાની માંગ સાથે ગુજરાત હાઈ કોર્ટ સમક્ષ કરાયેલી જાહેરહિતની રિટ અરજીની સુનાવણીમાં હાઈ કોર્ટે રાજ્ય સરકાર દ્વારા રજૂ કરાયેલા સોગંદનામાને ફગાવી દીધું હતું. મુખ્ય ન્યાયાધીશ સુનિતા અગ્રવાલ અને ન્યાયાધીશ ડી.એન. રેની ખંડપીઠે શ્રમ અને રોજગાર વિભાગના પ્રિન્સિપાલ સેક્રેટરી તરફથી રજૂ કરાયેલા સોગંદનામાને સ્વીકારવાનો સાફ ઈનકાર કરી દીધો હતો. હાઈ કોર્ટે સ્પષ્ટ કહ્યું હતું કે સરકારના જવાબમાં અગાઉ પૂછાયેલા પ્રશ્નો કે હુકમનો કોઈ જવાબ આપવામાં આવ્યો નથી.

રાજ્ય સરકારે કોર્ટ સમક્ષ જણાવ્યું હતું કે, સિલિકોસિસથી મૃત્યુ પામનાર કામદારોના આશ્રિતોને રૂ. ત્રણ લાખનું વળતર ચૂકવવાનું નક્કી કરાયું છે અને આ માટે ૧૮-૯-૨૦૨૫ના ઠરાવ મુજબ અરજદારોને વળતર ચૂકવાશે. જોકે, સરકારે સિલિકોસિસગ્રસ્ત કામદારો અને તેમના પરિવારોના પુનર્વસન માટેની પોલિસી આગામી બજેટ સત્રમાં રજૂ કરવાની વાત કરી હતી, જેના પર હાઈ કોર્ટે તીવ્ર નારાજગી વ્યક્ત કરી હતી.

કોર્ટે સરકારને ઝાટકીને કહ્યું હતું કે, "આમાં પોલિસી બજેટ સેશનમાં મૂકવાની ક્યાં વાત આવે છે ? સરકારે માત્ર ઠરાવ સુધારવાની જ જરૂર છે. તમે પોલિસી બનાવી નથી તે વાસ્તવિકતા છે અને હવે બજેટની વાતો કરો છો. ખંડપીઠે રાજ્ય સરકારને કડક ચેતવણી ઉચ્ચારતા જણાવ્યું હતું કે,સુપ્રીમ કોર્ટે જારી કરેલા નિર્દેશોનો ભંગ કરશો તો, સરકારને અદાલતી તિરસ્કાર (કોર્ટ કન્ટેમ્પ્ટ)ની કાર્યવાહીનો સામનો કરવો પડશે.

# અમદાવાદમાં ઘરે ઘરે દરદીઓના ખાટલા, બેવડી ઋતુને લીધે રોગચાળો વકર્યો

**અમદાવાદ**


શહેરમાં ગયા અઠવાડિયે ઠંડીનું પ્રમાણ વધ્યું હતું જે ચાલુ અઠવાડિયામાં ઘણું ઓછું જણાઈ રહ્યું છે. દિવસ દરમિયાન ગરમી અને સવાર સાંજ ઠંડીના માહોલ વચ્ચે રોગચાળો વકરી રહ્યો છે અને શહેરમાં ઘરે ઘરે બીમારી જોવા મળે છે. તાવ-શરદી, ઉધરસ સાથે મલેરિયા, ટાઈફોઈડ, માઈગ્રેન અને સાયનસના દરદીઓ પણ વધ્યા હોવાનું ડોક્ટરો જણાવી રહ્યાં છે. ચાલુ મહિનામાં અમદાવાદ શહેરમાં મેલેરિયાના 103 કેસ નોંધાયા છે, તો વળી, ડેન્ગ્યૂના 62 કેસો, ઝાડા-ઉલટીના 210, ટાઈફોઈડના 164 કેસ અને કમળાના 99 કેસો નોંધાતા ખળભળાટ મચી ગયો છે. સરકારી દવાખાનાઓ સાથે ખાનગી દવાખાનાઓમાં પણ દરદીઓની લાઈન લાગી છે.

# ગુજરાતની હવા બની 'ઝેરી': અમદાવાદ, રાજકોટ સહિત 8 શહેરોમાં AQI ઘાતક સ્તરે પહોંચ્યો

## અમદાવાદમાં AQI 196 નોંધાયો : બિન ઔદ્યોગિક વિસ્તારોમાં પણ સ્થિતિ ચિંતાજનક બની ગઈ

**ગાંધીનગર**

તાજેતરના આંકડા મુજબ, સમગ્ર ગુજરાતનો સરેરાશ એર ક્વોલિટી ઈન્ડેક્સ (AQI) 193 સુધી પહોંચી ગયો છે, જે નાગરિકોના સ્વાસ્થ્ય માટે લાલબત્તી સમાન છે. અમદાવાદમાં AQI 200ની નજીક પહોંચી જતાં હવા ઝેરી બની રહી છે, જે સ્વાસ્થ્ય માટે જોખમી સંકેત છે. જોખમી સપાટી પર પ્રદૂષણ સામાન્ય રીતે જ્યારે AQI 150થી ઉપર જાય છે, ત્યારે તે હવા શ્વાસમાં લેવા માટે 'જોખમી' સાબિત થાય છે. હાલમાં રાજ્યના ઔદ્યોગિક અને શહેરી



વિસ્તારોમાં વાહનોના ધુમાડા અને ઈન્ડસ્ટ્રીયલ એકમોના પ્રદૂષણને કારણે હવામાં ઝેર ભળી રહ્યું છે. આ સ્થિતિને કારણે રાજ્યના મુખ્ય 8 શહેરોમાં 'રેડ એલર્ટ' જેવો માહોલ સર્જાયો છે.

ચીખલીના વાતાવરણમાં સૌથી વધુ પ્રદૂષણ જોવા મળ્યું છે. જ્યાં AQI 246ના જોખમી સ્તરે પહોંચ્યો છે. ત્યારબાદ સંઘપ્રદેશ દમણમાં મિનિમમ AQI 224 અને રાજકોટમાં 217 સુધી નોંધાયો છે. અમદાવાદમાં પણ શ્વાસ લેવો મુશ્કેલ બન્યો છે, અહીં AQI 196 છે. દક્ષિણ ગુજરાતની ઔદ્યોગિક નગરી તરીકે જાણિતા અંકલેશ્વરમાં AQI 164ને પાર કરી ગયો છે. તો આ તરફ સૌરાષ્ટ્રના ભાવનગરમાં પણ પ્રદૂષણ વધ્યું છે, અહીં AQI 156 નોંધાયો છે. આ ઉપરાંત સુરતી, વાપી, રાજકોટમાં પ્રદૂષણ વધ્યું છે.

# ગુજરાત સરકાર 'રામભરોસે'! મંત્રીઓ દ્વારા મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના આદેશની અવગણના

### મુલાકાતના દિવસોમાં જ મોટા ભાગના મંત્રીઓ ગાયબ રહેતા હોવાની ફરિયાદ

ગાંધીનગર

ગુજરાતમાં મંત્રીમંડળના વિસ્તરણનો હેતુ પ્રજાના કામોમાં ઝડપ લાવવાનો અને સરકારી તંત્રને ગતિશીલ બનાવવાનો હતો, પરંતુ મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના કડક આદેશ છતાં નવા મંત્રીમંડળની ગંભીરતામાં ઝાઝો ફેર પડ્યો નથી. મુખ્યમંત્રીએ સોમવાર અને મંગળવારને મુલાકાતના દિવસો જાહેર કરીને ફરજિયાત હાજર રહેવા સૂચના આપી હતી, છતાં મોટાભાગના મંત્રીઓ સચિવાલયમાંથી ગેરહાજર રહેતા હોવાનું ચિત્ર ઉપસ્યું છે. સોમવારે (24મી નવેમ્બર) સચિવાલયનું સ્વર્ણિમ સંકુલ-2 સૂમસામ ભાસતું હતું, કારણ કે મુખ્યમંત્રીના આદેશની મોટાભાગના મંત્રીઓએ અવગણના કરી હતી. મુખ્યમંત્રી પોતે જામનગરના પ્રવાસે પહોંચ્યા હતા, જ્યારે નાયબ મુખ્યમંત્રી લંડનના પ્રવાસે ઉપડ્યા હતા. વન પર્યાવરણ મંત્રી અર્જુન મોઢવાડિયા સહિત અન્ય ઘણાં મંત્રીઓ પણ પ્રવાસે ગયા હતા. નવનિયુક્ત મંત્રીઓ તો હજુ સુધી તેમના મતવિસ્તારમાં અભિનંદન સમારોહ (હારાતોરા)માંથી બહાર આવ્યા નથી અને ચેમ્બરમાં ગેરહાજર રહે છે. આ ગેરહાજરીને કારણે વિવિધ પ્રશ્નો લઈને આવેલા મુલાકાતીઓ મંત્રીઓને મળી શક્યા નહોતા અને તેમને પાટનગરનો ફેરો માથે પડ્યો હતો. તેમને ઓફિસમાંથી 'સાહેબ નથી, પછી આવજો' જેવો જવાબ આપીને પરત ફરવાની ફરજ પડી હતી.

# ધ્રાંગધ્રામાં પિતાએ ૮ વર્ષના માસુમ પુત્ર સાથે કેનાલમાં લગાવી મોતની છલાંગ

### કોઈક અગમ્ય કારણોસર પિતાએ પગલું ભર્યું : જવાનો દ્વારા બંનેની શોધખોળ

ધ્રાંગધ્રા

ધ્રાંગધ્રા તાલુકાના જસમતપુર ગામ પાસે આવેલી નર્મદા કેનાલમાં એક અત્યંત કરૂણ ઘટના બની છે. જસમતપુર ગામના રહેવાસી મહેશભાઈ મફાભાઈ દાદરેજાએ પોતાના ૮ વર્ષના પુત્ર દેવરાજ સાથે કેનાલમાં છલાંગ લગાવીને આત્મહત્યા કરી હોવાનું સામે આવ્યું છે. કોઈક અગમ્ય કારણોસર પિતાએ પોતાના પુત્ર સાથે કેનાલમાં ઝંપલાવ્યું હતું. જેના કારણે બંનેનું મોત નીપજ્યું છે.

આ ઘટનાની જાણ થતાં જ વિસ્તારમાં શોકનું મોજુ ફરી વળ્યું છે. ઘટનાની જાણ થતા જ ધ્રાંગધ્રા નગરપાલિકાની ફાયર બ્રિગેડની ટીમ અને તાલુકા પોલીસ ઘટનાસ્થળે દોડી આવી હતી. હાલમાં ફાયર બ્રિગેડ દ્વારા નર્મદા કેનાલના ઊંડા પાણીમાં પિતા-પુત્રની લાશની શોધખોળ હાથ ધરવામાં આવી છે. પોલીસે આત્મહત્યા પાછળનું ચોક્કસ કારણ જાણવા તપાસ શરૂ કરી છે.

# છોટાઉદેપુરમાં મહિલાએ ૮ માસની દીકરીની હત્યા કરી આપઘાત કર્યો

છોટાઉદેપુર

પીપળસટ ગામની સંગીતા બહેન નામની મહિલાએ બુધવારે (૨૬ નવેમ્બર) પહેલા પોતાના પતિ ગિરીશભાઈને બજારમાં દૂધ અને બિસ્કટ લેવા માટે મોકલ્યો હતો. પતિ જ્યારે બહાર ગયો ત્યારે મહિલાએ પોતાની ૮ માસની દીકરી અંશિકાને પાણીની હોજમાં ડૂબાડી અથવા અન્ય કોઈ રીતે મોતને ઘાટ ઉતારી દીધી હતી. બાળકીનું મોત નિપજાવ્યા બાદ મહિલાએ ઘરની નજીક આવેલા લીમડાના ઝાડની ડાળી પર દોરડા વડે ગળેફાંસો ખાઈને આપઘાત કરી લીધો હતો. પતિ જ્યારે ઘરે પરત ફર્યો ત્યારે તેની ૮ માસની દીકરીને પાણીની હોજમાં મૃત હાલતમાં તરતી જાઈ હતી. ત્યારબાદ પત્ની ઘરે ન દેખાતા તેની તપાસ કરી તો તેણે આત્મહત્યા કરી હોવાની જાણ થઈ હતી.

ઘટનાની જાણ થતાં જ સંખેડા પોલીસ ઘટના સ્થળે પહોંચી હતી. પોલીસે બાળકી અને મહિલાના મૃતદેહનો કબ્જા મેળવી તેને પોસ્ટમોર્ટમ માટે હોસ્પિટલ મોકલ્યો છે. પોલીસે આ મામલે પતિ અને આસપાસના લોકોની પૂછપરછના આધારે વધુ તપાસ હાથ ધરી છે.

# 4 માસમાં IELTSના 600 કોચિંગ સેન્ટર્સને તાળા

અમદાવાદ

2025ના પ્રથમ ત્રણ-ચાર મહિનામાં જ ગુજરાતમાં આશરે 600 IELTS કોચિંગ સેન્ટર્સ બંધ થઈ ગયા છે. ગુજરાતમાં IELTSની સૌથી મોટી અસર કોચિંગ હબ અમદાવાદ પર પડી છે. કેનેડાના વિઝાના નિયમો કડક થતાં 41 ટકા અરજીઓમાં ઘટાડો થયો છે.

ગુજરાતથી વિદેશ જતાં વિદ્યાર્થીઓમાં પણ 40 ટકા અરજીઓનો ઘટાડો થતાં IELTS પર માઠી અસર પડી છે. બંધ થવાના મુખ્ય કારણોમાં કેનેડા, અમેરિકા, બ્રિટન અને ઓસ્ટ્રેલિયાના સખત વિઝા નિયમો ખાસ કરીને કેનેડાએ આંતરરાષ્ટ્રીય વિદ્યાર્થીઓની સંખ્યા પર કેપ લગાવી દીધી છે. બીજું હવે મોટા ભાગના વિદ્યાર્થીઓ સેલ્ફ-સ્ટડી પસંદ કરે છે. જેમાં તે YouTube, ઓનલાઈન કોર્સ, ફ્રી મટિરિયલ્સનો ઉપયોગ વધુ કરતાં હોવાથી સંખ્યાબંધ IELTS કોચિંગ પર અસર થઈ છે. ઘણાં કોચિંગ સેન્ટર્સ ઓનલાઈન મોડલ પર શિફ્ટ થયા, હોવાથી પણ ફિઝિકલ મોડેલને અસર થવા પામી છે. અમદાવાદમાં પહેલા 100થી વધુ મોટા-નાના IELTS કોચિંગ સેન્ટર્સ હતા જેમાંના હવે ઘણા સેન્ટર્સના બોર્ડ ઉતારવામાં આવ્યા છે અથવા તો તેઓ માત્ર ઓનલાઈન ક્લાસ ચલાવી રહ્યા છે. હાલમાં ભાષાઓ શીખવા માટે લોકો ઓનલાઈન ઍપ્લિકેશનોનો ઉપયોગ કરતાં હોવાથી સીધી અસર IELTS પર પડી છે. સેલ્ફ સ્ટડી કરતાં એક ગ્રૂપ દ્વારા એવું પણ જાણવા મળ્યું છે કે IELTSનો બિઝનેસ સીધો એજન્ટો સાથે સંકળાયેલો હતો. એક એજન્ટ નબળા વિદ્યાર્થીઓ પાસે IELTSની ફી અને વિદેશની કૉલેજની ફીમાંથી કમિશનો મેળવતા હતા. હાલમાં ડુપ્લિકેટ કૉલેજો પર તવાઈ આવવાથી તેની સીધી અસર એજન્ટો અને IELTS પર થવા પામી છે. એક દશક પહેલાં ગુજરાતના અમદાવાદ, વડોદરા, સુરત અને રાજકોટમાં પાંચ હજારથી પણ વધુ IELTSના કોચિંગ ક્લાસિસ હતા. જેમાંથી હવે માંડ દસ ટકા ક્લાસીસ સક્રિય રહ્યા છે.

# ભગવાન દત્તાત્રેયનો પ્રાગટય દિવસ એટલે દત્ત જયંતી

### બ્રહ્મા, વિષ્ણુ અને શિવના અવતાર હોવાથી તેમના પ્રતિકો શંખ, ચક્ર, કમળ, ત્રિશૂળ , કમંડળ અને ડમરું છે : દત્તાત્રેયને અદ્વૈત વેદાંત પરના ગ્રંથ ત્રિપુરા રહસ્યના લેખક માનવામાં આવે છે. જે (ગ્રંથ) તેમણે પરશુરામને આપ્યો હતો

(૧). શ્રી ભગવાન દત્તાત્રેયનો પ્રાગટય દિવસ માર્ગશીર્ષ (માગસર) માસની શુક્લ પક્ષની પૂર્ણિમાના દિવસે ઉજવવામાં આવે છે. તેને દત્ત જયંતિ તરીકે પણ ઓળખવામાં આવે છે. માન્યતા અનુસાર તે માગશર સુદ પૂનમનો જ દિવસ હતો કે, જ્યારે ત્રિદેવે દત્તાત્રેય સ્વરૂપે, ઋષિ અત્રિ અને અનસૂયાને ત્યાં અવતરણ કર્યું હતું. એટલું જ નહીં, આ દિવસે એ પ્રભુ દત્તની કૃપાને પ્રાપ્ત કરવા માટે પણ શ્રેષ્ઠતમ દિવસ મનાય છે.

દત્તાત્રેય (સંસ્કૃત: दत्तात्रेय) અથવા દત્તને હિંદુઓ ભગવાન માને છે. જેમને દૈવી ત્રિમૂર્તિ બ્રહ્મા, વિષ્ણુ અને શિવના અવતાર માનવામાં આવે છે. દત્ત શબ્દનો અર્થ છે "આપેલું".

ભગવાન દત્તાત્રેયની પ્રાગટ્યની પૌરાણિક કથા :- એકવાર માતા લક્ષ્મી, પાર્વતી અને સરસ્વતીને પોતાના પતિવ્રત પર અત્યંત ગર્વ થઈ ગયો. ભગવાને તેમનો અહંકાર નષ્ટ કરવા માટે લીલા રચી. એક દિવસે નારદજી ફરતા ફરતા દેવલોકપહોંચ્યા અને ત્રણેય દેવીઓને વારાફરતી જઈને કહ્યું કે ઋષિ અત્રિની પત્ની અનુસૂયાના સતીત્વ સામે તમારું સતીત્વ કંઈ જ નથી. ત્રણેય દેવીઓને આ વાત સહન ન થતાં પોતાના સ્વામીઓને કહ્યું કે, તેઓ અનુસૂયાના પતિવ્રતની પરીક્ષા લે. ત્યારે ત્રિદેવો સાધુવેશે અત્રિ મુનિની ગેરહાજરીમાં આશ્રમમાં આવ્યા. તેઓએ દેવી અનુસૂયાને ભિક્ષા આપવા કહ્યું અને સાથે એ શરત મૂકી કે, તેમણે નિર્વસ્ત્ર થઈને અમને ભિક્ષા આપવી પડશે. અનુસૂયા પહેલા તો આ સાંભળીને ચોંકી ગઈ. પણ પછી સાધુઓનું અપમાન ન થાય એ વાતના ડરથી તેણે પોતાના પતિનું સ્મરણ કર્યુ અને કહ્યું કે જો હું સંપૂર્ણ પતિવ્રતા હોઉં તો આ ત્રણેય સાધુ છ માસના શિશુ બની જાઓ. આવું પ્રણ કરતાં જ ત્રિદેવ બાળક બની ગયા અને રડવા લાગ્યા. ત્યારે અનુસૂયાએ માતા બનીને તેમને ખોળામાં લઈને સ્તનપાન કરાવ્યુ અને પારણામાં હિંચોળવા લાગી. જ્યારે ત્રણેય દેવ પોતાના સ્થાન પર પરત ન ફર્યા તો દેવીઓ વ્યાકુળ થઈ ગઈ. ત્યારે નારદે ત્યાં આવીને બધી વાત બતાવી. ત્રણેય દેવીઓ અનસૂયા પાસે ગઈ અને ક્ષમા માંગી. ત્યારે દેવી અનસૂયાએ ત્રિદેવને પોતાના પૂર્વ



રૂપમાં લાવી દીધા. અંતે પ્રસન્ન થઈને ત્રિદેવે તેમને વરદાન આપ્યું કે, અમે ત્રણેય અમારા અંશથી તમારા ગર્ભમાં પુત્ર રૂપે અવતરીશું. ત્યારે બ્રહ્માના અંશથી ચંદ્રમા, શંકરના અંશથી દુર્વાસા અને વિષ્ણુના અંશથી દત્તાત્રેયનો જન્મ થયો. વળી બ્રહ્મા, વિષ્ણુ અને શિવના અવતાર હોવાથી તેમના પ્રતિકો શંખ, ચક્ર, કમળ, ત્રિશૂળ , કમંડળ અને ડમરું છે. દંતકથા અનુસાર, દત્ત ભગવાનને ત્રણ મુખ અને છ હાથ હતા. તેમના ત્રણ મુખ વેદના ગાન માટે સમર્પિત હતા અને છ હાથ શાશ્વત પરંપરાના રક્ષણ માટે સમર્પિત હતા.

બ્રહ્મ પુરાણ પ્રમાણે તેઓએ પિતા અત્રિ ની આજ્ઞાથી ગૌતમી નદી કાંઠે શિવની આરાધના પૂર્ણ કરતા બ્રહ્મ જ્ઞાન થયું તેથી તેમને ભગવાન શિવનો અવતાર ગણીને નાથ સંપ્રદાયના "આદી સિદ્ધગુરૂ "મનાય છે. દત્તાત્રેય યોગના પ્રથમ ભગવાન હતા કે જેમણે અનોખી રીતે તાંત્રિક લાક્ષણિકતાઓ રજૂ કરી હતી. આ ઉપરાંત વૈષ્ણવ સંપ્રદાયમાં તેમના ભક્તિમય સ્વરૂપની આરાધના કરવામાં આવી. તેઓ દયાળુ ભગવાન હોવાથી તેમના શરણમાં વધુ લોકો જાય છે. દત્તાત્રેયને અદ્વૈત વેદાંત પરના ગ્રંથ ત્રિપુરા રહસ્યના લેખક માનવામાં આવે છે. જે (ગ્રંથ) તેમણે પરશુરામને આપ્યો હતો.

### દત્તાત્રેયે 24 ગુરુઓ પાસેથી શિક્ષણ પ્રાપ્ત કર્યું

ભાગવત પુરાણમાં રચાયેલા ગીતમાં શ્રી કૃષ્ણે દત્તાત્રેય ભગવાનના ૨૪ ગુરુઓ કહ્યા છે. એવું માનવામાં આવે છે કે દત્તાત્રેયે ૨૪ ગુરુઓ પાસેથી શિક્ષણ પ્રાપ્ત કર્યું હતું. પરિણામે દત્તાત્રેયના નામે દત્ત સંપ્રદાયનો ઉદ્દભવ થયો. ભગવાન દત્તાત્રેયની આરાધના કરવાથી પિતૃ દોષમાંથી મુક્તિ મળે છે.

ત્રેતાયુગમાં શ્રી દત્તાત્રેય ભગવાનની હાજરીમાં જુનાગઢનો ભવનાથનો મેળો ૨૦ લાખ વર્ષ પહેલાં શરૂ થયો હતો.

### "દત્ત જયંતિ" પર "પૂજનવિધિ

સ્વચ્છ અને ધોયેલા વસ્ત્ર ધારણ કરીને ઘરના મંદિર પાસે અથવા ઘરની સ્વચ્છ જગ્યા પાસે એક બાજોઠ પર પ્રભુ દત્તાત્રેયની તસવીર કે મૂર્તિની સ્થાપના કરીને તેમને ગંગા જળથી અભિષેક કરો. આ પછી ધૂપ, દીવો, પીળા પુષ્પો, પીળા રંગની મીઠાઈ નૈવેદ્ય વગેરે અર્પણ કરીને ગણેશજી કુળદેવી કે કુળદેવતા, ગુરુદેવ તેમજ ભગવાન શિવ તેમજ માતા પાર્વતી નું સ્મરણ કરીને તેમના મંત્રોના જાપ કર્યા પછી, પૂજાના અંતે, દત્તાત્રેય સ્તોત્રનો પાઠ કરવો જોઈએ.

### આ મંત્રોના જાપ કરો.

» 1 - बीज मंत्र -ॐ द्रां।
» 2 - तांत्रोक्त दत्तात्रेय मंत्र, 'ॐ द्रांदत्तात्रेयाय नम:
» 3 - दत्त गायत्री मंत्र-'ॐ दिगंबराय विद्महेयोगीश्रारय्धीमही तन्नो दत: प्रचोद
» 4- दत्तात्रेय का महामंत्र- 'दिगंबरा-दिगंबरा श्रीपाद वल्लभ दिगंबरा'
» 5- दक्षिणामूर्ति बीजम च रामा बीकेन संयुक्तम्।

મંત્રજાપ પૂર્ણ થયા બાદ પ્રભુ સમક્ષ સંકટોને દૂર કરવા માટે તેમજ કામનાપૂર્તિ અર્થે પ્રાર્થના કરીને પશુ, પક્ષીઓને ભોજન કરાવવું જોઈએ.

- ડો. જયેન્દ્ર કૃષ્ણાલાલ નાયક (સંગીતકાર)

# વડાપ્રધાન નરેન્દ્ર મોદીના હસ્તે અભિજિત મૂહુર્તમાં અયોધ્યા રામમંદિરે ધ્વજા આરોહણ

## આખા દેશમાં રામ મંદિરની સ્થાપનાના 500 વર્ષના યજ્ઞની આખરે પૂર્ણાહૂતિ : મોદી

**અયોધ્યા**

અયોધ્યામાં ભવ્ય રામ મંદિરમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ મંગળવારે સવારે વૈદિક મંત્રોચ્ચાર વચ્ચે અભિજિત મૂહુર્તમાં ભવ્ય રામ મંદિરના ૧૬૧ ફૂટ ઊંચા શિખર પર ભગવા ધર્મ ધ્વજા સ્થાપિત કરી હતી. આ સમયે પીએમ મોદીએ જણાવ્યું કે, રામ મંદિર પર ધર્મ ધ્વજાની સ્થાપના સાથે આજે એ યજ્ઞાની પૂર્ણાહૂતિ થઈ છે, જે ૫૦૦ વર્ષ સુધી પ્રજ્વલિત રહ્યો. સદીઓના ઘા હવે પૂરાઈ રહ્યા છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ મંગળવારે સવારે શ્રી રામ જન્મભૂમિ મંદિરમાં વિવાહ પંચમીના દિવસે ઐતિહાસિક ધ્વજારોહણ સમારંભ પહેલાં શેષાવતાર મંદિર અને સપ્તઋષિ મંદિરોમાં પૂજા-અર્ચના કરી હતી. ત્યાર પછી ભવ્ય રામ મંદિરમાં પીએમ મોદી અને રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘના પ્રમુખ મોહન ભાગવતે રામ લલા અને દરબાર ગર્ભ ગૃહમાં ભગવાન રામની પૂજા-આરતી કર્યા હતા.



# હું CM બનવાની રેસમાં છું,પણ શિવકુમારને બનાવો તો પણ સ્વીકાર્ય છે : જી. પરમેશ્વર

**બેંગ્લોર**

કર્ણાટક કોંગ્રેસમાં મુખ્યમંત્રી સિદ્ધારમૈયા અને નાયબ મુખ્યમંત્રી ડી. કે. શિવકુમાર વચ્ચેના કથિત સત્તા-વહેંચણી કરારને લઈને ચાલી રહેલા વિવાદ વચ્ચે રાજ્યના ગૃહમંત્રી જી. પરમેશ્વરે એક મોટું નિવેદન આપ્યું છે. તેમણે કહ્યું છે કે, ‘હું પણ CM બનવાની રેસમાં છું. જો કોંગ્રેસ હાઈકમાન્ડ ડી. કે. શિવકુમારને મુખ્યમંત્રી તરીકે નિયુક્ત કરવાનો નિર્ણય લેશે, તો તેમને તે સંપૂર્ણપણે સ્વીકાર્ય હશે.’

ગૃહમંત્રી જી. પરમેશ્વરનું આ નિવેદન સિદ્ધારમૈયાની છાવણી તરફથી આવતા સંકેતોમાં સૌથી મજબૂત માનવામાં આવી રહ્યું છે, કારણ કે તે સત્તા પરિવર્તનની શક્યતાનો સ્વીકાર કરે છે. પત્રકારો સાથે વાત કરતાં જી. પરમેશ્વરે કહ્યું, ‘જ્યારે મને મુખ્યમંત્રી પદ માટેની મારી આકાંક્ષાઓ વિશે પૂછવામાં આવે છે, ત્યારે હું કહું છું કે હું રેસમાં છું.’ તેમણે ઉમેર્યું કે, ‘જો પાર્ટી હાઈકમાન્ડ ટ્રાન્ઝિશન(સત્તા પરિવર્તન)ને મંજૂરી આપે અને ડી. કે. શિવકુમાર મુખ્યમંત્રી બને, તો અમે તેને સ્વીકારીશું. જો પક્ષ દ્વારા સંક્રમણને મંજૂરી આપવામાં આવે, તો તે સરળ અને શાંતિપૂર્ણ રહેશે.’ આ ઉપરાંત તેમણે સ્પષ્ટતા કરી કે આ સમગ્ર મામલે અંતિમ નિર્ણય કોંગ્રેસ હાઈકમાન્ડનો જ રહેશે.

# OTT પ્લેટફોર્મ પર બિભત્સ કન્ટેન્ટ નહી ચલાવાય, કંપનીઓને સરકારની ચેતવણી

**નવી દિલ્હી**

ભારતમાં નેટફ્લિક્સથી લઈને ડિઝની પ્લસ હોટ સ્ટાર, એમેઝોન પ્રાઈમ વીડિયો, જિયો સિનેમા, એમેક્સ પ્લેયર જેવા કેટલાક ડિઝિટલ પ્લેટફોર્મ છે, જે હાલ ખૂબ ચાલે છે. બોલિવૂડના ટોપ એક્ટર પણ ઓટીટી પર પગ મુકી રહ્યા છે.

વેબસીરીઝમાં બતાવવામાં આવતા સીન બોલ્ડ અને હિંસાથી ભરમાર છે, જેની પર હવે કેચી ચાલવાની છે. OTT પ્લેટફોર્મ પર અશ્લીલતાથી ભરપૂર દશ્યો બતાવવામાં આવે છે જેને કારણે લોકો વેબ સીરિઝને પરિવાર સાથે બેસીને જોઈ શકતા નથી. હાલમાં જેટલી પણ વેબ સીરિઝો બની રહી છે તેમાં મોટાભાગમાં કોઈને કોઈ એવા અશ્લિલ સીન હોય છે જે પરિવાર સાથે જોઈ શકાતા નથી. જેથી યુવા અને બાળકો પર તેની ખોટી અસર પડી રહી છે. હવે સરકારે ઓટીટી પ્લેટફોર્મ પર આ રીતના કન્ટેન્ટ પર કેચી ચલાવવાનો નિર્ણય લીધો છે. એક સરકારી ડૉક્યૂમેન્ટ અને સોર્સ અનુસાર, ભારતે નેટફ્લિક્સ, ડિઝની અને અન્ય સ્ટ્રીમિંગ સેવાઓને કહ્યું કે, ઓનલાઈન બતાવવામાં આવ્યા પહેલા કન્ટેન્ટની અશ્લીલતા અને હિંસા માટે ઈન્ડિપેડન્ટ રીતે રિવ્યૂ કરવો જોઈએ.

# દિલ્હી બ્લાસ્ટ કેસમાં સાતમી ધરપકડ, આત્મઘાતી હુમલાખોર ઉમરને શરણ આપનારો યુવક ઝડપાયો

## તપાસમાં લોજિસ્ટિક સપોર્ટનો ખુલાસો, શોએબે ઉમરને આશ્રય આપ્યો હતો

**નવી દિલ્હી**

દિલ્હીના લાલ કિલ્લા નજીક થયેલા કાર બોમ્બ બ્લાસ્ટના મામલે NIA(નેશનલ ઈન્વેસ્ટિગેશન એજન્સી)એ મોટી સફળતા મેળવી છે. આતંકવાદી ડૉક્ટર ઉમર-ઉન-નબીને આશ્રય પૂરો પાડનાર એક વધુ શખ્સની ધરપકડ કરવામાં આવી છે. NIAએ ફરીદાબાદના ધૂજ વિસ્તારમાં રહેતા શોએબ નામના આ શખ્સની ધરપકડ કરી છે. આ ધરપકડ સાથે જ, સમગ્ર કેસમાં ઝડપાયેલા આરોપીઓની કુલ સંખ્યા 7 થઈ ગઈ છે.

10 નવેમ્બરના રોજ દિલ્હીમાં કાર બોમ્બ બ્લાસ્ટ થયો તે પહેલાં આરોપી શોએબે આતંકવાદી ઉમરને લોજિસ્ટિક સપોર્ટ પૂરો પાડ્યો હતો. આ ભયાનક હુમલામાં 15 લોકોએ જીવ ગુમાવ્યો હતો અને અન્ય ઘણા લોકો ઘાયલ થયા હતા. આ ષડયંત્રના મૂળ સુધી પહોંચવા માટે સુરક્ષા એજન્સી દ્વારા સ્થાનિક પોલીસ સાથે મળીને અનેક રાજ્યોમાં સતત દરોડા પાડવામાં આવી રહ્યા છે અને ઊંડાણપૂર્વક તપાસ ચાલી રહી છે. ધરપકડ કરાયેલો શોએબ અલ-ફલાહ યુનિવર્સિટીમાં વોર્ડ બૉય તરીકે કાર્યરત હતો. તે આતંકવાદીઓ ઉમર અને મુઝમ્મિલને અગાઉથી જ સારી રીતે ઓળખતો હતો, કારણ કે તે મેવાત વિસ્તારમાંથી દર્દીઓને તેમની પાસે સારવાર માટે લઈ જતો હતો. શોએબે આતંકવાદી ઉમરને નૂંહમાં તેની સાળીના ઘરે રોકાવવાની સગવડ પૂરી પાડી હતી.

# દુબઈમાં તેજસ ક્રેશ થઈ જતાં ભારતને નુકસાન આર્મેનિયાએ 10 હજાર કરોડની ડીલ અટકાવી!

## જો આ ડીલ પૂર્ણ થઇ ગઇ હોત તો તે તેજસ માટેનો પ્રથમ નિકાસ ઓર્ડર બન્યો હોત

**ભારત**

દુબઈના અલ-મકતૂમ ઈન્ટરનેશનલ એરપોર્ટ પર 21 નવેમ્બર, 2025ના રોજ એર-શો દરમિયાન ભારતનું લડાકુ વિમાન તેજસ Mk-1A ક્રેશ થયું હતું, જેમાં પાયલટનું મૃત્યુ થયું. ઈઝરાયલી મીડિયા પાસેથી મળતી જાણકારી અનુસાર આ ઘટના બાદ આર્મેનિયન સરકારે ભારત પાસેથી તેજસ ફાઈટર જેટ ખરીદવા અંગેની વાતચીત હાલમાં રોકી દીધી છે. જોકે આર્મેનિયા તરફથી કોઈ સત્તાવાર નિવેદન આવ્યું નથી.



આર્મેનિયા HAL (હિન્દુસ્તાન એરોન્યુટિક્સ લીમિટેડ) અને ભારત સાથે 1.2 બિલિયન ડૉલર એટલે કે આશરે 10 હજાર કરોડના મૂલ્યે 12 તેજસ એરક્રાફ્ટ ખરીદવાની ડીલના અંતિમ તબક્કામાં હતું. જો આ ડીલ પૂર્ણ થઈ હોત, તો તે તેજસ માટેનો પ્રથમ નિકાસ ઓર્ડર બન્યો હોત. તેજસ પ્રોજેક્ટની શરૂઆત 1982માં MiG-21 વિમાનોને બદલવાના હેતુથી લાઈટ કૉમ્બેટ એરક્રાફ્ટ તરીકે થઈ હતી, જેને 1990માં ‘તેજસ’ નામ આપવામાં આવ્યું. જોકે, પ્રોડક્શનનો પ્રારંભ થયો હોવા છતાં, ભારતીય વાયુ સેનાને અત્યાર સુધીમાં માત્ર 40 તેજસ જ મળ્યા છે.

# કર્ણાટકમાં કાર અકસ્માત, IAS ઓફિસર અને તેમના બે ભાઈ સહિત 3ના મોત થયા

**બેંગ્લોર**

કર્ણાટકના કલબુર્ગીમાં કાર અકસ્માતમાં એક IAS અધિકારી અને તેના બે ભાઈઓના મોત નિપજ્યા છે. મૃતકોમાં 2012ની બેચના IAS અધિકારી 51 વર્ષીય મહંતશ બિલાગી સામેલ છે, જે કર્ણાટક રાજ્ય ખનિગ નિગમના મેનેજિંગ ડિરેક્ટર તરીકે સેવા આપતા હતા.

મળતી માહિતી મુજબ, આ માર્ગ અકસ્માત મંગળવારે જેવાર્ગી તાલુકાના ગૌનાલ્લી ક્રોસ પાસે થયો હતો. જેવાર્ગી બાઈપાસ પાસે તેમની ઈનોવા કાર પલટી ગઈ હતી. મહંતશ અને તેમના 55 વર્ષીય ભાઈ શંકર બિલાગી અને 53 વર્ષીય ભાઈ ઈરન્ના બિલાગી વિજયપુરાથી કલબુર્ગી જઈ રહ્યા હતા. શંકર બિલાગી અને ઈરન્ના બિલાગીનું ઘટનાસ્થળે જ મોત નિપજ્યું હતું. મહતંશને એક ખાનગી હોસ્પિટલમાં સારવાર અર્થે લઈ જવામાં આવ્યા પરંતુ, તેમનો જીવ બચાવી શકાયો નહીં. અને કાર ચાલક સામાન્ય ઈજા સાથે બચી ગયો છે.

બેલગાવી જિલ્લાના રામદુર્ગના રહેવાસી મહંતશે ઉડ્ડુપી, દાવણગેરે અને ચિત્રદુર્ગમાં વિવિધ પદો પર કામ કર્યું છે. કર્ણાટક રાજ્ય ખનીજ નિગમના એમડીનું પદ સંભાળ્યા પહેલાં તેઓ બેસ્કોમના મેનેજિંગ ડિરેક્ટર પણ હતા.

# 2014ની ચૂંટણીમાં મોસાદ-CIAએ કોંગ્રેસને હરાવવાનું કાવતરું રચ્યું : કુમાર કેતકર

**નવી દિલ્હી**

પૂર્વ કોંગ્રેસ સાંસદ કુમાર કેતકરે બુધવારે 2014ની લોકસભા ચૂંટણી પરિણામોને લઈને મોટો દાવો કર્યો છે. પૂર્વ સાંસદે કહ્યું કે, અમેરિકા અને ઈઝરાયલની ગુપ્ત એજન્સી, CIA અને મોસાદે 2014ની લોકસભા ચૂંટણીમાં કોંગ્રેસની હારનું કાવતરૂ રચ્યું હતું. બંધારણ દિવસના અવસરે કોંગ્રેસ દ્વારા આયોજિત એક કાર્યક્રમમાં બોલતા, રાજ્યસભાના પૂર્વ સભ્યએ કહ્યું કે, પાર્ટીએ 2004ની લોકસભા ચૂંટણીમાં 145 બેઠકો જીતી અને તેના પાંચ વર્ષ બાદ આયોજીત સામાન્ય ચૂંટણીમાં 206 બેઠકો જીતી હતી. જો આ સિલસિલો યથાવત રહ્યો તો કોંગ્રેસ 250 બેઠકો જીતીને સત્તામાં રહી શકતી હતી. જોકે, 2014માં પાર્ટીને મળીને બેઠકોની સંખ્યા ઘટીને 44 રહી ગઈ હતી.

# હરિયાણામાં કાર નં. HR88B8888 માટે કરોડપતિએ 1.17 કરોડ રૂપિયા ચૂકવ્યા

## દેશનો સૌથી મોંઘો VIP નંબર વેચાયો હોવાનું સામે આવ્યું

**હરિયાણા**

કેટલાક શોખીન લોકો પોતાના વાહનો માટે પસંદગીના નંબર મેળવવા લાખો-કરોડો રૂપિયાનો ખર્ચ કરતા હોય છે. લકી નંબરની ચાહમાં વ્યક્તિ મોટી રકમ ચૂકવતા હોય છે, ત્યારે હરિયાણામાં દેશનો સૌથી મોંઘો VIP નંબર વેચાયો હોવાનું સામે આવ્યું છે. જેમાં કારના નંબર પ્લેટ ‘HR 88 B 8888’ માટે એક વ્યક્તિએ રૂ.1.17 કરોડ ચૂકવ્યા છે. VIP નંબરની હરાજીમાં HR 88 B 8888’ માટે કુલ 45 અરજી આવી હતી. જેની મૂળ બોલી કિંમત રૂ.50,000 નક્કી કરવામાં આવી હતી, જે દર મિનિટે વધતી ગઈ અને સાંજે 5 વાગ્યે રૂ.1.17 કરોડ સુધી પહોંચી હતી.

હરિયાણામાં VIP અથવા ફેન્સી નંબર પ્લેટની સાપ્તાહિક ઓનલાઈન હરાજી થાય છે. બોલી લગાવનારાઓ શુક્રવારે સાંજે 5 વાગ્યાથી સોમવારે સવારે 9 વાગ્યા સુધી તેમની પસંદગીની નંબર પ્લેટ માટે સત્તાવાર વેબસાઈટ fancy.parivahan.gov.in પર અરજી કરે છે.

# ભારતીય વાયુસેના પાકિસ્તાન બોર્ડર પાસે 3-6 ડિસેમ્બર સુધી સૈન્ય અભ્યાસ કરશે

**નવી દિલ્હી**

ભારતે પાકિસ્તાનની બોર્ડરથી જોડાયેલા દક્ષિણી ક્ષેત્રમાં ભારતીય વાયુસેનાના મોટા સૈન્ય અભ્યાસ માટે એરસ્પેસ રિઝર્વ કરવાનું નોટમ (NOTAM) જાહેર કર્યું છે. આ અભ્યાસ 3 ડિસેમ્બરથી 6 ડિસેમ્બર 2025 સુધી ચાલશે. નોટમના અનુસાર, આ એરસ્પેસ રિઝર્વ રાજસ્થાનના જોધપુર અને બાડમેર વિસ્તારથી જોડાયેલો છે. જે પાકિસ્તાનના રહીમ યાર ખાન અને કરાચી એર ટ્રાફિક રૂટ્સની નજીક આવે છે. નોટમનો ઉદ્દેશ્ય ભારતીય વાયુસેનાની એર એક્સરસાઈઝ છે. જેના કારણે પાકિસ્તાનના રૂટને અસર પહોંચશે. એક્સરસાઈઝની શરુઆત 3 ડિસેમ્બર 2025થી શરુ થશે અને રાત્રે 8:30 વાગ્યે તે પૂર્ણ થશે. આ અભ્યાસ 6 ડિસેમ્બરે સમાપ્ત થશે.

# એમપીમાં 6 વર્ષની બાળકી સાથે દુષ્કર્મ, ઠેર ઠેર ચક્કાજામ, પથ્થમારો

## ઘટનાને અંજામ આપ્યા બાદ આરોપી સલમાન ફરાર, દેખાવકારો અને પોલીસ વચ્ચે ઝપાઝપી, અનેક શહેર બંધ રાખવા રેલીઓ યોજાઈ

**રાયસેન**

મધ્યપ્રદેશના રાયસેન જિલ્લામાં છ વર્ષની માસૂમ બાળકી પર દુષ્કર્મની ઘટના બાદ ગૌહરગંજ, સિહોર સહિત અનેક જિલ્લામાં વાતાવરણ તંગ બન્યું છે. રિપોર્ટ મુજબ દેખાવકારો અને પોલીસ વચ્ચે ઝપાઝપી, પોલીસનો બળપ્રયોગ અને દેખાવકારોએ પથ્થર મારો કર્યો હોવાની વિગતો સામે આવી છે.

21 નવેમ્બરના રોજ રાયસેન જિલ્લામાં છ વર્ષની માસૂમ બાળકી પર દુષ્કર્મની ઘટના બની હતી. પાંચ દિવસ બાદ પણ હેવાન આરોપી ન પકડાતા લોકો રોષે ભરાયા છે. ઘટનાનો વિરોધ કરવા માટે એક શાળાના મેદાનમાં શાંતિપૂર્વક દેખાવો યોજાયા હતા, જોકે ત્યારબાદ ભીડે અચાનક ઘટનાસ્થળ તરફ જવાનો પ્રયાસ કરતા મામલો બિચક્યો છે. ભીડને આગળ વધતી અટકાવવા માટે પોલીસે સામાન્ય બળપ્રયોગ કર્યો હોવાનો અને દેખાવકારોએ પથ્થરમારો કર્યો હોવાની માહિતી સામે આવી છે. સુરક્ષાને ધ્યાને રાખીને અને કોઈ મોટી ઘટના ન બને તે માટે પોલીસે આસપાસના વિસ્તારોમાં શોધખોળ અભિયાન શરૂ કરી દીધું છું.

### સિહોર બંધ રાખવા રેલીઓ, આરોપીને મૃત્યુદંડ આપવા માંગ

માસૂમ બાળકી પર હેવાનીયતભર્યું કૃત્ય કરનાર આરોપીને મૃત્યુદંડની સજા આપવાની માંગ કરવામાં આવી રહી છે. ઘટનાને લઈને સિહોરમાં પણ લોકો ગુસ્સે ભરાયા છે અને શહેર બંધ રહેવાની સાથે રેલીઓ પણ કાઢવામાં આવી રહી છે. આ ઉપરાંત રાષ્ટ્રપતિને આવેદનપત્ર આપીને આરોપી સલમાનને મૃત્યુદંડ આપવાની માંગ કરવામાં આવી છે.



# ભારતમાં 'રેર અર્થ'નું ઉત્પાદન વધારવા 7280 કરોડ ફાળવાયા

## ગુજરાત-મહારાષ્ટ્રમાં બે રેલવે પ્રોજેક્ટ્સને પણ મંજૂરી

**નવી દિલ્હી**

દેશના આર્થિક વિકાસ માટે કેન્દ્ર સરકાર દ્વારા બે મોટા નિર્ણયો લેવામાં આવ્યા છે, વડાપ્રધાન નરેન્દ્ર મોદીની અધ્યક્ષતામાં કેબિનેટની બેઠક યોજાઈ હતી જેમાં પર્માનન્ટ મેગ્નેટ્સ (રેર અર્થ મેગ્નેટ)ના ઘરેલુ ઉત્પાદનને પ્રોત્સાહન આપનારી નવી યોજનાને મંજૂરી આપવામાં આવી છે. જે માટે આશરે રૂ. ૭૨૮૦ કરોડનું બજેટ નક્કી કરાયું છે. ગુજરાત અને મહારાષ્ટ્ર માટે બે રેલવે પ્રોજેક્ટ્સને પણ મંજૂરી અપાઈ છે. રેર અર્થનું ઉત્પાદન એક રીતે ચીનને જવાબ આપવામાં પણ મદદરૂપ થશે. રેર અર્થ મેગ્નેટ્સના ઉત્પાદનને પ્રોત્સાહન આપવા માટે બુધવારે કેન્દ્રીય કેબિનેટ દ્વારા ૭૨૮૦ કરોડ રૂપિયાની યોજનાને મંજૂર કરાઈ છે. આ યોજનાને પગલે ભારતમાં જ રેર અર્થ મેગ્નેટનું પ્રોડક્શન થઈ શકશે. કેન્દ્રીય મંત્રી અશ્વિની વૈષ્ણવે કહ્યું હતું કે આ સ્કીમમાં ૬૪૫૦ કરોડ રૂપિયા પણ સામેલ છે કે જે આગામી પાંચ વર્ષમાં ઉદ્યોગોને આપવામાં આવશે.

# ઉત્તરપ્રદેશમાં લગ્ન સમારોહથી પાછા આવતા જાનૈયાઓની કાર નહેરમાં ખાબકી, 5ના મોત

## ડ્રાઈવરને તાત્કાલિક હોસ્પિટલ ખસેડાયો, સ્થાનિકોએ લોકોને બહાર કાઢ્યા હતા

**લખનઉ**

ઉત્તર પ્રદેશમાં જાનૈયા સાથે અકસ્માતની ઘટના સામે આવી છે. બુધવારે સવારે લગ્નથી પરત ફરતી વખતે જાનૈયાઓની ગાડી નહેરમાં ખાબકી હતી. આ અકસ્માતમાં પાંચ લોકોના મોત થઈ ચુક્યા છે. કાર ડ્રાઈવરની સ્થિતિ હાલ નાજુક જણાવવામાં આવી રહી છે. અકસ્માતની જાણકારી મળતા જ પોલીસ ઘટનાસ્થળે પહોંચી ગઈ હતી





અને ગ્રામીણોની મદદથી કારમાં સવાર લોકોને બહાર નીકળવામાં આવ્યા હતા. ડ્રાઈવરને એમ્બ્યુલન્સથી હોસ્પિટલ ખસેડવામાં આવ્યો છે.

પોલીસના પહોંચતા જ ટોર્ચના પ્રકાશમાં ગ્રામીણો સાથે બચાવ કામગીરી શરૂ કરવામાં આવી. હોડી દ્વારા પોલીસ કાર સુધી પહોંચી અને કારનો દરવાજો ખોલવામાં આવ્યો. જ્યારે કારમાં સવાર લોકોને બહાર કાઢવામાં આવ્યા તો છમાંથી પાંચ લોકોનું મોત થઈ ચુક્યું હતું. ડ્રાઈવરના શ્વાસ ચાલતા જોઈ તેને તાત્કાલિક હોસ્પિટલ ખસેડવામાં આવ્યો. જોકે, હજુ તેની સ્થિતિ નાજુક જણાવવામાં આવી રહી છે.

# મણિપુરમાં 40 કિલો વિસ્ફોટક ભરેલું લાંબા અંતરનું રોકેટ મળી આવતા ભારે ખળભળાટ

## ચુરાચંદપુર, કાંગપોકમી અને ઇમ્ફાલમાંથી હથિયારો, દારુગોળો-વિસ્ફોટકો જપ્ત કરાયા

**ચુરાચંદપુર**

મણિપુરના ચુરાચંદપુર જિલ્લામાં આશરે 40 કિલોગ્રામ વિસ્ફોટકોથી ભરેલુ એક લાંબા અંતરનું રોકેટ જપ્ત કરાતા આ વિસ્તારમાં દહેશત ફેલાઈ છે.સુરક્ષાદળોએ છેલ્લા 24 કલાકમાં ચુરાચંદપુર, કાંગપોકમી અને ઈમ્ફાલ પશ્ચિમ એમ ત્રણ જિલ્લાઓમાંથી મોટી માત્રામાં હથિયારો, દારુગોળો અને વિસ્ફોટકો જપ્ત કરવામાં આવ્યાં છે.

શોધખોળ ઓપરેશન દરમિયાન સુરક્ષાદળોએ લગભગ 40 કિલોગ્રામ



વિસ્ફોટકોથી ભરેલ એક લોંગ રેન્જ રોકેટ, રોકેટ લોન્ચીંગ સ્ટેન્ડ, બેટરી પીસની સાથે પાંચ બોરી રેતી મળી આવી હતી. અધિકારીઓ અનુંસાર હાલમાં જપ્ત કરેલ રોકેટ સુરક્ષાદળોની સૌથી મોટી સફળતા છે. અધિકારીઓએ વધુમાં જણાવ્યું હતું કે છેલ્લા કેટલાક સપ્તાહથી રાજ્યના સંવેદનશીલ વિસ્તારોમાં શોધખોળ અભિયાન ચલાવવામાં આવી રહ્યું છે. સરહદ કે પહાડી વિસ્તારોમાંથી ગેરકાયદે સમુહોની ગતિવિધી પર રોક માટે આ અભિયાન મહત્વનું માનવામાં આવે છે. જ્યાંથી હથિયારો આવવાની સંભાવના વધુ રહે છે તે દરેક સ્થળોની તપાસ હાથ ધરવામાં આવી રહી છે. આ અભિયાનમાં સુરક્ષાદળોને સફળતા મળી રહી છે.

# PM મોદીએ લોન્ચ કર્યું ભારતનું પ્રથમ પ્રાયવેટ કોમર્શિયલ રોકેટ 'વિક્રમ-1'

**નવી દિલ્હી**

પ્રાઈમ મિનિસ્ટર નરેન્દ્ર મોદી દ્વારા હાલમાં જ વિક્રમ-1 રોકેટ લોન્ચ કરવામાં આવ્યું છે. ભારતમાં હવે પ્રાયવેટ સ્પેસ સેક્ટર શરુ થઈ રહ્યું છે. ભારતને સ્પેસ સેક્ટરમાં આગળ પહોંચાડવા માટે સરકાર ખૂબ જ કોશિશ કરી રહી છે. નરેન્દ્ર મોદી દ્વારા સ્કાયરૂટ એરોસ્પેસનું ઈન્ફિનિટી કેમ્પસનું પણ ઉદ્ઘાટન કરવામાં આવ્યું છે. વિક્રમ-1 એક પ્રાયવેટ ઓર્બિટ રોકેટ છે. એના દ્વારા ભારત હવે સ્પેસમાં ખૂબ જ ઝડપથી આગળ વધશે. આ પ્રાયવેટ સેક્ટરનો ઉપયોગ હવે ઈસરો અને દેશના અન્ય સ્પેસ એજન્સીઓ પણ કરી શકશે.

ઈન્ફિનિટી કેમ્પસને બે લાખ સ્કવેર ફૂટમાં બનાવવામાં આવ્યું છે. એમાં દર મહિને એક રોકેટને લોન્ચ કરવાની ક્ષમતા છે. વિક્રમ-1ની કાર્બન કોમ્પોઝિટ બોડી છે. તેના ચોથા સ્ટેજમાં 3D પ્રિન્ટેડ લિક્વિડ એન્જિનનો ઉપયોગ થાય છે. એના કારણે તે જૂની ડિઝાઈન કરતાં એકદમ હલકું છે. સ્કાયરૂટ આ દ્વારા લોન્ચને ખૂબ જ ઝડપી અને ફ્લેક્સિબલ બનાવવા માગે છે. આ ડિઝાઈન દ્વારા તેમણે ઈનોવેશન કર્યું હોવાથી એ ગેમ ચેન્જર બની શકે છે.

# ઉત્તરપ્રદેશના મિર્ઝાપુરમાં જામા મસ્જિદમાં મોડી રાતે આગ લગાવી, પાંચ લોકો પકડાયા

**મિર્ઝાપુર**

ઉત્તરપ્રદેશમાંથી એક શરમજનક ઘટના સામે આવી છે. ઉત્તર પ્રદેશના મિરઝાપુરમાં આવેલી જામા મસ્જિદમાં રાતે આગ લગાવી દેવામાં આવી હતી. મસ્જિદનો ગેટ પણ આ આગની લપેટમાં આવી ગયો હતો. આ સાથે જ મસ્જિદના ગેટને નુકસાન પહોંચાડવાનો પણ પ્રયાસ કરવામાં આવ્યો હતો. ઘટનાની જાણ થતાં જ હડકંપ મચી ગયો હતો. પોલીસ અને ફાયર બ્રિગેડની ટીમો ઘટનાસ્થળે પહોંચી અને આગને કાબુમાં લીધી અને ભારે સુરક્ષા દળો તહેનાત કરી દેવામાં આવ્યા છે. હવે મિરઝાપુર પોલીસે એ તમામ લોકોની ધરપકડ કરી લીધી છે જેમણે મસ્જિદમાં આગ લગાવી હતી. તમને જણાવી દઈએ કે, આ તમામ લોકો મસ્જિદમાં આગ લગાવીને ઘટના સ્થળેથી ભાગી ગયા હતા. પરંતુ પોલીસે તપાસ બાદ આ તમામને દબોચી લીધા છે.

આ સમગ્ર ઘટના મિરઝાપુરના ચુનાર પોલીસ સ્ટેશન વિસ્તારના મોચી ટોલામાં સ્થિત જામા મસ્જિદમાં ઘટી હતી. અહીં રાતે લગભગ 2:00 વાગ્યે મસ્જિદમાંથી અચાનક આગની જ્વાળાઓ નીકળવા લાગી હતી. આ જોઈને ઘટનાસ્થળે હડકંપ મચી ગયો અને લોકોએ પોલીસને ઘટના અંગે જાણ કરી હતી.

# મહારાષ્ટ્રમાં શિંદેના લંકાવાળા નિવેદન સામે ફડણવીસનો વળતો ઘા 'ભગવાન રામના અનુયાયી છીએ, રાવણના નહીં'

## હિન્દુત્વની વિચારધારા પર દાવો કરનારા ભાજપ અને શિવસેના વચ્ચે ખટરાગ

**મુંબઈ**

મહારાષ્ટ્રના સત્તાધારી ગઠબંધનમાં પડેલી તિરાડો હવે સ્પષ્ટપણે દેખાઈ રહી છે. હિન્દુત્વની વિચારધારા પર દાવો કરનારા બે મુખ્ય સાથી પક્ષો - ભાજપ અને શિવસેના - વચ્ચેનો ખટરાગ હવે બંધ બારણેથી નીકળીને જાહેરસભાઓ સુધી પહોંચી ગયો છે. નેતાઓનો પક્ષપલટો અને અન્ય મુદ્દાઓ પર ચાલી રહેલા મતભેદો વચ્ચે, અત્યાર સુધી શાંત રહેતા દેવેન્દ્ર ફડણવીસે પણ આખરે મૌન તોડીને શિવસેના પર શબ્દબાણ છોડ્યા છે.

આ સમગ્ર વિવાદની શરૂઆત પાલઘર જિલ્લામાં નગર પંચાયતની ચૂંટણી પ્રચાર રેલી દરમિયાન થઈ હતી. ભાજપ દ્વારા શિવસેનાના કેટલાક કોર્પોરેટરોને પોતાની પાર્ટીમાં સામેલ કરાતા મુખ્યમંત્રી એકનાથ શિંદે ભારે નારાજ હતા. તેમણે ભાજપનું નામ લીધા વિના જ કટાક્ષ કર્યો, "રાવણ પણ અહંકારી હતો અને તેની લંકા પણ બળી ગઈ હતી. તમારે પણ 2 ડિસેમ્બરે (ચૂંટણીના દિવસે) એવું જ કરવાનું છે." શિંદેનો આ ઈશારો સીધો જ ભાજપ તરફ હતો, જેણે ગઠબંધનમાં આગ ચાંપી દીધી. વિવાદિત મુદ્દાઓ પર ટિપ્પણી કરવાથી બચતા દેવેન્દ્ર ફડણવીસે બુધવારે શિંદેના 'લંકા' વાળા નિવેદન પર જબરદસ્ત વળતો પ્રહાર કર્યો. તેમણે કટાક્ષભર્યા અંદાજમાં કહ્યું, "જે લોકો અમારા વિશે ગમે તે બોલે છે, તેમની અવગણના કરો. તેઓ કહી શકે છે કે અમારી લંકા બાળશે. પણ અમે લંકામાં નથી રહેતા. અમે ભગવાન રામના અનુયાયી છીએ, રાવણના નહીં!"

### ગ્લાસ્ગોમાં યોજાયેલી બેઠકમાં ભારતના પ્રસ્તાવ પર સભ્ય દેશો સંમત

# અમદાવાદ કરશે કોમનવેલ્થ ગેમ્સ 2030ની યજમાની

**અમદાવાદ**

27 નવેમ્બરનો દિવસ ગુજરાત અને સમગ્ર ભારત માટે ખૂબ જ ઐતિહાસિક છે. અમદાવાદમાં કોમનવેલ્થ ગેમ્સ 2030 યોજાશે, જેની હવે સત્તાવાર જાહેરાત કરી દેવાઈ છે. સ્કોટલૅન્ડના ગ્લાસ્ગો ખાતે યોજાયેલી કોમનવેલ્થ ગેમ્સની જનરલ એસેમ્બલીમાં 26 નવેમ્બરે અંતિમ નિર્ણયની જાહેરાત કરાઈ છે.



વસ્ત્રાલ ખાતે રુપિયા ૫ર કરોડના ખર્ચથી સ્પોર્ટસ કોમ્પ્લેકસ બનાવાઈ રહયુ છે. આ ઉપરાંત શહેરના વિવિધ વિસ્તારમાં પાંચ નવા સ્પોટર્સ કોમ્પ્લેકસ બનાવાશે.ત્રણ હજાર ખેલાડીઓ માટે એથ્લેટિકસ વિલેજ બનાવવા પણ આયોજન હાથ ધરવામા આવશે.

અમદાવાદમાં વિશ્વના સૌથી મોટા નરેન્દ્ર મોદી સ્ટેડિયમ ઉપરાંત સરદાર પટેલ સ્પોર્ટસ એન્કલેવની સુવિધા પ્રાપ્ત છે. નારણપુરા ખાતે રુપિયા ૮૨૫કરોડથી વધુના ખર્ચથી વીર સાવરકર સ્પોર્ટસ કોમ્પ્લેકસ એકવાટીક સેન્ટર તેમજ કોમનવેલ્થ ગેમ્સ મુજબના સ્ટાન્ડર્ડ મુજબની તમામ સુવિધાઓ ધરાવે છે. મ્યુનિસિપલ કોર્પોરેશન તરફથી શહેરમા ટ્રાન્સપોર્ટેશનની વ્યવસ્થાને ધ્યાનમા રાખીને મોટા ફેરફાર કરવામા આવશે. જે સ્થળે ધ રમતો રમાવાની છે તે વિસ્તારમાં સ્ટેડિયમ સાથે કનેકટ થતા રસ્તાઓ પહોળા કરવામા આવશે.

## 20 વર્ષ બાદ ભારત પાસે યજમાની

**ભારતે છેલ્લીવાર 2010માં દિલ્હીમાં કોમનવેલ્થ ગેમ્સની યજમાની કરી હતી. આ વખતે આ આયોજન અમદાવાદમાં થશે, જેને ગત એક દાયકામાં સ્પોર્ટ્સ ઇન્ફ્રાને વધુ ગતિથી વિકસિત કરાયું છે. 2030ની કોમનવેલ્થ બોલીમાં ભારતનો મુકાબલો નાઇઝીરિયાના શહેર અબુજા સાથે હતો, પરંતુ કોમનવેલ્થ સ્પોર્ટે આફ્રિકન દેશને 2034 એડિશન માટે વિચારમાં રાખવાનો નિર્ણય કર્યો. 2010માં દિલ્હીમાં યોજાયેલા કોમનવેલ્થ ગેમ્સમાં અંદાજિત 70,000 કરોડ રૂપિયાનો ખર્ચ થયો હતો, જે શરુઆતી અંદાજ 1,600 કરોડ રૂપિયા કરતાં ઘણો વધારે હતો. કોમનવેલ્થ ગેમ્સને ગત કેટલાક વર્ષોથી પ્રાસંગિક બનાવી રાખવા અને યજમાન શોધવા પડકારભર્યું રહ્યું છે. આ આયોજનમાં 72 દેશોના ખેલાડી ભાગ લે છે, જેમાં મોટાભાગે ભૂતપૂર્વ બ્રિટિશ વસાહતોનો સમાવેશ થાય છે.**

### દ.આફ્રિકા સામે પરાજય બાદ ગંભીરનું નિવેદન

# ‘હારની જવાબદારી બધાની પણ સૌથી પહેલા..’

ભારત અને સાઉથ આફ્રિકા વચ્ચે બીજી ટેસ્ટ ગુવાહાટીના બરસાપારા ક્રિકેટ સ્ટેડિયમમાં રમાઈ હતી. મેચના છેલ્લા દિવસે ભારત સામે 549 રનનું લક્ષ્ય હતું. જેને ચેઝ કરવામાં જ ટીમ ઈન્ડિયાનો ધબડકો થઈ ગયો હતો. 5મા દિવસની રમતની શરૂઆત થતાં જ ઉપરા છાપરી વિકેટો પડી જતાં ટીમ ઈન્ડિયા ધરાશાયી થઈ ગઇ હતી અને 140 રનમાં જ ઓલઆઉટ થઈ જતાં 408 રને હાર સાથે સીરિઝ પણ ગુમાવી દીધી છે. હવે દક્ષિણ આફ્રિકા



સામે કારમા પરાજય બાદ ગંભીરે મોટું નિવેદન આપ્યું છે.

ભારતીય ટીમે દક્ષિણ આફ્રિકા સામેની બે મેચની સીરિઝમાં ખૂબ જ નિરાશાજનક પ્રદર્શન કર્યું છે. કોલકાતામાં ભારતે પ્રથમ મેચ ત્રીજા દિવસે 30 રનથી હારી ગઈ હતી અને પછી ગુવાહાટીમાં બીજી મેચ 408 રનથી હારી ગઈ. ટેસ્ટ ક્રિકેટમાં રનની દ્રષ્ટિએ આ ભારતની સૌથી મોટી હાર છે. દક્ષિણ આફ્રિકાએ 25 વર્ષમાં ભારતમાં પ્રથમ ટેસ્ટ સીરિઝ જીતી છે. હવે દક્ષિણ આફ્રિકા સામે સૂપડા સાફ થઈ ગયા બાદ ભારતના હેડ કોચ ગૌતમ ગંભીર આગળ આવ્યા છે. તેમણે કહ્યું કે, ‘હારની જવાબદારી બધાની છે પણ સૌથી પહેલા મારી છે.’

## દક્ષિણ આફ્રિકાના કેપ્ટન ટેમ્બા બાવુમાનો વિશ્વ રેકોર્ડ

દક્ષિણ આફ્રિકાના કેપ્ટન ટેમ્બા બાવુમા હવે પ્રથમ 12 ટેસ્ટ પછી સૌથી વધુ જીત મેળવનાર કેપ્ટન બની ગયા છે. તેણે 11 ટેસ્ટ જીતી છે, જ્યારે ફક્ત એક ટેસ્ટ



ડ્રો રહી હતી. ટેસ્ટ ઈતિહાસમાં અન્ય કોઈ કેપ્ટને આ સિદ્ધિ હાંસલ કરી નથી. ઈંગ્લેન્ડના કેપ્ટન બેન સ્ટોક્સ અને ઓસ્ટ્રેલિયન કેપ્ટન લિન્ડસે હેસેટ 12 ટેસ્ટ પછી સૌથી વધુ જીત મેળવવા માટે ટેસ્ટ ઈતિહાસમાં બીજા સ્થાને છે. બંનેએ 10-10 ટેસ્ટ જીતી છે. ટેમ્બા બાવુમા ભારતમાં ટેસ્ટ સીરિઝ જીતવા માટે ટીમનું નેતૃત્વ કરનાર માત્ર બીજા આફ્રિકન કેપ્ટન છે.

## અમે એક થઈને ફરી વાપસી કરીશું : શુભમન ગિલ

ભારતીય ટીમના કેપ્ટન શુભમન ગિલે દક્ષિણ આફ્રિકા વિરૂદ્ધ 0-2ની ટેસ્ટ સીરિઝ હાર્યા બાદ એકજુટતાનો મેસેજ આપ્યો છે. ગરદનની ઈજાના કારણે



બહાર રહેનારા ગિલે કહ્યું કે, ટીમ આ મુશ્કેલ સમયથી શીખીને વધુ મજબૂત થઈને વાપસી કરશે. શુભમન ગિલે X પર ટીમની એકજુટતાનો મેસેજ આપતા લખ્યું કે, ‘શાંત સમુદ્ર ક્યારેય શીખવતા નથી કે સ્ટીયર કેવી રીતે કરવું છે, તોફાન જ તમાર પકડ મજબૂત બનાવે છે. આપણે એકબીજા પર વિશ્વાસ રાખતા રહીશું, એક-બીજા માટે લડીશું અને આગળ વધીશું.’

# WPL 2026 : દીપ્તિ શર્મા મહિલા પ્રીમિયર લીગ ઈતિહાસની બીજી સૌથી મોંઘી ખેલાડી, સ્મૃતિ મંધાના ટોપ પર



**દુબઈ**

ભારતીની સ્ટાર ઓલરાઉન્ડર અને ICC વનડે મહિલા વિશ્વ કપની પ્લેટર ઓફ ધ ટૂર્નામેન્ટ દીપ્તિ શર્માએ મહિલા પ્રીમિયર લીગ 2026ની હરાજીમાં ઈતિહાસ રચી દીધો છે. હરાજીમાં તેમની બોલી રૂ.50 લાખની બેઝ પ્રાઈસથી વધીને રૂ.3.2 કરોડ થઈ હતી. યુપી વોરિયર્સે રાઈટ ટુ મેચ (RTM) કાર્ડનો ઉપયોગ કરીને દીપ્તિ શર્માને ટીમમાં સામેલ કર્યા. ગયા સીઝન સુધી તેમનો પગાર રૂ.2.6 કરોડ હતો, અને આગામી સીઝનથી તે વધીને રૂ.3.2 કરોડ થશે. યુપી વોરિયર્સે તેમને તેમના બેઝ પ્રાઈસના છ ગણા ભાવે ખરીદ્યા છે.

### સ્મૃતિ મંધાના બાદ WPLની સૌથી મોંઘી ખેલાડી બની દીપ્તિ

મહિલા પ્રીમિયર લીગ 2026ની હરાજી માટે દીપ્તિને લઈને દિલ્હી કેપિટલ્સ અને યુપી વોરિયર્સ વચ્ચે જોરદાર મુકાબલો થયો હતો, પરંતુ યુપી વોરિયર્સે યોગ્ય સમયે RTMનો ઉપયોગ કરીને દીપ્તિને તેના ગ્રુપમાં પાછી બોલાવી લીધી હતી. આ હરાજી બાદ દીપ્તિ, સ્મૃતિ મંધાના બાદ WPLના ઈતિહાસની બીજી સૌથી મોંઘી ખેલાડી બની ગઈ છે અને મહિલા ક્રિકેટમાં તેને પોતાના છબી એક કમ્પલીટ અને પ્રભાવશાળી ખેલાડી તરીકે વધુ મજબૂત કર છે.

### માર્કી ખેલાડીઓની પહેલી યાદી

WPL 2026 ની હરાજી માટે માર્કી ખેલાડીઓની પહેલી યાદી બહાર પાડવામાં આવી હતી. આઠ ખેલાડીઓમાંથી સાત ખેલાડીઓ પર બોલી લગાવવામાં આવી હતી. ઓસ્ટ્રેલિયન કેપ્ટન એલિસા હીલી અનસોલ્ડ રહી. આ દરમિયાન ન્યુઝીલેન્ડની સોફી ડિવાઇનને ગુજરાત જાયન્ટ્સે રૂ.2 કરોડમાં, દીપ્તિને યુપી વોરિયર્સે રૂ.3.2 કરોડમાં, અમેલિયા કરને મુંબઈ ઇન્ડિયન્સે રૂ.3 કરોડમાં અને રેણુકા સિંહને ગુજરાત જાયન્ટ્સે રૂ.60 લાખમાં ખરીદ્યા હતા.

# ભારતીય બ્લાઇન્ડ મહિલા ટીમે T-20 વર્લ્ડ કપનો ખિતાબ જીત્યો

**નવીદિલ્હી**

ભારતીય મહિલા બ્લાઈન્ડ ટીમે T20 વર્લ્ડ કપનો ખિતાબ જીતી લીધો છે. ભારતીય ટીમે કોલંબોના પી સારા ઓવલમાં રમાયેલી ફાઈનલ મેચમાં નેપાળને 7 વિકેટથી હરાવ્યું. આ ટુર્નામેન્ટનું આયોજન પહેલીવાર થયું હતું અને ભારતે આ વૈશ્વિક ટુર્નામેન્ટને જીતવામાં સફળતા મેળવી. ભારતે નેપાળને 5 વિકેટ પર 114 રન પર રોકી દીધું હતું. જેના જવાબમાં ભારતીય ટીમે 12 ઓવરમાં 3 વિકેટ પર 117 રન બનાવીને ટાર્ગેટ હાંસલ કરી લીધો.

ભારતીય મહિલા બ્લાઈન્ડ ટીમે ફાઈનલમાં એવો દબદબો બનાવ્યો કે નેપાળની ટીમ પોતાની ઈનિંગમાં માત્ર એક બાઉન્ડ્રી જ ફટકારી શકી. ભારત માટે ફાઈનલમાં સૌથી વધુ રન ફુલા સારેને બનાવ્યા. તે 44 રન બનાવીને અણનમ રહી. ભારતે સેમી ફાઈનલમાં ઓસ્ટ્રેલિયાને હરાવ્યું હતું, જ્યારે નેપાળે પાકિસ્તાનને હરાવીને ફાઈનલમાં જગ્યા બનાવી હતી.

આ ટુર્નામેન્ટની સહ-મેજબાન શ્રીલંકાએ શરુઆતમાં પાંચમાંથી માત્ર એક મેચ જીતી શક્યું હતું. ટીમે અમેરિકાને હરાવ્યું હતું. પાકિસ્તાનની મેહરીન અલી 6 ટીમો વચ્ચે રમાયેલી આ ટુર્નામેન્ટમાં સૌથી વધુ રન બનાવનારી બેટર રહી.

# ICCએ T20 વર્લ્ડ કપ 2026નું શેડ્યૂલ જાહેર કર્યું ભારત-પાકિસ્તાન વચ્ચે 15 ફેબ્રુઆરીએ રમાશે મેચ

**દુબઈ**

T20 વર્લ્ડ કપ 2026ની શરૂઆત 7 ફેબ્રુઆરીથી થશે. ટુર્નામેન્ટની પહેલી મેચ પાકિસ્તાન અને નેધરલેન્ડ્સ વચ્ચે રમાશે. બંને સેમિફાઈનલ માટેના સ્થળો પણ નક્કી કરવામાં આવ્યા છે. પહેલી સેમિફાઈનલ કોલકાતામાં અને બીજી કોલંબોમાં રમાશે. ભારત અને શ્રીલંકા સંયુક્ત રીતે T20 વર્લ્ડ કપનું આયોજન કરશે.

ફાઈનલ 8 માર્ચે અમદાવાદના નરેન્દ્ર મોદી સ્ટેડિયમમાં રમાશે. જો પાકિસ્તાન ફાઈનલમાં પહોંચે છે, તો ટાઈટલ મેચ કોલંબોમાં




રમાશે. ભારત-પાકિસ્તાન વચ્ચે 15 ફેબ્રુઆરીએ રમાશે મેચ

T20 વર્લ્ડ કપ 2024ની જેમ, આગામી વર્લ્ડ કપમાં 20 ટીમો ભાગ લેશે. ભારત અને પાકિસ્તાનને એક જ ગ્રુપમાં રાખવામાં આવ્યા છે. ભારત-પાકિસ્તાન મેચ 15 ફેબ્રુઆરીએ કોલંબોમાં રમાશે. ગત વખતની જેમ, આઠ ટીમો સુપર 8 સ્ટેજમાંથી સેમિફાઈનલ અને પછી ફાઈનલમાં જશે.

ભારતના ગ્રુપમાં કોણ છે?

ભારત, પાકિસ્તાન, યુએસએ, નેધરલેન્ડ અને નામીબિયા એક જ ગ્રુપમાં ડ્રો થયા છે. ભારત તેની પહેલી મેચ 7 ફેબ્રુઆરીએ મુંબઈમાં યુએસએ સામે રમશે. જણાવી દઈએ કે, રોહિત શર્મા ભારત અને શ્રીલંકામાં આગામી T20 વર્લ્ડ કપ માટે ટુર્નામેન્ટ એમ્બેસેડર છે.

# બ્રિટનમાં કાયદેસર તેમજ ગેરકાયદે રહેતાં વસાહતીઓમાં આશરે 67%થી વધુ ઘટાડો

## નવા વસાહતીઓમાં જૂન સુધીમાં જ 2 લાખ 4 હજાર જેટલો ધરખમ ઘટાડો થયો

**લંડન**

બ્રિટનના રાજકારણમાં વિદેશોમાંથી અને ખાસ કરીને કોમન વેલ્થ કંટ્રીઝમાંથી આવીને વસેલા વસાહતીઓનો પ્રશ્ન છેલ્લા કેટલાયે વર્ષોથી ચર્ચાસ્પદ બની રહ્યો છે. ગેરકાયદેસર તો ઠીક હવે કાયદેસરના વસાહતીઓ પણ બ્રિટન માટે મુશ્કેલીરૂપ બની રહ્યા છે. તેથી રાજકીય ચર્ચાઓમાં તે મુદ્દો કેન્દ્ર સ્થાને આવી ગયો છે. માટે સરકારે હવે તે માટે કઠોર નિયમો વધુ કડક બનાવ્યા છે. નીગેલ ફરાન્ગીઝનાં લોકપ્રિય પગલાઓનો, લેબર ગવર્નમેન્ટ સખતનો સામનો કરી રહી છે. લેબર પાર્ટી એન્ટી-માઈગ્રેશન નીતિ ઉપર તો વિજયી બની છે અને અત્યારે પણ ઓપિનિયન પોલ્સમાં તે ડબલ-ડીજીટ (બે આંકડા)થી આગળ છે.

પહેલા ઓફિસ ફોર નેશનલ સ્ટેટિસ્ટિકસ ગત સપ્તાહે જણાવ્યું હતું કે માર્ચ ૨૦૨૩માં પૂરા થયેલા ૧૨ મહિનામાં ૯,૪૪,૦૦૦ જેટલી સૌથી વધુ સંખ્યા (વસાહતીઓની) દર્શાવાઈ હતી. પરંતુ ગત સપ્તાહે અંદાજ સુધારવામાં આવ્યા છે. જે પ્રમાણે તે સંખ્યા ઘટીને ૩,૪૪,૦૦૦ જેટલી ૨૦૨૪માં થઈ હતી. એટલે કે કાયદેસર અને ગેરકાયદે તેમ બંને પ્રકારના વસાહતીઓમાં આશરે ૬૬-૬૭ ટકાનો ઘટાડો થયો છે. આટલા મોટા ઘટાડા છતાં જનતા વસાહતીઓનો પ્રશ્ન મુખ્ય પ્રશ્ન માને છે. જ્યારે બ્રિટિશ ફ્યુચર-થિંક-ટેન્ક જણાવે છે કે, બ્રિટિશરોની ચિંતા નાની હોડીઓ દ્વારા ફાંસમાંથી આવીને ઘૂસી જતા ગેરકાયદે વસાહતીઓની છે.

# પૂર્વ PM ઈમરાન ખાનનું જેલમાં મોત થયાની અફવાથી પાકિસ્તાનમાં તણાવ

**ઈસ્લામાબાદ**

પાકિસ્તાનના પૂર્વ વડાપ્રધાન, પાકિસ્તાન પીટીઆઈના સંસ્થાપક અને ક્રિકેટના મહાન ખેલાડી ઈમરાનખાનનું મોત થઈ ગયું હોવાની અફવા સોશિયલ મીડિયા પર અફવા ચાલી રહી છે. અફઘાનિસ્તાન સ્થિત એક મીડિયા આઉટલેટે ઈમરાનખાનના મોતના સમાચાર પ્રસારિત કર્યા, ત્યાર પછી નેટિજન્સ એક્સ અને અન્ય સોશિયલ મીડિયા પ્લેટફોર્મ પર આ સમાચાર ઝડપથી વાયરલ થવા માંડ્યા છે. ઈમરાનખાનના મોતને લઈને ત્રણ થિયરીઓ સામે આવી છે. આ પૈકી તેમને જેલમાં ઝેર આપ્યું છે? બીમાર થયા છે? ગુપ્ત રીતે બીજી જેલમાં શિફ્ટ કરાયા છે? જોકે, પાકિસ્તાનની સરકારે તમામ થિયરીઓને અફવા ગણાવી છે. પરંતુ ઈમરાનના પરિવારજનોની ચિંતાઓ અને બહેનોને મુલાકાતની મંજૂરી ન આપવાને કારણે શંકા વધુ મજબૂત થઈ છે.

આ દરમિયાન, ઈમરાનખાનની ત્રણ બહેનો - નૂરીનખાન, અલીમા ખાન અને ઉસ્માખાને દાવો કર્યો છે કે કોર્ટની મંજૂરી હોવા છતાં ત્રણ સપ્તાહથી પોતાના ભાઈની મુલાકાત થઈ રહી નથી. એટલું જ નહીં, પરિવારની સભ્યો સાથે-સાથે તેમના વકીલ પણ ઈમરાનખાનને મળી શકતા નથી.

# યુકેમાં મેન્સન ટેક્સનું ટેન્શન, 26 અબજ પાઉન્ડથી વધુ વેરા લદાયા

## અબજોપતિઓએ ટેક્સના ડરથી બ્રિટન છોડવા માંડ્યું

**લંડન**

તાજેતરમાં જ સમાચાર હતા કે અબજપતિ લક્ષ્મીપતિ મિત્તલે મેન્સન ટેક્સના ટેન્શનને લઈને યુકે છોડી દીધું હોવાના સમાયાર હતા. હવે યુકેની નાણા પ્રધાન રાચેલ રીવ્ઝના બજેટમા ૨૬ અબજ પાઉન્ડથી પણ વધુ રકમના નવા વેરા ઝીંકવામાં આવ્યા છે. આ બજેટમાં પ્રોપર્ટીઓ પર સરચાર્જ લાદવામાં આવ્યો છે અને ઓનલાઈન ગેમ્બલિંગ પરનો ટેક્સ વધારવામાં આવ્યો છે.

યુકેની નાણાપ્રધાન રાચેલ રીવ્સે રજૂ કરેલા બજેટમાં કારોબારો માટે કોર્પોરેટ ટેક્સ ૨૫ ટકા રાખ્યો છે. તેની સાથે યુકેમાં કારોબાર કરનારા માટે કેટલાક પ્રોત્સાહનોની જાહેરાત પણ કરવામાં આવી છે. આ ઉપરાંત તેમણે એનર્જી બિલ્માં ૧૫૦ પાઉન્ડનો ઘટાડો કરવાની, રેલ્વે ભાડું સ્થગિત કરવાની અને કુટુંબો માટે બે બાળકોની ટોચમર્યાદા નાબૂદ કરીને હજારો બાળકોને ગરીબીમાંથી બહાર કાઢવાનું પગલું લીધું છે.

# રશિયાનો યુક્રેન પર હુમલો, 6નાં મોત : વીજળી, પાણી પુરવઠો ખોરવાયો, હીટ સિસ્ટમમાં અવરોધ

## રશિયાએ કરેલા હુમલામાં 22 મિસાઇલો અને 460 જેટલા ડ્રોન છોડયા હતાં

**કીવ**

રશિયાએ સમગ્ર રાત યુક્રેનની રાજધાની કીવની ઈમારતો અને એનર્જી ઈન્ફ્રાસ્ટ્રકચર પર કરેલા હુમલામાં ઓછામાં ઓછા છ લોકોનાં મોત થયા છે. બીજી તરફ યુક્રેને કરેલા હુમલામાં દક્ષિણ રશિયામાં ત્રણ લોકોનાં મોત થયા છે અને મકાનોને નુકસાન થયું છે તેમ સત્તાવાળાઓએ એક નિવેદનમાં જણાવ્યું છે.



એક અમેરિકન અધિકારીએ પત્રકારોને જણાવ્યું હતું કે આર્મી સેક્રેટરી ડેન ડ્રિસ્કોલે અબુ ધાબીમાં રશિયન અધિકારીઓ સાથે કલાકો સુધી મંત્રણા કરી હતી. ઉલ્લેખનીય છે કે ડ્રિસ્કોલ બે સપ્તાહથી પણ ઓછા સમય પહેલા ઝેલેન્સ્કીએ ટેલિગ્રામ પર જણાવ્યું હતું કે રશિયાએ સમગ્ર કરેલા હુમલામાં ૨૨ મિસાઈલો અને ૪૬૦ ડ્રોન છોડયા હતાં. આ હુમલાઓને કારણે કીવનાં કેટલાક વિસ્તારોમાં પાણી અને વીજળી પુરવઠો ખોરવાઈ ગયો હતો. જેના કારણે શહેરની હીટ સિસ્ટમમાં પણ અવરોધ ઉભો થયો હતો.

# ઈથોપિયામાં 12 હજાર વર્ષ પછી હેલી ગુબ્બી જ્વાળામુખી ફાટ્યો, અનેક દેશોમાં રાખ પ્રસરી

**અડીસ અબાબા**

ઈથોપિયાનો હેલી ગુબ્બી જ્વાળામુખી ૧૨,૦૦૦ વર્ષ પછી અચાનક જ ફાટયો હતો. આ વિસ્ફોટથી રાખ અને સલ્ફર ડાયોક્સાઈડના વાદળ ૧૫ કિ.મી.ની ઊંચાઈ સુધી પહોંચી લાલ સાગર પાર કરી યમન તથા ઓમન સુધી ફેલાયા હતા. જોકે, મંગળવારે આખો દિવસ ઈથોપિયાથી ૪૩૦૦ કિ.મી. દૂર ગુજરાતથી રાજસ્થાન, દિલ્હી, ઉત્તર પ્રદેશ સુધી પશ્ચિમ ભારતના આકાશમાં જ્વાળામુખીની રાખનું સામ્રાજ્ય છવાયેલું રહ્યું હતું અને મંગળવારે રાતે ચીન તરફ આગળ વધી ગઈ હતી. જ્વાળામુખીની રાખના કારણે ભારતમાં ૧૯થી વધુ ફ્લાઈટ પર અસર થઈ હતી, પરંતુ રાહતની વાત એ છે કે જ્વાળામુખી ફાટવાથી કોઈ જાનહાની થઈ નથી.



# ઇન્ડોનેશિયાના સુમાત્રા ટાપુના એસેહ પ્રાંતમાં 6.6ની તીવ્રતાનો ભૂકંપ નોંધાયો

**જાકાર્તા**

ઈન્ડોનેશિયાના સુમાત્રા ટાપુના એસેહ પ્રાંતમાં આજે ગુરૂવારે ૬.૬નો ધરતીકંપ થયો હતો. આ માહીતી આપતા નેશનલ સેન્ટર ફોર સીસ્મોલોજી (એનસીએસ) જણાવે છે કે, આ ધરતીકંપનું કેન્દ્ર હિન્દ મહાસાગરમાં માત્ર ૧૦ કિ.મી.ની ઉંડાઈએ હતું. જો કે હજી સુધી તેથી સુનામીની કોઈ ચેતવણી અપાઈ નથી કે જાન-માલની નુકસાનીના કોઈ સમાચાર મળ્યા નથી. તેનું એક કારણ તે હોઈ શકે કે, આ ધરતીકંપ સુમાત્રા ટાપુના દક્ષિણ પશ્ચિમ ભાગે થયો હતો. ત્યાં ખાસ માનવ વસ્તી જ નથી.

ઈન્ડોનેશિયા પેસિફિક મહાસાગર ફરતી રિંગ ઓફ ફાયર ફાયરના લંબાયેલા ભાગમાં આવેલું છે. આ રિંગ ઓફ ફાયર દ.ચીલીથી શરૂ કરી ત્યાંથી પેરૂ, પેરૂ થી મેક્ષિકો, પશ્ચિમ યુએસ અને કેનેડા, આલાસ્કા થઈ પૂર્વ રશિયા થી જાપાન ત્યાંથી નીચે ઉતરી ઈન્ડોનેશિયા તરફ લંબાઈ છે. ત્યાંથી તે ઓસ્ટ્રેલિયા અને ન્યુઝીલેન્ડ સુધી જાય છે. ઉલ્લેખનીય તે છે કે ઈન્ડોનેશિયામાં છેલ્લા કેટલાય દિવસથી સતત ભારે વરસાદ પડે છે તેથી ભૂ-સ્ખલન અને પૂરો આવે છે. માર્ગો નદીઓમાં ફેરવાઈ ગયા છે, તેથી વૃક્ષો પડી ગયાં છે.

# અફઘાનિસ્તાનમાં તાલીબાન સરકારનું આકરું વલણ, પાક. માટે એરસ્પેસ બંધ કર્યું

**વોશિંગ્ટન**

અફઘાનિસ્તાને પાકિસ્તાન સામે પોતાનું આકરું વલણ અપનાવ્યું છે. તાલિબાન સરકારે અચાનક તેનું એરસ્પેસ બંધ કરી દીધું છે, જેનાથી પાકિસ્તાન માટે નો-એન્ટ્રી ઝોન બનાવવામાં આવ્યો છે. આ નિર્ણયની સીધી અસર પાકિસ્તાન જતી અને જતી ફ્લાઈટ્સ પર પડશે.

અફઘાન સરકારે પાકિસ્તાની વિમાનો અને ટ્રાન્ઝિટ ફ્લાઈટ્સ માટે તેનું એરસ્પેસ અસ્થાયી રૂપે બંધ કરી દીધું છે. આનાથી ઘણી PIA ફ્લાઈટ્સ રદ કરવાની ફરજ પડી છે. આંતરરાષ્ટ્રીય કાર્ગો અને હજ રૂટ સૌથી વધુ પ્રભાવિત થશે. તાલિબાને આ માટે કોઈ સ્પષ્ટ કારણ આપ્યું નથી, પરંતુ દાવો કર્યો છે કે તે પાકિસ્તાનના અફઘાનિસ્તાન પર તાજેતરના હુમલાઓનો જવાબ છે.

# ગિની-બિસાઉમાં તખ્તાપલટ! સેનાનો સત્તા પર કબજો, બોર્ડર સીલ, રાષ્ટ્રપ્રમુખ પણ ગુમ

## સેનાએ તાત્કાલિક અસરથી ચૂંટણી પ્રક્રિયા સ્થગિત કરી દીધી

**બિસાઉ**

વધુ એક આફ્રિકન દેશમાં તખ્તાપલટ થયું છે. જેમાં પશ્ચિમ આફ્રિકાના નાનો પણ રાજકીય રીતે અસ્થિર દેશ ગિની-બિસાઉમાં બુધવારે (26 નવેમ્બર) અચાનક મોટું સંકટ ઉભુ થયું છે. લશ્કરી અધિકારીઓએ જાહેરાત કરી કે, તેમણે સરકારનો 'સંપૂર્ણ નિયંત્રણ' સ્થાપિત કરી લીધો છે. સેનાએ તાત્કાલિક અસરથી ચૂંટણી પ્રક્રિયા સ્થગિત કરી દીધી અને દેશની આંતરરાષ્ટ્રીય સરહદો બંધ કરવાનો આદેશ આપ્યો છે.

રાષ્ટ્ર પ્રમુખ અને સંસદની ચૂંટણી પછી સમગ્ર મામલો ઉભો થયો છે રાજધાની બિસાઉમાં રાષ્ટ્રપતિ ભવનની પાસે બપોરના સમયે ભારે ગોળીબાર થયો હતો. આ પછી સેનાના જવાનો દ્વારા આ વિસ્તારને કોર્ડન કરી લેવામાં આવ્યો હતો. ઘણા નાગરિકો ગભરાટમાં શહેર છોડીને પગપાળા અને વાહનોમાં જતા જોવા મળ્યા હતા. સ્થાનિક મીડિયા અહેવાલ મુજબ, સેનાના જવાનોએ મુખ્ય રસ્તાઓ પર બેરિકેડ ઉભા કર્યા હતા, જેનાથી ટ્રાફિક અવરોધાયો હતો. રાષ્ટ્રપતિ મહેલ અને આસપાસના વિસ્તારોમાં સુરક્ષા દળો તૈનાત કરવામાં આવ્યા હતા.

# ચીન સાત કલાકમાં જ આખી પૃથ્વીનું ચક્કર લગાવે તેવું પેસેન્જર પ્લેન બનાવશે

**બેઈજિંગ**

પેસેન્જર વિમાનનો યુગ ક્રાંતિકારી પરિવર્તનના આરે ઊભો છે. એક સમયે સુપરસોનિક પ્લેનના આધારે વૃદ્ધિનો મદાર રાખતો આ ઉદ્યોગ હવે સુપર સોનિક ટેકનોલોજીને બાયપાસ કરીને સીધો હાઈપર સોનિક પ્લેનની ટેકનોલોજી વિકસાવવામાં લાગી ગયો છે. આ જ દિશામાં આગળ વધતા ચીન હાઈપર સોનિક વિમાન પ્રવાસની શિકલ પલટી નાંખે તેવું ૧૬ મેકની ઝડપે ઉડી શકે તેવું વિમાન યુનશિંગ બનાવી રહ્યું છે. સાત કલાકમાં પૃથ્વીની ફરતે આંટો મારવા સક્ષમ આ વિમાન સાકાર થતાં જ લાંબા અંતરના વિમાની પ્રવાસમાં એક પ્રકારની ક્રાંતિ આવી જશે. આ સાકાર થશે તો લંડનથી ન્યુયોર્ક આઠ કલાકને બદલે દોઢ કલાકમાં જ પહોંચી શકાશે.

# UN કાર્યાલયમાં દિવાળી ઉજવાઈ, સાર્વત્રિક સુખાકારી માટે પ્રાર્થના

## વિશ્વમાં માનવતા કાજે BAPS દ્વારા થતાં કાર્યોની પ્રશંસા, મહંત સ્વામી મહારાજનુ વીડિયો પ્રેઝન્ટેશન, સૌને ભલાઇનો દીવો બનવા અનુરોધ કરાયો







**વિયેનામ**

બાપ્સ સ્વામિનારાયણ સંસ્થા દ્વારા સંયુક્ત રાષ્ટ્રમાં ભારતના કાયમી મિશનના સહયોગથી સંયુક્ત રાષ્ટ્ર કાર્યાલય ખાતે સાંસ્કૃતિક અને સ્મારક દિવાળી ઉજવણીનું આયોજન કર્યું હતુ. બુધવાર, ૧૨ નવેમ્બર ૨૦૨૫ના રોજ વિયેનામાં સંયુક્ત રાષ્ટ્ર કાર્યાલય ખાતે યોજાયેલા કાર્યક્રમમાં અફઘાનિસ્તાન, ઈજિપ્ત, ભારત, ઈન્ડોનેશિયા, કેન્યા, મલેશિયા, મ્યાનમાર, સિંગાપોર, થાઈલેન્ડ અને યુનાઈટેડ સ્ટેટ્સ ઓફ અમેરિકાના કાયમી મિશનના રાજદ્વારીઓ અને મહાનુભાવો હાજર રહ્યા હતા.

અહીં ઓસ્ટ્રેલિયા, ઑસ્ટ્રિયા, ફ્રાન્સ, જર્મની, નેધરલેન્ડ્સ, ન્યુઝીલેન્ડ, પોર્ટુગલ, સ્વીડન અને યુનાઈટેડ કિંગડમના બાપ્સ પ્રતિનિધિઓનું પણ સ્વાગત કરવામાં આવ્યું હતું, જે ફેલોશિપની વૈશ્વિક પહોંચ અને ંગદ પરિવાર સાથે તેની સતત ભાગીદારીને પ્રતિબિંબિત કરે છે.

બાપ્સ સ્વામીઓ અને યુવાનોએ સાર્વત્રિક શાંતિ અને સુખાકારી માટે પરંપરાગત વૈદિક પ્રાર્થના સાથે કાર્યક્રમની શરૂઆત કરી હતી. જે બાદ ટૂંકા વીડિયોમાં અનિષ્ટ પર સારાના વિજયના શાશ્વત સંદેશને રજૂ કરવામાં આવ્યો હતો. ત્યારબાદ મહેમાનો અને મહાનુભાવોએ વિધિવત દીપ પ્રગટાવ્યા હતા. સ્મારક વિભાગે ઓગસ્ટ ૨૦૦૦ માં જનરલ એસેમ્બલી હોલમાં મિલેનિયમ વર્લ્ડ પીસ સમિટ - સંયુક્ત રાષ્ટ્રમાં આપેલું પહેલું ગુજરાતી ભાષણના ઐતિહાસિક ક્ષણને યાદ કરી

ખાસ તૈયાર કરાયેલા એક વિડીયોમાં પરસ્પર આદર અને વ્યક્તિગત જવાબદારી પર આધારિત શાંતિ માટેના તેમના આહવાનને ફરીથી રજૂ કરવામાં આવ્યું હતું, બાપ્સ અને યુરોપની આરોગ્યસંભાળ સેવાઓના અગ્રણી સ્વયંસેવક ડૉ. માર્કંડ પટેલે, સંયુક્ત રાષ્ટ્રના વિવિધ ઉદ્દેશ્યોને આગળ વધારવામાં છેલ્લા ત્રણ દાયકામાં બાપ્સ દ્વારા થયેલા કાર્ય અંગે ચિતાર રજૂ કરાયો હતો. ભારતના કાયમી મિશનના કાઉન્સેલર વિક્રમ જીત દુગ્ગલે મુખ્ય ભાષણ આપ્યું, જેમાં દિવાળી, બાપ્સ અને ંગદ ના સહિયારા સિદ્ધાંતોની પ્રશંસા કરાઈ હતી. તેમણે ખાસ કરીને શાંતિ નિર્માણ અને સંવાદિતાના પ્રમુખ સ્વામી મહારાજના વારસાને ચાલુ રાખવામાં મહંત સ્વામી મહારાજના નેતૃત્વની પ્રશંસા કરી હતી. પ્રતિષ્ઠિત મહેમાનોમાં, યુએનની આંતરરાષ્ટ્રીય પરમાણુ ઊર્જા એજન્સી (છઈછ) ના સહાયક મહાનિર્દેશક અને કાનૂની સલાહકાર પેરી લીન જોહન્સનએ શાંતિપૂર્ણ અને સુરક્ષિત સમાજોને આકાર આપવા માટે નૈતિક સ્પષ્ટતા અને માનવ જવાબદારીની જરૂરિયાત પર પ્રકાશ પાડયો હતો. તેમણે ખાસ કરીને *દિવાળીના ઉત્થાનકારી થીમ્સ ની પ્રશંસા કરી, ઉમેર્યું કે, *બાપ્સ અહીં દિવાળી ઉજવે છે તે યોગ્ય છે, જે વિયેનામાં યુએન સમુદાયને એકસાથે લાવે છે. ભૂતપૂર્વ વરિષ્ઠ જાપાની સરકારી અધિકારી યાસુનાગાએ બાપ્સ ને ઈર્ઝંજીંઝ સાથે તેના ૨૫ વર્ષના જનરલ કન્સલ્ટેટિવ સ્ટેટસ બદલ અભિનંદન આપ્યા હતા, પેરિસમાં બુસી-સેન્ટ-જ્યોર્જિસના મેયર યાન ડુબોસ્કે એક રેકોર્ડ કરેલા સંદેશમાં, પેરિસમાં આગામી બાપ્સ સ્વામિનારાયણ હિન્દુ મંદિર દ્વારા યુરોપમાં આંતરધર્મ અને બહુસાંસ્કૃતિક સમજણને પ્રોત્સાહન આપવામાં બાપ્સ ની વધતી ભૂમિકાનો ઉલ્લેખ કર્યો હતો. બાપ્સ હિન્દુ મંદિર અબુ ધાબી અને બાપ્સ આંતરરાષ્ટ્રીય સંબંધોના વડા બ્રહ્મવિહારીદાસ સ્વામીએ ભાગીદારી દ્વારા શાંતિ થીમ પર પ્રવચન કર્યું હતુ. જેમાં સહિયારા મૂલ્યો, નિ:સ્વાર્થ સેવા અને ખુલ્લા દિલના સહયોગની વાતો રજૂ કરાયઈ હતી.

**કાર્યક્રમમાં અફઘાનિસ્તાન, ઇજિપ્ત, ભારત, ઇન્ડોનેશિયા, કેન્યા, મલેશિયા, મ્યાનમાર, સિંગાપોર, થાઇલેન્ડ અને યુનાઇટેડ સ્ટેટ્સ ઓફ અમેરિકાના કાયમી મિશનના રાજદ્વારીઓ અને મહાનુભાવો હાજર રહ્યા**


તેમણે સમજાવ્યું, જેમ સૂર્યપ્રકાશ સાથે ભાગીદારી આપણને સૌર ઉર્જા આપે છે, અને પાણી સાથે ભાગીદારી આપણને જળ ઉર્જા આપે છે, તેમ એકબીજા સાથે ભાગીદારી કરવાથી વધુ માનવ ઉર્જા મળે છે. કાર્યક્રમના અંતે મહંત સ્વામી મહારાજનુ વીડિયો પ્રેઝન્ટેશન થયું હતુ. જેમાં તેમણે દરેકને *આપણી આસપાસની દુનિયાને પ્રકાશિત કરનાર ભલાઈનો દીવો બનવા માટે સૌને પ્રોત્સાહિત કર્યા હતા અને પછી પ્રાર્થના કરી હતી. બાપ્સ બાહ્ય સંબંધો (યુકે અને યુરોપ) ના વડા, રીના અમીને પ્રતિનિધિઓનો આભાર માનીને કાર્યવાહીનું સમાપન કર્યું હતું.



# CLUB CERAMIC

**Porcelain Tiles : Premium Quality and Best Price**

- Porcelain & Ceramic tiles at Direct factory price
- Price match guarantee + we will beat price with additional 5% discount
- Tiles available for Floor, Wall and Outdoor Parking



TILES • BACKSPLASH • LAMINATE • VINYL • HARDWOOD

**MONTREAL**
225 Rue Ness, Saint-Laurent, QC H4T 1A7, Canada
Phone: +1-514-813-3850 / +1-514-260-2242

**OTTAWA**
Unit #4+5, 200 Colonnade Road, Nepean, ON, K2E 7M1
+1-613-601-1474

**MISSISUAGA**
5030 Maingate Drive, Unit#1, Mississauga, L4W 1X5
Phone: +1 (647) 527-6030 / +1-514-813-3850

**CAMBRIDGE**
15 Sheldon Dr, Cambridge, ON N1R 6R8
+1-647-394-6030 / +1-647-406-1972

https://clubceramic.com Email : sales@clubceramic.com




## હવે પ્રાથના હોલ અને સ્મશાન ઘર એકજ સ્થળે

*Chapel Ridge*
*Funeral Home & Cremation Centre*

*in partnership with*

*North Toronto*
*Crematorium Inc.*






**Vilo**
Licensed Funeral Director
(416) 993-0826



**Harjinder**
Licensed Funeral Director
(647) 966-0093



**Christeen**
Licensed Funeral Director
(416) 258-6759



**Kirti**
Licensed Funeral Preplanner
(416) 417-0182

**Complete Funeral Package Pricing $4395.00** *Includes HST*
GUARANTEED LOWEST PRICE

- Same Day Funeral Service with 1 hour visitation prior to service, including all professional fees and preparation
- Batesville Grey Doeskin Casket
- Cremation and Witnessing Fee at North Toronto Crematorium or St John's Dixie Crematorium in Mississauga
- Coroner, Death Registration and BAO Fee

*Not included: Flowers, Limousines, Clergy or Musician Fees, Urns*

Facilities also available in Mississauga




2 Stalwart Industrial Drive, Gormley
(close to Highway 404 and Stouffville Road)

*Newly built large Chapel with Crematorium on-site - everything in one place!*

8911 Woodbine Ave., Markham (4 blocks north of Hwy 7)
info@chapelridgefh.com • www.chapelridgefh.com
**905-305-8508**

info@northtorontocrematorium.com
www.northtorontocrematorium.com
**289-578-1288**